પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 11 October, 2019 Vol. 15, No. 41 Pages 30+10 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news











# દક્ષિણ પશ્ચિમ ઓન્ટેરિયોમાં વાહનને અકસ્માત થતાં ત્રણ નાગરિકોના મોત

- કારમાં સવાર મુસાફરોએ સીટ બેલ્ટ બાંધ્યા ન હોવાનું તારણ



ડાઉન યૂફોમિયા ટાઉનશીપ : શુક્રવારે ઓન્ટેરિયો રાજ્યની પોલીસે જણાવ્યું હતું કે, શુક્રવારે વહેલી સવારે દક્ષિણ પશ્ચિમ ઓન્ટેરિયોમાં એક વાહનને નડેલા અકસ્માતમાં ત્રણ જણના મોત થયાં હતાં. લેમ્બટનના ઓપીપીએ જણાવ્યું હતું કે, આ બનાવ સવારે ૧.૩૦ કલાકે ડાઉન યૂફોમિયા ટાઉનશીપમાં ઓઈલ હેરિટેજ રોડ ખાતે બન્યો હતો. તપાસ કરનાર અધિકારીએ જણાવ્યું હતું કે, જે ત્રણ મુસાફરો વાહન અકસ્માતમાં માર્યા ગયાં હતા. તેમણે સીટ બેલ્ટ્સ બાંધ્યાં નહતા.

સાવચેતીના પગલાં તરીકે ડ્રાઈવરને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હાલ તુરંત બીજા કોઈ નામોની યાદી જાહેર કરવામાં આવી નથી. પોલીસે જણાવ્યું હતું કે, આ અકસ્માત કેવી રીતે બન્યો છે તે હજુ જાણી શકાયું નથી.







Super Visa/ Visitor to Canada Insurance

Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations
GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE

BHUPENDRA N. RAVAL
Barrister, Solicitor & Notary Public
REAL ESTATE
RESIDENTIAL, COMMERCIAL & REFINANCING
CRIMINAL
ASSAULT & OTHER OFFENCES
IMMIGRATION
FAMILY SPONSORSHIP, PR & CITIZENSHIP
DOCUMENTS NOTARIZATION
Tel: (416) 296-7200 Fax: (416) 296-7201
1200 Markham Road, Suite 118, Scarborough, ON, M1H 3C3
Email: ravallawyer@gmail.com

FRIDAY, 11 October, 2019 Vol. 15, No. 41 Pages 30+10 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## પહેલીવાર ૧૦૦ કરોડથી વધુ લોનના ડિફોલ્ટરોની સંખ્યા જાહેર, દરેકની ૪૨૪ કરોડની લોન બાકી

# ૩ વર્ષમાં ૧.૭૬ લાખ કરોડની લોન માંડવાળ

**• દેશની સૌથી મોટી સરકારી બેન્ક એસબીઆઈએ ૩૧ માર્ચ ૨૦૧૯ સુધી ૨૨૦ ડિફોલ્ટરોની ૭૬,૬૦૦ કરોડની લોન રાઈટ ઓફ કરી**

નવી દિલ્હી : છેલ્લા ૩ વર્ષમાં ભારતીય બેન્કિંગ સિસ્ટમે ૪૧૬ ફોલ્ટર્સની નોનપર્ફોર્મિંગ લોનના એકાઉન્ટમાં રૂપિયા ૧.૭૬ લાખ કરોડ ગુમાવ્યા છે. દરેક લોન ડિફોલ્ટરની રૂપિયા ૧૦૦ કરોડ કે તેથી વધુની લોન માંડવાળ કરી દેવાઈ છે. સરેરાશ જોઈએ તો દરેક ડિફોલ્ટરની રૂપિયા ૪૨૪ કરોડની લોનને બેડ લોન જાહેર કરાઈ છે. પહેલીવાર ઓછામાં ઓછા રૂપિયા ૧૦૦ કરોડ કરતાં વધુના ડિફોલ્ટરોની યાદી બહાર આવી છે. સીએનએન-ન્યૂઝ ૧૮ દ્વારા શ્રેણીબદ્ધ આરટીઆઇ અરજીઓના જવાબમાં આ માહિતી પ્રાપ્ત થઈ હતી.

આરટીઆઇના જવાબ અનુસાર ૨૦૧૪-૧૫થી દેશમાં સરકારી અને ખાનગી બેન્કો દ્વારા માંડવાળ કરાયેલી લોનની રકમમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૧૫ અને ૨૦૧૮ વચ્ચે શિડયુલ્ડ કોર્મિશયલ બેન્કો દ્વારા કુલ રૂપિયા ૨.૧૭ લાખ કરોડની લોન બેડ લોન તરીકે માંડવાળ કરાઈ હતી. આંકડા દર્શાવે છે કે, ૧૦૯ ડિફોલ્ટરોની રૂપિયા ૪૦,૭૯૮ કરોડની લોન માંડવાળ કરાઈ હતી. ૩૧ માર્ચ ૨૦૧૬ સુધીમાં આ સંખ્યા વધીને ૧૯૯ પર પહોંચી હતી જેમની રૂપિયા ૬૯,૯૭૬ કરોડની લોન માંડવાળ કરી દેવાઈ હતી. નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી લાગુ કરાયાના બે વર્ષમાં ડિફોલ્ટરોની લોન માંડવાળ કરવામાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. ડિફોલ્ટરોની સંખ્યા ૧૪૪ના ઉછાળા સાથે ૩૪૩ પર પહોંચી હતી જે ૭૨ ટકાનો વધારો દર્શાવે છે. આ સમયગાળામાં માંડવાળ કરાયેલી લોનની રકમ રૂપિયા ૬૯,૯૨૬ કરોડથી વધીને રૂપિયા ૧,૨૭,૭૯૭ કરોડ પર પહોંચી હતી. ૩૧ માર્ચ ૨૦૧૮ના રોજ ડિફોલ્ટરોની સંખ્યા ૫૨૫ પર પહોંચી હતી. મોટી રકમની લોન માંડવાળ કરાયાના કેસમાં ૧૮૨નો વધારો થયો હતો. બેડ લોન અંતર્ગત માંડવાળ કરાયેલી રકમ રૂપિયા ૧.૨૭ લાખ કરોડથી વધીને રૂપિયા ૨.૧૭ લાખ કરોડ પર પહોંચી હતી. જે રૂપિયા ૮૯,૩૨૪ કરોડ એટલે કે ૭૦ ટકાનો જંગી વધારો દર્શાવે છે.

દેશની સૌથી મોટી સરકારી બેન્ક એસબીઆઈએ ૨૨૦ ડિફોલ્ટરની રૂપિયા ૭૬,૬૦૦ કરોડની લોન માંડવાળ કરી દીધી છે. રૂપિયા ૧૦૦ કરોડથી વધુની લોન લેનારા આ ૨૨૦ ડિફોલ્ટર હજુ એસબીઆઈની લોન ચૂકવી રહ્યા નથી. ૩૧ માર્ચ ૨૦૧૯ના રોજ એસબીઆઇ ૩૩ ડિફોલ્ટર પાસેથી રૂપિયા ૩૭૭૦૮.૦૬ કરોડની લોન વસૂલી શકી નહોતી જેમાં દરેક ડિફોલ્ટર પર રૂપિયા ૫૦૦ કરોડથી વધુની લોન બાકી બોલતી હતી.

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો

Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જ્વેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com

www.ashokjewellers.ca

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®

BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

# ભારતનો જીડીપી ૫.૮% રહેવાનો અંદાજ

**• આરબીઆઈ દ્વારા ભારતના જીડીપીનો ૬.૧ ટકા અંદાજવામાં આવ્યો હતો**

નવી દિલ્હી : મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે ગુરુવારે ભારતનો વર્ષ ૨૦૧૯-૨૦ માટેનો જીડીપી વૃદ્ધિદરનો અંદાજ અગાઉના ૬.૨ ટકાથી ઘટાડીને ૫.૮ ટકા કરી દીધો છે. મૂડીઝે જણાવ્યું હતું કે, ભારતીય અર્થતંત્ર લાંબા ગાળાથી અસર કરી રહેલા આર્થિક પરિબળોના કારણે ગંભીર આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે. ગયા સપ્તાહમાં ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માટે ભારતના જીડીપીનો વૃદ્ધિદર ૬.૧ ટકા અંદાજવામાં આવ્યો હતો. મૂડીઝે તેના રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ભારતની આર્થિક મંદી માટે ઘટેલા મૂડીરોકાણ, ગ્રામીણ પરિવારોમાં ખપતમાં થઈ રહેલા ઘટાડા અને વધી રહેલી બેરોજગારીને જવાબદાર ગણાવ્યા છે. ભારતની આર્થિક મંદી માટેના ચાલક પરિબળો એક કરતાં વધુ છે. જેમાં મુખ્યત્વે ઘરેલુ અને લાંબા ગાળાથી અસર કરી રહેલાં પરિબળોનો સમાવેશ થાય છે. મૂડીઝે જણાવ્યું હતું કે, ૨૦૨૦-૨૧માં ભારતનો વૃદ્ધિદર ૬.૬ ટકા સુધી પહોંચે તેવી સંભાવના છે. અમને આશા છે કે આગામી બે વર્ષમાં ભારતના જીડીપી વૃદ્ધિદર અને ફુગાવામાં મધ્યમ વધારો થઈ શકે છે.

RE/MAX
CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com

MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

SUPER VISA INSURANCE

Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Diwali Sale Starts From
Sunday, 13 October 2019
MARCHE Bhane

ગુજરાતીઓ માટે સ્ટોર
KIBI Basmati rice
તાજા ફળો તથા શાકભાજી મળશે
755 Jarry west, Montreal, Quebec
Tel: 514-271-2822
નવસારીનાં પ્રખ્યાત દાણા ચણા, ફરસાણ, મિઠાઈ મળશે

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222

RE/MAX COMMUNITY
Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance

Desjardins
Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002

1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

ફિલ્મ જગતના મહાનાયકનો ૭૭મો જન્મ દિવસ

# અમિતાભ : ભારતીય ફિલ્મ જગતમાં પાંચ દાયકાથી ચમકતો સિતારો

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

બોલીવુડમાં અભિયન કલાનો વર્ષો સુધી પરચો બતાવીને દર્શકોના દીલો પર રાજ કરનારા અમિતાભ બચ્ચને ૧૧મી ઓકટોબરે ૭૬ વર્ષની જીવનસફર પૂરી કરી ૭૭મા વર્ષમાં પ્રવેશ કર્યો. બોલીવુડમાં સતત પાંચ દાયકાથી ચમકતા સિતારા બચ્ચન હજી પણ અભિનયમાં માહેર જ છે. તેનો વિકલ્પ વર્ષો પછી પણ કોઈ બની શક્યો નથી.

અમિતાભ બચ્ચન એટલે બૉલીવૂડના બાદશાહ, સ્ટાર ઑફ ધ મિલેનિયમ, મેગા સ્ટાર. અત્યાર સુધીમાં હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં કોઈએ નથી મેળવી એવી લોકપ્રિયતા બચ્ચને મેળવી છે અને તેને અકબંધ પણ રાખી છે. ૭૭ વર્ષની ઉંમરે પણ તેઓ બૉલીવૂડમાં સક્રિય છે. અમિતાભની તુલના દિલીપકુમાર, રાજકપૂર કે દેવાનંદ અથવા બલરાજ સાહની કે રાજેશ ખન્ના સાથે કરવી યોગ્ય નથી કારણે કે, તેઓ જુદા જુદા સમયની ફિલ્મના પ્રતિનિધિ અભિનેતા છે. તે વખતે જુદી જુદી ફિલ્મો લખાતી. જે તે સમયે જુદા દિર્ગદર્શકો અને પ્રેક્ષકો પણ જુદા હતા. પરંતુ એક વાતની નોંધ લેવી પડે કે, અમિતાભને જેટલા પાત્ર વૈવિધ્યતા સાથે કામ કરવા મળ્યું તેટલું કોઈને નથી મળ્યું. તેનું કારણ પણ સ્વયં અમિતાભની પ્રતિભા તથા કમર્શિયલ ડિમાન્ડ છે. કોઈપણ અભિનેતા માટે લાંબો સમય સુધી લોકપ્રિયતા ટકાવી રાખવી મુશ્કેલ છે. અમિતાભે ૧૯૬૯થી ફિલ્મોમાં દેખાવાનું શરૂ કર્યું હતુ. અને દિવાર તથા ઝંઝીર પછી તેમને જે ઉંચાઈ આ ઉદ્યોગમાં મળી તે આજે પણ ઓછી થઈ નથી. અલબત, તેમના માટે કેટલાક સમય ખરાબ રહ્યો, કેટલીક ભૂલો પણ કરી આમ છતાં તેઓ તેમાંથી ઝડપભેર બહાર આવવામાં સફળ રહ્યા. રાજીવ ગાંધીના મૈત્રીભાવને કારણે તેઓ સાંસદ બન્યા, પરંતુ તે જગ્યાએ આપણું કામ નથી તેવું જાણ્યા બાદ તરત જ તેમણે ફિલ્મોમાં સક્રિયતા બતાવી. રેખા સાથેની વાતો ચર્ચાને ચગડોળે ચઢવા છતાં રેખા કે બચ્ચને આજ દિન સુધી જાહેરમાં તેના કથિત સબંધો અંગે ચર્ચા સુદ્ધા નથી કરી. બચ્ચન આજે પણ તેમના કામ માટે નમ્ર અને વિદ્યાર્થી છે. તેઓ કોઈ દીર્ગદર્શક કે પટકથાકારને કયારેય સલાહ નથી આપતા. ફિલ્મોની પસંદગી વખતે તેઓ પટકથા કે પછી દીર્ગદર્શક-નિર્માતાને જોઈ લે છે. તેઓ પોતાના પ્રચંડ લોકપ્રિયતાનો દુરુપયોગ કરવાથી પણ સતત બચ્યા છે. ૧૯૮૪માં તેઓને પદ્મશ્રી, ૨૦૦૧માં પદ્મભૂષણ તથા મોદી શાસનમાં તેમને પદ્મવિભૂષણનો એવોર્ડ મળી ચૂક્યો છે. તાજેતરમાં જ ભારત સરકારે અમિતાભ બચ્ચનની ફિલ્મોનો સૌથી મોટો રાષ્ટ્રીય ફિલ્મ એવૉર્ડ દાદા સાહેબ ફાળકે એવૉર્ડ માટે પસંદગી કરી છે. આમ, નેશનલ એવૉર્ડ, ફિ્લ્મફેર એવૉર્ડ અને એવા અનેક એવૉર્ડઝ પછી ભારત સરકારના પદ્મશ્રી, પદ્મ વિભૂષણ અને કેટલાક વિદેશી એવૉર્ડઝ અને ડૉક્ટરેટના સન્માન મેળવ્યા પછી હવે દાદા સાહેબ એવૉર્ડ પણ તેમને મળી રહ્યો છે. આ તેમની બહુ મોટી સિદ્ધિ કહેવાય.

૭૬ વર્ષની ઉંમરે પણ બચ્ચન ફિલ્મોમાં સક્રિય છે. અત્યારે તે એકમાત્ર એવા સ્ટાર છે જે આટલી ઉંમરે ફિલ્મો કરી રહ્યા છે. તેમની કારકિર્દીની ખાસ એ વિશેષતા છે કે, તેમણે યુવાનીમાં જેટલી લોકપ્રિયતા અને સારી ફિલ્મો નહોતી કરી એટલી મોટી ઉંમરે કરી છે. યુવાનીમાં તેમણે ડૉન, મુકદર કા સિકંદર, દીવાર, કભી કભી, જેવી અસંખ્ય સફળ ફિલ્મો કરી હતી. તેનાથી તેઓ રોમેન્ટિક અને એકશન હીરો તરીકે ઉપસ્યા હતા. જો કે, હવે ૭૬ વર્ષની ઉંમરે તે ઓફબીટ ફિલ્મો પણ કરે છે અને કેન્દ્રીય ભૂમિકાઓમાં પણ એટલા જ સક્રિય છે. જો તેમની સાથે બીજા હીરો અને હિરોઇનની જોડીએ ફિલ્મમાં કામ કર્યું હોય તો પણ તેમની ભૂમિકા તો મહત્ત્વની સાબિત થતી રહી છે.

દર્શકો બચ્ચનના રોલને પણ ફિલ્મનો મુખ્ય ભાગ જ ગણે છે. અત્યારે પણ તેમની પાસે એકસાથે ત્રણ ફિલ્મો હાથમાં છે. જેમાં 'ગુલાબો-સિતાબો', 'બ્રહ્માસ્ત્ર' અને 'ચહેરે' જેવી ફિલ્મો છે. અનેક પ્રકારના જુદા જુદા કેરેક્ટર્સ ભજવી ચૂકેલા બચ્ચનની 'ગુલાબો સિતાબો' ફિલ્મ બહુ જુદા પ્રકારની છે. કહેવાય છે કે, ઉત્તર પ્રદેશના એક ગામના ગુલાબો સિતાબો પપેટ્સ છે. જેમના પાત્રો કોમ્પ્યુટર ગેઈમ્સમાં પણ આવી ગયા છે અને હવે તેઓ બચ્ચનની આ ફિલ્મ થકી પણ દર્શકોને તેમનો પરિચય મળશે. એવું કહેવાય છે કે, બચ્ચનનું આ પપેટ્સ સાથે ભૂતકાળનું જોડાણ છે. પ્રતાપ ગઢમાં આવેલા નારહરપુર ગામમાં રામ નિરંજન લાલ શ્રીવાસ્તવ હતા, જે બચ્ચનના વડવાઓમાં હતા અને કાયસ્થ કુટુંબના આ રામ નારાયણે આ પપેટ્સની રચના કરી હતી. તેઓ એગ્રીકલ્ચરલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રયાગરાજમાં કામ કરતા હતા અને પછી અલાહાબાદમાં ગયા હતા અને ત્યાં તેઓ પપેટરી આર્ટ શીખ્યા હતા.

આ વાત ૬૦ના દાયકાની છે. તે સમયે શ્રીવાસ્તવે ગુલાબો-સિતાબો પપેટ્સની રચના કરી હતી. તે પછી તેમની એ પરંપરા તેમના ભત્રીજા અલખ નારાયણ શ્રીવાસ્તવે આગળ વધારી. તેમણે તે કળા અન્ય લોકોને શીખવી. આથી ગુલાબો-સિતાબો લોકકથાના ભાગ બની ગયા. હવે આ ફિલ્મમાં અમિતાભ બચ્ચનનું મહત્ત્વનું પાત્ર છે. ફિલ્મમાં એક ઘરના માલિક અને તેમના ભાડુઆતની વાર્તા છે, જેમની વચ્ચે પ્રેમ-ધૃણાના સંબંધો હોય છે. તેમાં આ પપેટ્સની પણ વાર્તા છે.

બચ્ચન આ ફિલ્મમાં મકાન માલિકના રોલમાં છે તો આયુષમાન ખુરાના ભાડુઆતના પાત્રમાં જોવા મળશે. આમ, આ ફિલ્મની વાર્તા જરા જુદી છે. આ ઉપરાંત 'બ્રહ્માસ્ત્ર'માં બચ્ચન રણબીર કપૂર અને આલિયા ભટ્ટ જેવા યુવા કલાકારો સાથે છે. અયાન મુખરજીની આ ફેન્ટસી ફિલ્મ ટ્રાયોલોજી છે. આ ફિલ્મ પણ બહુ મહત્વાકાંક્ષી છે અને બહુચર્ચિત છે. સુપરહીરો ફિલ્મ છે આથી તેમાં બચ્ચનનું પાત્ર પણ બહુ યુનિક ગણાયું છે.

જ્યારે બચ્ચનની ઈમરાન હાશમી સાથેની સસ્પેન્સ થ્રિલર 'ચેહરે' પણ તાજેતરમાં શરૂ થઈ છે. રૂમી જાફરીની આ ફિલ્મમાં ક્રિતી ખરબંદા, રીયા ચક્રવર્તી, સિદ્ધાર્થ કપૂર વગેરે કલાકારો કામ કરી રહ્યા છે. આમ, અમિતાભ બચ્ચન અત્યારે પણ એટલા લોકપ્રિય છે કે તેમને દર્શકો ફિલ્મોમાં જોવા આતુર હોય છે. અત્યારે નવી પેઢીના હીરો જુઓ કે તેમનો પુત્ર અભિષેક બચ્ચન જુઓ તેમને પણ બચ્ચનને અત્યારે ફિલ્મો મળે છે તેટલી નથી મળતી. અમિતાભ પોતે પોતાના જાહેર વ્યક્તિત્વના મેનેજમેન્ટના પણ કુશળ સંચાલક છે. આ મેનેજમેન્ટનો સ્વતંત્ર અભ્યાસ પણ થઈ શકે તેમ છે. અમિતાભ બધા જ પ્રકારના સંજોગોનો સામનો કરી શકયા છે. મોત પાસે લઈ જતી માંદગીનો પણ અને અંગત જીવનના પ્રેમોન્માન્દનો પણ. આર્થિક સાહકની નિષ્ફળતાને પણ તેઓ બખૂબી પચાવી શક્યા છે. અભિનય તથા અભિનય માટે જરૂરી શરીર તેના માટે તેઓ ગંભીર રહ્યા છે. શરીર સાચવવા માટે આજે પણ તેઓ મળસ્કે પાંચ વાગ્યેથી રાત સુધીમાં ઓછામાં ઓછા ૧૧થી ૧૨ કલાક પૂર્ણ જાગૃત અવસ્થામાં એટલે કે પૂરી સક્રિયતામાં કામ કરે છે. તેમના ટાઈમટેબલમાં જરાક પણ આમ તેમ નથી કરતા. ૭૭મા જન્મદીને અભિતાભને તેમની કારકિર્દી હજુ આગળ ચાલતી જ રહે તેવી શુભેચ્છા દેશભરના દર્શકો આપી રહ્યા છે.



manoj1968@yahoo.ca







assorted
SWEETS SALE
OCT 11th 2019
Celebrate this festive season!
Happy Diwali
Happy New Year
BAPS SHAYONA
Swaminarayan Vegetarian
BAPS Shri Swaminarayan Mandir
61 Claireville Drive
Toronto, ON M9W 5Z7
BAPS Shri Swaminarayan Mandir
1840 Birchmount Rd,
Toronto, ON M1P 5C1
Phone:416-987-5097
This package contains sanctified, vegetarian cuisine prepared and offered to the divine image of God in accordance with the dietary beliefs of the Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan denomination of the Hindu religion.


ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ
સસ્તી ટિકિટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન
Rank One
Travels & Tours
www.rankonetravels.com
LOWEST FARES GUARANTEED
SPECIAL SEAT SALE
એર ઈન્ડિયાની ફ્લાઈટમાં
સૌથી સસ્તા દરે મુસાફરી
FARES TO
MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA,
DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD
AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES
CRUISES - INSURANCE
CALL US TODAY!
905.672.5300 I 1-866.929.5300
Email: rajesh@rankonetravels.com
49, Hillcrest Avenue, Unit - 203,
Brampton L6W 4V4
tico.ca
LIC: 50021002
CLIA
CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.


Rollz
ICE CREAM
BEST TAWA ICE CREAM IN TORONTO
Flavours
• Roasted Pistachio
• Anjeer Baadam
• Rose and Pistachio
• Chickoo
• Bombay Kulfi
• Mava kulfi
• Guvava Chili
• Kaju Draksh
• Sitafal
• Maharaja Paan
Milkshake
• Oreo
• Oreo Cheese Cake
• Strawberry
• Strawberry Cheese Cake
• Ferrero Rocher
• Mango
• Vanilla
Dipped Gelato
softserve Cones
Waffles
• Chocolate nuts Waffle
• strawberry cracker Waffle
• Classic Waffle
• Pecan Banana Waffle
NO EGGS NO GELATINE NO ALCOHOL
5631 Steeles Ave East, Unit 6, Middlefield & Steeles
Behind SUBWAY SANDWICH
416-293-4006 rollzicecream.com
blogTO
SKIP the DISHES
UBER eats


REMITTANCE PARTNER
MoneyGram
XPRESS MONEY
Ria MONEY TRANSFER
UREMIT
& more...
SEND MONEY TO
INDIA
DUBAI ABU DHABI
KUWAIT SAUDI ARABIA
PAKISTAN
OMAN QATAR
BANGLADESH
SRI LANKA
UNITED KINGDOM USA
AUSTRALIA NEW ZEALAND
AVAILABLE SERVICES:
EXCHANGE USD TO CAD & CAD TO USD
CURRENCY EXCHANGE & WIRE TRANSFER
GUARATEED BEST EXCHANGE RATE IN CANADA
PAYMENT AFTER DELIVERY**
CASH PICK-UP AND DIRECT BANK DEPOSIT ALL OVER THE WORLD
BRING MONEY
FROM
INDIA
UNITED KINGDOM
SAUDI ARABIA
SOUTH AFRICA
UNITED ARAB EMIRATES
TO
CANADA
ભારતથી બાપ-દાદાની મિલકત વેચીને રૂપિયા કેનેડા
કાયદેસર રીતે મંગાવવા માટે સંપર્ક કરો: ઝાકીરભાઈ
*No Service Charge & No Commission **Subject to Credibility
Call ZAKIRBHAI
There is NO TAX on most Inheritance, Loan, and Gift Money.
ZAKIRBHAI WILL PROVIDE GUIDANCE FOR THAT.
Jack Filled Foreign Exchange Inc
#102-305 MILNER AVE, SCARBOROUGH, ON, M1B 3V4
416.901.9995, 416.439.9995

# કેનેડાની ચૂંટણીમાં પ્રિય નેતા તરીકે જસ્ટીન ટ્રુડો પંજાબીઓની પહેલી પસંદ



ટોરન્ટો : ૨૧મી ઓક્ટોબરે યોજાનારી ચૂંટણીમાં પંજાબના લોકોની સીધી નજર છે. સ્વાભાવિક છે કે, લિબરલ્સ તેમના ઈમીગ્રાન્ટ્સ માટે નરમ વલણ માટે જાણીતા છે, ત્યારે પંજાબીઓ તેમને પસંદ કરી રહ્યા છે, તેનું કારણ એ પણ છે કે હાલમાં પંજાબના વિદ્યાર્થીઓમાં સૌથી વધુ વિદ્યાર્થી વિદેશમાં ભણવા માટે કેનેડાને પહેલા પસંદ કરે છે.

૨૦૧૫માં જસ્ટિન ટ્રુડો પ્રધાનમંત્રી બન્યા એ બાદ પહેલા વર્ષમાં ૮૦ હજાર વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વીઝા મળ્યા હતા, જે હવે વધીને દોઢ લાખ વીઝા સુધી પહોંચી ગયા છે. આ વખતની ચૂંટણીમાં મુખ્ય ટક્કર લિબરલ અને કન્ઝર્વેટીવ વચ્ચે છે. કંઝર્વેટીવ સત્તામાં આવે તો તેમનું વલણ વીઝામાં સખત નિયમોનું રહે છે. ૨૦૦૬થી ૨૦૧૫ દરમ્યાન સત્તામાં રહેલી કન્ઝર્વેટીવ પાર્ચીએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સહિત અન્ય વીઝા નિયમો પર કડક પ્રતિબંધ લગાવ્યા હતા. એ બાદ ૨૦૧૫માં કન્ઝર્વેટીવ પાર્ટીના સ્ટીફન હાર્પરને હરાવીને ટ્રુડો પ્રધાનમંત્રી બન્યા, તેમાં પંજાબીઓનો ફાળો મોટો રહ્યો હતો. જો કે, અત્યારે પ્રધાનમંત્રીની દોડમાં ૩૭ ટકા મત સાથે ટ્રુડો આગળ ચાલે છે, જ્યારે બીજા ક્રમે કન્ઝર્વેટીવ પાર્ચીના એન્ડ્રુ શીયર બીજા ક્રમે છે, તો ત્રીજા ક્રમે ૧૦ ટકા મત સાથે ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના જગમીત સિંહ છે. સ્વાભાવિક છે કે પંજાબીઓ તેમના પડખે રહે એમ છે, પરંતુ તેઓ ઘણા પાછળ છે, ત્યારે પંજાબીઓનો પહેલો પ્રેમ તો ટ્રુડો પ્રતિ જ છે.

**લિબરલની ઈમિગ્રાન્ટને લગતી નીતિથી પંજાબીઓને રાહત, સ્ટુડન્ટ્સ વીઝા મેળવવા વિદ્યાર્થીઓની પસંદગીમાં કેનેડાને પહેલું સ્થાન**

## હબસી કેનેડિયનો તેમજ ટ્રુડો અંગે ટીપ્પણી કરનાર સાંસદે માફી માંગી

ઓન્ટેરિયો : ટોરન્ટો વિસ્તારના લિબરલ ઉમેદવારે પોતાના નિવેદન બદલ માફી માંગવી પડી હતી. તેમણે એવું કહ્યું હતું કે હબસી સમુદાયને લિબરલ નેતા જસ્ટિન ટ્રુડોને વધુ પસંદ કરે છે કેમ કે તેમણે બલેકફેસ પહેર્યો હતો.

લગભગ બે અઠવાડિયા પહેલાં જુડી સગ્રોએ એક ઈન્ટરવ્યુમાં આ વાત કરી હતી. ઈન્ટરવ્યુ દરમ્યાન તેમને ટ્રુડોએ પહેરેલા બ્લેકફેસ અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. જે અંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મને અહીંના હબસી સમુદાયે કહ્યું હતું કે ટ્રુડો બ્લેકફેસ પહેરવા ઈચ્છે છે, તેથી તેમને વડાપ્રધાન પ્રતિ વધુ પ્રેમ છે. એમાં પણ તેમને ઘણું ગૌરવ મળ્યું છે. તેમણે કહ્યું હતું કે, લગભગ દરેકે જ ભૂતકાળમાં નબળી પસંદગી કરી હોય છે.

સેગ્રોએ વધુમાં કહ્યું હતું કે, જેમ બ્લેકફેસ સાથેના ઈતિહાસને કારણે હબસીઓ જસ્ટિન ટ્રુડોને વધુ પસંદ કરે છે, એ રીતે મારી સાથે પણ તેઓ છે. સેગ્રોએ ગુરુવારે પોતાના ફેસબુક પેજ પર એ ટીપ્પણી અસંવેદનશીલ હોવાનું કહીને માફી માંગી લીધી હતી.

## બેવડી નાગરિકતાને મુદ્દે કન્ઝર્વેટીવ નેતા એન્ડ્રુ શીયર વિવાદમાં સપડાયા

ટોરન્ટો : હાલમાં બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સન તેમના નાગરિકતાને કારણે ગરમાગરમ ચર્ચામાં છે, ત્યારે કેનેડાની ચૂંટણી પહેલાં જ વડાપ્રધાનપદના ઉમેદવાર અને લિબરલ વડાપ્રધાન ટ્રુડોના પ્રતિસ્પર્ધી એન્ડ્રુ શીયરે પણ બેવડી નાગરિકતા મુદ્દે ફસાયા છે. કેનેડાની કન્ઝર્વેટીવ પાર્ટીના પ્રમુખ એવા એન્ડ્રુ શીયરે આગામી ચૂંટણીમાં વડાપ્રધાનપદના દાવેદાર છે. પરંતુ હવે તેમની નાગરિકતાનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. કેનેડાના પાટનગર ટોરન્ટોમાં જન્મેલા એન્ડ્રુ શીયરે અમેરિકાની પણ નાગરિકતા ધરાવે છે. તેમણે અને તેમના પક્ષના બીજા સભ્યોએ આ પહેલાં બેવડી નાગરિકતા ધરાવનારા રાજકિય પ્રતિસ્પર્ધીઓની વફાદારી અંગે સવાલ ઉઠાવ્યા હતા. હવે તે પોતે જ બેવડી નાગરિકતા ધરાવતા હોવાનું બહાર આવતા



તેમની સામે પણ આંગળી ચીંધાઈ રહી છે. શીયરેના પિતા અમેરિકન છે. તેઓ જન્મે અમેરિકન છે અને પાછળથી તેઓ કેનેડામાં સ્થાયી થયા હતા અને કેનેડિયન મહિલાને પરણ્યા હતા. એ રીતે શીયરે બંને દેશોની નાગરિકતા ધરાવે છે. જો કે, તેમની એ અંગેની પ્રતિસ્પર્ધીઓ માટે થયેલી ટીપ્પણીને કારણે જ તેમની સામે હવે આંગળી ચીંધાઈ રહી છે.

## લિબરલ્સનો દબદબો યથાવત રહ્યો છતાં કન્ઝર્વેટીવ્સ સાથે મુખ્ય સ્પર્ધા

મોન્ટ્રીયલ: કેનેડામાં ૨૧મીએ યોજાઇ રહેલી ચૂંટણી પહેલાં ૭મી ઓક્ટોબરે યોજાયેલા સરવેમાં પહેલી વખત લિબરલ્સ મત ટકાવારીમાં કનઝર્વેટીવ્સ કરતાં આગળ નીકળી ગયા હતા. આ પહેલાં ગયા અઠવાડિયે બહાર પડેલા પડેલા સરવેમાં લિબરલ કન્ઝર્વેટીવની નજીક પહોંચી ગયા હતા, ત્યારે જ લાગતું હતું કે, લિબરલ આગળ નીકળી રહ્યા છે.

સ્વદેશ છેલ્લા ત્રણ અઠવાડિયાથી પોલ ઉપર નજર રાખી રહ્યું છે, તેમાં પહેલી વખત લિબરલ આગળ નીકળી ગયા છે.

છતાં હજુ પણ એકેય પક્ષ એકલા હાથે સત્તા સંભાળી શકે એવી સંભાવના દેખાતી નથી. એકે પક્ષ હજુ સરવેમાં બહુમત મેળવી શકે એ સ્થિતિમાં જણાતો નથી. એ જોતાં હજુ પણ બીક્યુ અને એનડીપી જેવા નાના પક્ષો જ પરિણામ બાદ સત્તા નિર્ધારણમાં મહત્વના બની રહેશે એમ લાગે છે.

૭મી ઓક્ટોબરે બહાર પડેલા સરવેમાં લિબરલ ૦.૧ ટકા મત વધુ મેળવીને ૩૪.૩ ટકા મત મેળવીને આગળ થયા છે. જ્યારે કન્ઝર્વેટીવ્ઝને પણ ૦.૧ ટકા વધુ મત સાથે ૩૩.૮ ટકા મત મળે છે. આ પહેલાં ૧લી ઓક્ટોબરના સરવેમાં કન્ઝર્વેટીવ્ઝને ૩૪.૩ ટકા મત મળે એમ જણાતું હતું, જે ૨૫મી સપ્ટેમ્બરના સરવે કરતાં ૦.૪ ટકા વધુ હતા. જ્યારે તાજા સરવેમાં કન્ઝર્વેટીવ્ઝને ૩૩.૮ ટકા મત મળે છે. એ દ્રષ્ટિએ કન્ઝર્વેટીવ્ઝની પહેલાના સરવે કરતાં મત ટકાવારી ઓછી થઈ છે. એમ જોવા જઈએ તો મત ટકાવારીમાં બંને પક્ષ લગભગ નજીક નજીક જોવા મળે છે. પરંતુ મતની સાથે સાથે બેઠકોનું જે પ્રોજેક્શન કરાયું છે, જેમાં લિબરલ્સ શરુઆતથી જ આગળ રહ્યા છે. જો કે, ૧લીના સરવેમાં લિબરલ્સને ૧૬૩ બેઠકો મળે એવું પ્રોજેક્શન કરાયું હતું જે હવે ૭મીના સરવેમાં ઘટીને ૧૫૩ બેઠકોનું થયું છે. મતલબ કે મત ટકાવારી વધી છે, ત્યારે બેઠકોનું પ્રોજેક્શન ઘટ્યું છે.

એ જ રીતે ૧લીના સરવેમાં કન્ઝર્વેટીવ્સને ૧૪૦ બેઠક મળે એવી આગાહી કરાઈ હતી જે તાજા સરવેમાં ઘટીને ૧૩૯ બેઠકો થઈ છે. કન્ઝર્વેટીવ્ઝને ફક્ત એક જ બેઠકનો ફટકો પડ્યો તેમ જણાય છે. તો બીજી તરફ લિબરલ્સને જે ૧૦ બેઠકોનો ફટકો પડ્યો દેખાય છે, તેનો ફાયદો બીક્યુ અને એનડીપીને થતો જણાય છે. બંને મુખ્ય પ્રતિસ્પર્ધીઓ લિબરલ્સ અને કન્ઝર્વેટીવ્ઝ વચ્ચે ૨૩ બેઠકોનો તફાવત ગયા સરવેમાં હતો, તે હવે ઘટીને ૧૪ બેઠકનો થઈ ગયો છે. મતની ટકાવારીમાં ઝાઝા તફાવત નથી, છતાં બેઠક પ્રોજેક્શનમાં લિબરલ્સ હજુ પણ આગળ છે.

કેનેડાના પ્રધાનમંત્રી ટ્રુડોએ ૧૨મી સપ્ટેમ્બરે૧૨ સંસદ ભંગ કરી દઈને ચૂંટણીની જાહેરાત કરી દીધી હતી, પરંતુ હજુ પણ એકે પક્ષને બહુમત મળે એવા સંકેત મળતા નથી. બંને પક્ષો હવે છેલ્લા તબક્કાના પ્રચારમાં એડીચોટીનું જોર કરીને બહુમત મેળવવા પ્રયાસ કરશે, તે કેટલા ફળશે એ તો પરિણામ જ નક્કી કરશે.

### જીતવાની સંભાવના

આ પ્રોજેક્શન પણ બહુ મહત્વનું છે. લિબરલ્સને બહુમત મળે એવી સંભાવના ગયા સરવે કરતાં ઘટી છે, જ્યારે સૌથી વધુ બેઠક મળે એવી સંભાવના વધી છે. એ જોતાં સત્તાથી નજીક તો લિબરલ્સ જ રહેશે એમ લાગે છે. એમ છતાં પૂર્ણ બહુમત સાથે સરકાર બનાવી શકે એમ નથી, એ સંકેત પણ ધ્યાનમાં લેવા પડે.

લિબરલ્સને બહુમત મળે એવી સંભાવના 29%

લિબરલ્સને બહુમત ન મળે પણ સૌથી વધુ બેઠક મળે એવી સંભાવના ૩૩%

કન્ઝર્વેટીવ્સને બહુમત મળે - ૨૮ ટકા

કન્ઝર્વેટીવ્સને બહુમત ન મળે પણ સૌથી વધુ બેઠક મળે એવી સંભાવના ૯ ટકા

# લિબરલ્સ પાર્ટીને વધુમાં વધુ ૨૧૬ બેઠકો મળવી સંભવ

**કન્ઝર્વેટીવ્સને ઓછામાં ઓછી ૯૩ અને વધુમાં વધુ ૧૮૪ બેઠકો મળી શકે, બીક્યુ અને એનડીપીની સ્થિતિ સુધરી**

ઓન્ટેરિયો : કયા પક્ષને કેટલી બેઠક મળે એ પ્રોજેક્શમમાં સૌથી વધુ બેઠક શરૂઆતથી લિબરલ્સને નામે જ લખાતી રહી છે. પહેલી ઓક્ટોબરના સરવે વધુ એક સરવે મુજબ લિબરલ્સને સૌથી વધુ ૧૬૩ બેઠકો મળી શકે છે, ૨૫મી સપ્ટેમ્બરે થયેલા સરવેમાં લિબરલ્સને ૧૬૦ બેઠક મળે એવી ગણતરી મૂકાઈ હતી. મતલબ કે ઓક્ટોબરમાં લિબરલ્સની સ્થિતિ સુધરી હતી. પરંતુ ૭મી ઓક્ટોબરના સરવેમાં લિબરલ્સની સ્થિતિ પાછી બેઠકની સંખ્યાની દ્રષ્ટિએ નબળી પડતી જણાય છે. ૭મીના સરવે મુજબ લિબરલ્સને ૧૫૩ બેઠકો મળે એની સંભાવના છે, જે ગયા સરવે કરતાં ૧૦ બેઠકો ઓછી છે.



જો કે કન્ઝર્વેટીવ્સે તેની બેઠકો જાળવી રાખી છે અને ૨૫ ઓક્ટોબરના પોલની જેમ આ તાજા સરવેમાં પણ કન્ઝર્વેટીવ્સને ૧૪૦ બેઠકો મળી શકે છે, એવું દર્શાવાયું છે. પરંતુ ૭મી ઓક્ટોબરે યોજાયેલા સરવેમાં એક બેઠક ઓછી થઈ છે અને ૧૩૯ બેઠકો મળતી જણાય છે. લિબરલ્સને ઓછામાં ઓછી ૧૦૧ અને વધુમાં વધુ ૨૧૬ બેઠકો મળી શકે છે, જ્યારે કન્ઝર્વેટીવ્સને ઓછામાં ઓછી ૯૩ અને વધુમાં વધુ ૧૮૪ બેઠકો મળી શકે છે. ૧લીના સરવેમાં અન્ય પક્ષોમાં બીક્યુને સરેરાશ ૧૪, એનડીપીને ૧૬, ગ્રીનને ૪, પીપીસીને ૧ બેઠક મળવાનું તારણ હતુ. જયારે અન્યોને એક પણ બેઠક મળે એમ ન હોવાનું જણાયું હતું. ૭મીના પ્રોજેક્શનમાં આ આંકડામાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. બીક્યુને હવે ૨૧, એનડીપીને ૨૦, ગ્રીનને ૪, પીપીસીને એક અને અન્યને એક પણ બેઠક મળતી નથી. મતલબ કે, બીક્યુ અને એનડીપીની સ્થિતિ સુધરી રહી છે, એ જોતાં તેઓ હવે સત્તા માટે મોટા નિર્ણાયક પક્ષ બની રહેશે.


Darshan Entertainment
Presents
Darshan Entertainment
DANDIYA WITH PANDYA
Raas Garba 2019
Saturday, 5th Oct., 2019 @ 6.00 pm
Bramalea Secondary School
510 Balmoral Dr, Brampton, ON L6T 1W4
Sunday, 13th Oct., 2019 @ 6.00 pm
Castlebrooke Secondary School
10 Gardenbrooke Trail, Brampton, ON L6P 3L1
Tickets:
$20.00 EACH DAY
(Includes Light Food)
Kids under 3 FREE
Mansi Pandya
Palak Bhatt
NICK PANDYA
FOR SPONSORSHIP VENDORS BOOKING & GROUP TICKETS PLEASE CONTACT:
DILESH: 647-309-1671


CASA LEATHER LINE
Manufacturers of Quality Leather & Fabric Sofas
120 Delta Park Blvd., Brampton
905-803-8056
905-792-8053
casaleather7@gmail.com
SOFA MART & CASA FURNITURE
Manufacturers of Quality Leather & Fabric Sofas
24 Regan Road, Brampton
Phone: 905-791-8056
Head Office: 905-803-8056
Factory: 905-792-8056
Buying • Selling • Leasing • Investments
Hetal Thaker
Sales Representative
416-303-7066
hetal_thaker@hotmail.com
www.HetalThaker.com
HOMELIFE
Homelife/Miracle Realty Ltd.,
Off: 905-454-4000 Fax: 905-463-0811
MOVE SMARTER with HETAL THAKER
DESIGN • PRINT • SIGN
BUSINESS CARD • POSTCARD • BANNER
FLYER • BROCHURE • POSTER
Quick
DESIGN AND PRINT
Dir: (647) 836-4715
Off.: (905) 793-4449
info@quickdesignandprint.com
www.quickdesignandprint.com
197 Wilkinson Rd., Unit # 7,
Brampton Ontario L6T 5E3
CALL FOR YOUR REAL NEEDS
KUNJ PATEL
Sales Representative
Cell: 647.233.9651
Email: kunj_4@hotmail.com
ROYAL LEPAGE
Flower City Realty
Off.: 905.564.2100
CIBC
CIBC IMPERIAL SERVICE
Mital Dodia
Financial Advisor
CIBC Investor Services Inc.
Albion Banking Centre
1530 Albion Road
Etobicoke ON M9V 1B4
CIBC provides banking services
CIBC Investor Services Inc.
provides investment services
Tel: 416 741-2102 ext. 228
Fax 416 741-3393
mital.dodia@cibc.com
Tickets Available @
Om India Food Centre
(Brampton & Etobicoke)
Panchvati Super Market
(Brampton & Etobicoke)
Sangita 647 501 9791
(North York)
Jenita or Kushal 647 937 7889
(Scarborough)
Prajay Patel 647 836 7061
(Brampton West)
Nilesh Bhavsar 647 836 4715
(Brampton East)
Blink Vision Care 289 752 8833
(Brampton)
TICKETS AVAILABLE @
eventbrite.ca
INDIA SAJAWAT & PUJA HUT
A Complete Divine Shop
Paul Rishi
905.458.6808
www.pujahut.com | pujahut11@gmail.com
31 Melanie Drive, Unit: 5-6, Brampton, ON L6T 5H8
NU Deep Jewellers
Specializing in Diamond, Gold & Silver Jewellery
905.913.0093
8887 The Gore Rd.
Unit # 47, Brampton
www.nudeepjewelers.com
blink visioncare
42 - 7920 Hurontario Street, Brampton ON L6Y 0P7
289.752.8833
www.blinkvisioncare.com
Lose Weight, Gain Muscle and Have More Energy!
Pirouz Hassani
HERBALIFE
24
Health Coach
416-904-2007
pirouzhassani@yahoo.ca
facebook.com/pari.ha.18
goherbalife.com/pirouzh/en-CA
Radio Muskaan
with Neelam Panditpautra
Producer, Director & Host
Radio shows with Neelam on CINA 1650 AM
Every Saturday (Hindi)
11am - 12 noon
Every Sunday (Gujarati - Hindi)
8 am to 10 am
416-877-4786 | 647-241-4786
Email: neelam.ads@gmail.com
ગુજરાત એબ્રોડ
www.gujaratabroad.ca
Shilpesh Parikh
Cell : 647-992-6951
editor@gujaratabroad.ca
CLEAR OPTICAL
by Varun Kanda
905.457.3232
info@clearoptical.com
clearoptical.com

# કિંમતો વધવાની આશાઃ ટોરન્ટો-વેનકુંવરમાં મકાન વેચાણ વધ્યું

## મકાનોના નિર્માણની ગતિમાં ઘટાડો થતા સ્થિતિ સર્જાઈ : થોડા સમય તેજી બાદ ભાવ ફરી નીંચા જવા માંડ્યા

ટોરન્ટો : ગ્રેટર ટોરન્ટો અને ગ્રેટર વેનકુંવરના હાઉસિંગ માર્કેટમાં વેચાણમાં ઉછાળો આવ્યો છે. કારણ કે, નજીકના ભવિષ્યમાં મકાનોના ભાવ વધશે એમ એક નવા અહેવાલમાં તારણ નીકળ્યું છે. બુધવારે કેપિટલ ઈકોનોમિક્સે જણાવ્યું હતું કે, હાઉસિંગ માર્કેટમાં મકાનોના નિર્માણની ગતિમાં ઘટાડો થતા ભાવ વધવાની સંભાવનાને કારણે ખરીદનારાઓની સંખ્યા પણ ઘટતી જઈ રહી છે. હાલમાં જે મકાનના વેચાણમાં વધારો થયો હતો તે બહુ ઝડપથી ધીમો પડી ગયો છે. જે સામાન્ય રીતે ઉપભોક્તાઓની માંગણી પર આધારિત હોય છે અને માંગ ઘટતાં મકાનના બજાર પર તેની અસર થઈ હતી. એમ કેનેડાના વરિષ્ઠ અર્થશાસ્ત્રી સ્ટીફન બ્રાઉન જણાવે છે. કેનેડીયનો પર દેવાનો બોજો છે અને એ જોતા આગામી વર્ષમાં તેમની ખરીદશક્તિ ઘટવાની શક્યતા છે. બુધવારે ટોરન્ટો રિયલ એસ્ટેટ બોર્ડે કહ્યું હતું કે, ગયા વર્ષની સરખામણીમાં મકાનના વેચાણમાં ૨૨% નો વધારો થયો હતો છતાં પણ આ વધારો ૨૦૧૬ કરતા ઘણો ઓછો હતો.

દરમિયાન ગ્રેટર વેનકુંવરમાં મકાનોના વેચાણમાં ૪૬.૩% નો વધારો થયો છે જે ગયા વર્ષના આ જ મહિનાની સરખામણીએ ઓછો છે. રિયલ એસ્ટેટ બોર્ડ ઓફ વેનકુંવરે જણાવ્યું હતું કે, વેચાણમાં મોટો ઉછાળો મકાનના વેચાણની ઐતિહાસિક સરેરાશ સપાટી તરફ પાછો વળી રહ્યો છે. ગત વર્ષે અમે હાઉસિંગ બજારમાં જે સ્થિતિ જોઈ હતી તેના કરતા અમને એવું લાગે છે કે, હાઉસિંગ માર્કેટમાં આગામી ૩ મહિના દરમિયાન સંતુલન આવી જશે. આજે એપાર્ટમેન્ટ તથા ટાઉન હોમ જેવા મકાનોના ખરીદનારાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે એમ એશલે સ્મિથે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ટોરન્ટોમાં તમામ પ્રકારના મકાનોની કિંમતમાં એક વર્ષ પહેલા ૫.૮% ના વધારા સાથે ૮,૪૩,૧૧૫ ડોલર પર વેપાર પહોંચ્યો હતો. વેનકુંવરમાં તમામ પ્રકારના મકાનોના બેન્ચમાર્ક ભાવ ૭.૩% ઘટીને ૯,૯૦,૬૦૦ ડોલર થયો હતો. પરંતુ આ ભાવમાં ઘટાડો બહુ ધીમો હતો અને વીતેલા મહિનામાં આ ઘટાડો ૦.૩% થયો હતો.

# પીઅરસન કન્વેનશન સેન્ટર બ્રામ્પ્ટન ખાતે ગરબા મહોત્સવની ધામધૂમથી ઉજવણી



ગત શુક્રવારે નવરાત્રિના પાવન અવસરે બ્રાહ્મીન સમાજ ઓફ ઓન્ટેરિયો દ્વારા રાસ ગરબાનું સુંદર આયોજન પીઅરસન કન્વેનશન સેન્ટર બ્રામ્પ્ટન ખાતે કરાયું હતુ. સ્વર ગૂંજન મ્યુઝિક અકેડેમીના પ્રમેશ નાન્દી અને ટીમ દ્વારા એકપછી એક ટ્રેડિશનલ ગરબા આગવા અંદાજમાં રજૂ કરાયા હતા. ત્રણ તાળી, બે તાળી, રાસ, ગાડી અને સનેડો જેવી આઈટમ્સ દ્વારા લોકોનું ખૂબ મનોરંજન કરાયું હતુ. ગરબામાં લોકોએ મોકળાશથી ગરબા રમવાની મઝા માણી હતી. આ પ્રસંગે જજીસ સપના ઠાકર અને હીમા જોષી દ્વારા વિવિધ કેટેગરીના ઈનામોની પસંદગી કરાઈ અને લોકોને શિલ્ડ આપીને પ્રોત્સાહિત કરાયા હતા. કિર્તીદા ફુડ્સનું સ્વાદીષ્ટ ભોજન સૌકોઈએ માણ્યું હતુ. કાર્યક્રમને સફળ બનાવવા બીએસઓ કમિટીએ ભારે જહેમત ઉઠાવી હતી. બ્રાહ્મીન સમાજમાં મેમ્બર્સ થવા અંગે અથવા આગામી કાર્યક્રમો અંગે **www.brahminsamajontario.org** ઉપર સંપર્ક કરવો.

# મોન્ટ્રિયલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવા કિશોર દ્વારા ધમકી

### પોલીસે કિશોરની ધરપકડ કર્યા બાદ કોર્ટમા હાજર રહેવાની શરતે તેને મુક્ત કરી દેવાયો




વેરનન બી.સી.: બ્રિટિશ કોલંબિયાના એક ૧૬ વર્ષીય કિશોર પર મોન્ટ્રિયલનું પિયરે એલિયટ ટુડો ઈન્ટરનેશનલ એરપોર્ટ બોમ્બથી ઉડાવી દેવાના આરોપો મુકવામાં આવ્યા છે. એન્ડરબે ખાતેથી શુક્રવારના રોજ આ ૧૬ વર્ષીય કિશોરની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે કહ્યું હતું કે, મોન્ટ્રિયલના સતાવાળાઓએ અમને જાણ કરી હતી કે, એક કિશોર છેલ્લા એક મહિનાથી મોન્ટ્રિયલ હવાઈમથક ઉડાવી દેવાની ધમકી આપી રહ્યો છે. આ ફરિયાદ મળ્યા બાદ અમે તુરંત જ બનાવની તપાસ શરુ કરી દીધી હતી.

કોન્સ્ટેબલ કેલી બ્રેટે જણાવ્યું હતું કે આ કિશોર પર ખોટા સંદેશા મોકલી સમાજ પર ભય ફેલાવવાનો આરોપ મુકવામાં આવ્યો છે. વધુમાં પોલીસ તરફથી જણાવવામાં આવ્યું હતું કે આગામી તારીખે કોર્ટમાં હાજર રહેવાની શરતે આ આરોપીને કસ્ટડીમાંથી છોડી મુકવામાં આવ્યો છે.




દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

**Call : Tushar Shah - 416-434-8121**
**ગુજરાત ભવન - 416-913-7184**

**4694 Kingston Road, Scarborough.**



# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax
All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

# રાફેલનું આગમન 'આતંકના દશાનન્'નો સફાયો કરશે

- બહુચર્ચિત, બહુ વિવાદિત છતાં બેજોડ વિમાનની રાજનાથે ફ્રાન્સમાં શસ્ત્રપૂજા કરી
- સંરક્ષણ મંત્રીએ રફાલમા ૩૦ મિનિટ ઉડાન ભરી, 'રફાલ'નો અર્થ 'આંધી' થાય છે અને આ વિમાન આંધી જેવું જ કામ કરશે : રાજનાથ



મેરિનેક : ફ્રાન્સની યાત્રાએ પહોંચેલા ભારતીય રક્ષા મંત્રી રાજનાથ સિંહને આજે ફ્રાન્સે ફાઈટર વિમાન રફાલ સોંપ્યુ હતું. અલબત્ત, આ એક ઔપચારિક વિધિ હતી. અત્યારે વિમાન સોંપી દેવાયું, પરંતુ પ્રથમ ચાર વિમાનનો જથ્થો ભારતને મે-૨૦૨૦માં મળશે. આજે ભારતીય વાયુસેનાનો સ્થાપના દિવસ છે.

આ પ્રસંગ સાચવીને ફ્રાન્સે દસોલ એવિએશને બનાવેલું ફાઈટર વિમાન રફાલ રક્ષા મંત્રી રાજનાથ સિંહને આપ્યું હતું. રાજનાથ સિંહે ભારતીય પરંપરા પ્રમાણે વિમાનને વધાવ્યું હતું. વિમાન સોંપણીની આ વિધિ દસોલ એવિએશનના મેરિનેક ખાતે આવેલા કારખાનામાં થઈ હતી. એ તકે ફ્રાન્સના મહિલા સંરક્ષણ મંત્રી ફ્લોરેન્સ પાર્લી પણ ઉપસ્થિત રહ્યાં હતા. રાજનાથ સિંહે આ વિમાનની કોકપીટ પર સૌથી પહલા કંકુ વડે ઓમ લખ્યો હતો. એ પછી વિમાન પર પુષ્પ અને નાળિયેર ચડાવ્યાં હતા. જ્યારે

## શસ્ત્ર પૂજા સરકારના ડ્રામા : કોંગ્રેસ નેતા આલવી

રફાલ પર રાજનાથસિંહે શસ્ત્ર પૂજા કરી હતી અને રફાલ વિમાન પર ઓમ દોર્યો હતો. કોંગ્રેસે ટોણો મારતા કહ્યું હતું કે સરકાર અને રાજનાથસિંહ રફાલને લઇને ડ્રામા કરી રહ્યા છે. કોંગ્રેસના નેતા રાશીદ આલવીએ જણાવ્યું હતું કે આ સરકાર માત્ર ડ્રામા કરવા માગે છે. તમે ફ્રાન્સ જાવ છો અને પૂજાપાઠ કરો છો. શું રફાલ ભારત નથી આવવાનું? તમે વિદેશમાં જઇને આ બધા ડ્રામા કેમ કરી રહ્યા છો.

## શસ્ત્રપૂજાનો કોંગ્રેસ વિરોધ કરે છે : અમિત શાહ

હરિયાણામાં કૈથલ ખાતે ચૂંટણી રેલીને સંબોધતાં દશેરા પ્રસંગે અમીત શાહે રાફેલ જેટની શસ્ત્રપૂજા સામે સવાલ કરનારી કોંગ્રેસ પાસેથી અનેક મુદ્દે તેના વલણને સ્પષ્ટ કરવા પડકાર ફેંક્યો હતો. દેશની સુરક્ષા માટે રાફેલ જેટને સૈન્યમાં સામેલ કરવામાં મળેલી સફળતા બદલ અમિત શાહે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણપ્રધાન રાજનાથસિંહને અભિનંદન પણ આપ્યા હતા. આ અગાઉ સંરક્ષણપ્રધાન રાજનાથસિંહે રાફેલ જેટની શસ્ત્રપૂજા કર્યા સામે સવાલ કરતા કોંગ્રેસના નેતા સંદીપ દીક્ષિતે જણાવ્યું હતું કે વિજયાદશમીનો ધાર્મિક સંદર્ભ અને રાફેલ વિમાનની શસ્ત્રપૂજાને મેળ નથી ખાતા.

# 'ગ્લોબલ કમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ'માં ભારત ૧૦ અંક નીચે ઉતરી ૬૮મા ક્રમે

- વૈશ્વિક સ્પર્ધામાં ટકવા માટેની ક્યા દેશની કેવી ક્ષમતા છે એ આ રિપોર્ટમાં રજૂ થાય છે : ભારત ગયા વર્ષે ૫૮મા ક્રમે હતું

જિનિવા : વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા નિયમિત રીજે જાહેર થતો ગ્લોબલ કોમ્પિટિટિવનેસ (વૈશ્વિક સ્પર્ધાત્મકતા) રિપોર્ટ જાહેર થયો હતો. એ લિસ્ટમાં ભારતને ૬૮મો નંબર મળ્યો છે. ગયા વર્ષે ભારતનો નંબર આ લિસ્ટમાં ૫૮મા ક્રમે હતો.

એટલે કે ભારતના રેટિંગમાં દસ અંકનો ઘટાડો થયો છે. આ લિસ્ટમાં સૌથી વધુ કમ્પિટિટિવ દેશ તરીકે પહેલા ક્રમે સિંગાપોર છે. કુલ મળીને ૧૪૧ દેશોને આ વર્ષના લિસ્ટમાં સમાવાયા હતા. દુનિયાનું ૯૯ ટકા અર્થતંત્ર આ ૧૪૧ દેશોમાં આવી જાય છે. વિવિધ દેશોમાં આર્થિક વિકાસ માટે કેવું વાતાવરણ છે, તે આ અહેવાલ રજૂ કરે છે. કોઈ પણ દેશ વૈશ્વિક સ્પર્ધામાં ટકવા સક્ષમ છે કે કેમ તે પણ લિસ્ટ દ્વારા ખબર પડી આવે છે. રિપોર્ટ તૈયાર કરતી વખતે દેશમાં વિકાસ માટે પ્રાથમિક જરૂરિયાતો, ક્ષમતા સુધારવા માટેના પ્રયાસો અને નવતર પહેલ કેવીક થઈ છે, એ મુદ્દા ખાસ ધ્યાનમાં લેવામાં આવે છે. રિપોર્ટમાં ભારત વિશે લખ્યું છે કે ભારતની બેન્કિંગ સિસ્ટમમાં ઘણી ગરબડો સામે આવી છે. તેની અસર પણ આ રેટિંગ પર થઈ છે. ભારતની જેની સાથે સીધી સ્પર્ધા છે એ ચીન લિસ્ટમાં ૧૨મા ક્રમે છે. પડોશી દેશ પાકિસ્તાન ૧૧૦મા નંબરે છે. શ્રીલંકા ૮૪મા ક્રમે અને બાંગ્લાદેશ ૧૦૫મા નંબરે છે. ૧૯૭૯થી દર વર્ષે આ લિસ્ટ ઈકોનોમિક ફોરમ દ્વારા રજૂ કરવામાં આવે છે.

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
www.adsgas.ca
416.988.5784
Email:adsgasservice@gmail.com
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

MD MORTGAGE DILIGENT
A STEP AHEAD
Purchase Refinance Renewal/Switch
5 Yrs Fixed @ 2.39%* High Ratio Only
5 Yrs Variable @ 2.64%* High Ratio Only



Rakesh Patel* Vice President- Commercial. Pranay Jani * Nilesh Tailor * Tushar Patel Bala Shah* Vijay Rana*



Rajesh Khurana, MBA
Principal Broker
Cell : 416-616-1300
Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com
Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President
* Some conditions apply

# SkyRoute TRAVEL SERVICES INC.



AIR CANADA · QATAR AIRWAYS القطرية · Lufthansa · Emirates · الاتحاد ETIHAD AIRWAYS

**AHMEDABAD → $1159**
**DELHI ← $999**

**VADODARA → $1199**
**MUMBAI ← $989**

24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*
*Mitesh Shrimali – Ext. 506*

CONSUMER PROTECTION BC · IATA · tico.ca Travel Industry Council of Ontario Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free 1-877-go to sky

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**
Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# વડોદરામાં ધારાસભ્ય શૈલેષ સોટ્ટાની પુત્રીને જાનથી મારી નાંખવાની ધમકી

વડોદરા : વાઘોડિયારોડ રહેતી રતી શૈલેષ મહેતા એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ટેકનોલોજીમાં નેનો ટેકનોલોજી વિભાગમાં માસ્ટરના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. મંગળવારે પોતાની પોલો કાર લઈને ઘેરથી કોલેજ જવા માટે તે નીકળી હતી. માંડવી સુરસાગર થઈ દાંડિયાબજાર ચાર રસ્તા પાસે આવતા ચાર રસ્તા પાસે સિગ્નલ બંધ હોવાથી રતીએ કાર ઉભી રાખી હતી. આ સમયે એક બાઈક ચાલકે કારને ઘસી નાંખતાં તકરાર થઈ હતી જે બાદ બાઈક પર સવાર એક મહિલા નીચે ઉતરીને રતીને અપશબ્દો બોલી મારી નાની છોકરીને વાગી ઈજા થાત તો તેમ કહી જોરજોરથી બોલાચાલી કરી હિન્દી ભાષામાં ધમકી આપી હતી. દરમિયાન આ મહિલાએ કારનું વાઈપર તોડી નાંખી કારનો આગળનો મોટો કાચ તોડી નાંખી હુમલો કરી મારવાની ધમકી ઉચ્ચારી હતી. આ ઘટનાની જાણ થતાં ધારાસભ્ય શૈલેશ મહેતા પણ દોડી આવ્યા હતાં. રાવપુરા પોલીસે સ્કૂટરના ચાલક દંપતી અકબરહુસેન મહંમદરફીક શેખ અને તેની પત્ની અસ્માબેન (રહે.ફિરોઝનગર, તાંદલજા)ની ધરપકડ કરી હતી.

## ફરિયાદને બદલે પોલીસે ઉલટ તપાસ શરૂ કરી

વડોદરા જિલ્લાના ડભોઇના ભાજપના ધારાસભ્ય શૈલેષ સોટ્ટાની પુત્રીની કારને અકસ્માત બાદ થયેલા હુમલાની ફરિયાદ કરવા રાવપુરા પોલીસ સ્ટેશને ગયા બાદ ધારાસભ્યની પુત્રીને પોલીસનો કડવો અનુભવ થયો હતો. ફરિયાદ લેવાના બદલે પોલીસ સ્ટેશન ઓફિસર(પીએસઓ)એ ઉલટતપાસ કરી આમાતો તમારી સામે ફરિયાદ થાય તેવું જણાવી સમાધાન કરવાની સલાહ આપી હતી.

# આણંદમાં શ્વાનોનો આતંક : છેલ્લા ૨૪ કલાકમાં ૨૭ને બચકાં ભર્યાં

• શહેરમાં છેલ્લા ઘણા સમયથી કૂતરા કરડવાના બનાવો વધ્યા છતાં પાલિકા તંત્ર પગલાં લેતું નથી

આણંદ- આણંદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાનનો ત્રાસ બેફામ બન્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૨૭ જેટલા વ્યક્તિઓને શ્વાને બચકાં ભર્યા હોવાના કેસ આણંદની જનરલ હોસ્પિટલમાં નોંધાયા છે. પાલિકા તંત્ર દ્વારા આ મામલે સત્વરે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

વધુમાં જાગૃત નગરજનોના જણાવ્યા મુજબ રખડતા પશુઓની સાથે સાથે છેલ્લા કેટલાક સમયથી આણંદ શહેરમાં રખડતા શ્વાનનો આતંક પણ બેફામ બન્યો છે. આણંદ શહેરના ગુરૂદ્વારા સર્કલ તથા ચોકસી બજાર સહિતના વિસ્તારોમાં રખડતા કૂતરાંઓના કારણે માર્ગ પરથી પસાર થતા રાહદારીઓને શ્વાન કરડવાની ભીતિ કોરી ખાઈ રહી છે. ખાસ કરીને વહેલી પરોઢ તેમજ મોડી રાત્રિના સુમારે ગલીએ ગલીએ રખડતા કૂંતરાઓનો આતંક બેફામ બન્યો છે ત્યારે પાલિકા તંત્રની ટીમ દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# આણંદમાં ધોળા દિવસે રૂપિયા ૪૫ લાખ ભરેલા થેલાની દિલધડક લૂંટ

આણંદ : આણંદ નજીક લાંભવેલ ખાતે રહેતા અને ગામડીવડ ખાતે વી. પટેલ આંગણીયા પેઢી ચલાવતા જયંતિભાઈ ઠક્કર એક થેલામાં રૂ.૪૬ લાખ રૂપિયા ભરીને પોતાના પુત્ર અમિત સાથે બાઈક પર સવાર થઈને આંગણીયા પેઢીએ જવા નીકળ્યા હતા. ૭.૫૦ મિનિટે એસ્સાર પેટ્રોલપંપ નજીકથી પસાર થતા હતા ત્યારે પાછળથી બાઈક પર બે બુકાની ધારી શખ્સો આવી ચઢયા હતા અને બાઈકની પેટ્રોલની ટાંકી ઉપર મુકેલો રૂપિયા ભરેલો થેલો લૂંટીને ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ આણંદ રૂરલ પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે ઘસી ગયો હતો અને લૂંટનો ભોગ બનેલા પિતા-પુત્રની પુછપરછ કરીને લૂંટારાના સગડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. એસ્સાર પેટ્રોલપંપ અને નજીકમાં આવેલી સ્કુલના સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવી રહ્યા છે.

# ડાકોરમાં શોભાયાત્રા વખતે ગજરાજ પર બેસવા બાબતે સેવકો બાખડ્યા

• પડાપડી થતાં બોલાચાલી થઈ અને મામલો બિચક્યો : જળવાતા શોભાયાત્રા કાઢવામાં વિલંબ થયો



નડિયાદ : ડાકોર મંદિરમાં મંગળવારે વિજયાદશમી નિમિતે શ્રીજીની શાહી સવારી નિકળી હતી.જો કે પાવન પ્રંસગ હોવા છતા ટ્રસ્ટીઓ ગેરહાજર રહ્યા હતા અને સેવકો ગજરાજ પર બેસવા માટે અંદરો અંદર બાખડી પડતા શોભાયાત્રા સમય કરતા મોડી શરૂ થઈ હતી. સુપ્રસિધ્ધ ડાકોર રણછોડરાયજી મંદિર ખાતે આજે દશેરાના તહેવાર નિમિત્ત શ્રીજીને રાજા રામના રૂપમાં ધનુષ, બાણ જેવા શસ્ત્રો તેમજ જવારા ધારણ કરાયા હતા. સાંજે ૫ વાગ્યે ઉત્થાપન આરતી બાદ મંદિરમાંથી અંબાડીથી સુશોભિત ગજરાજ પર ગોપાલલાલજી મહારાજની પધરામણી કરાવી ભવ્ય સવારી કાઢી હતી.જો કે શોભાયાત્રા અડધો કલાક મોડી હતી. વળી ટેમ્પલ બોર્ડના સભ્યોની ગેરહાજરી નગરજનોને આંખે ઉડીને વળગી હતી.તેમજ નવા નિમાયેલા મેનેજર મંદિરની આ બધી બાબતોથી અજાણ હોવાના કારણે પણ યાત્રા મોડી નિકળી હોવાનો ગણગણાટ થયો છે.

# ઓડપાલિકાના પ્રમુખની ચૂંટણી ૧૪મીએ થવાની જાહેરાતથી હલચલ

આણંદ- આણંદ જિલ્લાની ઓડ નગરપાલિકાના કોંગ્રેસના પ્રમુખ પ્રશાંતભાઈ પટેલે ગત તા.૨૬ના રોજ જિલ્લા કલેક્ટરને પોતાના પદ પરથી રાજીનામું આપ્યુ હતુ. જે અંતર્ગત જિલ્લા કલેક્ટરે સત્તાની રૂએ ત્રીજી તારીખના રોજ ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. જેને લઈ કોંગ્રેસ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવતા હાઈકોર્ટે તા.૯મી સુધી કામચલાઉ સ્ટે આપી વધુ સુનાવણી રાખી હતી. જો કે ગત તા.૪ના રોજ હસમુખભાઈ મકવાણાએ હાઈકોર્ટમાં પીટીશન કરતા તેની સુનવણી હાથ ધરાઈ હતી. જેમાં ગત તા.૭મી ઓક્ટોબરના રોજ હાઈકોર્ટ દ્વારા પાલિકા પ્રમુખની ચૂંટણી અંગેનો સ્ટે ઉઠાવી લેવામાં આવ્યો હતો. હવે કલેક્ટરે તા.૧૪મી ઓક્ટોબરના રોજ પ્રમુખની ચૂંટણી યોજવાનું જાહેરનામુ બહાર પાડતા જ ઓડ ગામે રાજકારણ ગરમાયું છે.

# જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ વિરુદ્ધની કાર્યવાહીને પડકારતી રીટ રદ કરાઈ

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખે અવિશ્વાસની દરખાસ્તની કાર્યવાહીને પડકારતી રીટ હાઈકોર્ટે રદ કરી છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ,જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પન્નાબેન ભટ્ટ સામે અવિશ્વાસની દરખાસ્ત મુકાતાં કુલ ૩૬માંથી ૩૦ સભ્યોએ તેમની વિરૂધ્ધ મતદાન કર્યું હતું.જ્યારે,તેમની તરફેણમાં ૬ મત રહ્યા હતા.

પન્નાબેને તેમની સામે થયેલી અવિશ્વાસની કાર્યવાહી ખોટી રીતે થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો.આ કાર્યવાહી દરમિયાન તેમને બોલવાની તક નહી આપી હોવાની, ઉપપ્રમુખે મત આપ્યો હોવાની તેમજ સભ્યોએ દબાણમાં મતદાન કર્યું હોવાના આક્ષેપો કર્યા હતા. હાઈકોર્ટે આ રીટ રદ કરી છે.

## ઉપપ્રમુખ સામેની દરખાસ્તનું કામ ભાજપે અસંતુષ્ટોને સોંપ્યુ

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનું શાસન ડામાડોળ કરનાર ભાજપના નેતાઓએ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્ત માટેની જવાબદારી કોંગ્રેસના જ એક અસંતુષ્ટ જૂથને અપાઇ છે. પ્રાપ્ત વિગતો મુજબ,કોંગ્રેસની જૂથબંધીનો લાભ લેવા માટે ભાજપના કેટલાક આગેવાનો સક્રિય બન્યા હતા અને તેમણે પૂર્વ મહિલા પ્રમુખ પન્નાબેન ભટ્ટ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરાવવા માટે નીલાબેન ઉપાધ્યાય જૂથને ટેકો આપી પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરાવી હતી. હવે ભાજપે ઉપપ્રમુખ એમ આઇ પટેલને સત્તા પરથી દૂર કરવા માટે પૂર્વ પ્રમુખ પન્નાબેન ભટ્ટ જૂથને ટેકો આપવાનું નક્કી કર્યું છે.આ માટે જિલ્લા પંચાયતમાં જ ભાજપના કેટલાક આગેવાનોએ કોંગ્રેસના અસંતુષ્ટ જૂથ સાથે આજે મીટિંગ કરી હતી.




# મૂળ વડોદરાના કમલેશ રાજપૂતનું યુકેમાં 'બ્રિટિશ એકાઉન્ટન્સી એવોર્ડ'થી સન્માન

વડોદરા : વડોદરામાં વાડી વિસ્તારમાં ઝૂંપડાંમાં રહેતા કમલે રાજપૂત નામના અત્યંત ગરીબ યુવકે આ સિધ્ધાંતને અનુસરીને જે સિધ્ધિ પ્રાપ્ત કરી છે તે અકલ્પનીય છે. વાડી-ગાજરાવાડી બસ સ્ટોપ પાસે ઝૂંપડાંમાં રહેતા રહેતા કમલેશ રાજપૂતે ઉચ્ચ અભ્યાસ કર્યો. તેના આધારે તેઓ યુનાઈટેડ કિંગડમ પહોંચ્યા અને ચાર દિવસ પહેલા તેમને 'બ્રિટિશ એકાઉન્ટન્સી એવોર્ડ-૨૦૧૯'થી સન્માનીત કરવામાં આવ્યા. આ એવોર્ડને એકાઉન્ટન્સી પ્રોફેશનલ્સમાં 'નોબેલ' સમાન ગણવામાં આવે છે. કમલેશભાઈએ યુ.કે.થી વાત કરતા પોતાના જિંદગીના પ્રવાસનું વર્ણન કર્યુ હતું કે 'મારો જન્મ અત્યંત ગરીબ પરિવારમા થયો હતો. મારૂં સ્કૂલ શિક્ષણ ગીતા મંદિરમાં થયું અને ગ્રેજ્યુએશન તથા બેન્કિંગ એન્ડ ફાયનાન્સમાં માસ્ટર ડિગ્રી એમ.એસ. યુનિવર્સિટીમાં કરી. મારા ઉચ્ચ અભ્યાસનો ખર્ચ મારા પિતાને પરવડે તેમ ન હતો એટલે હું ચાની લારી પર કામ કરતો હતો, બરફ વેચતો હતો, છાપા વેચતો હતો, મિત્રો અને પરિચિતો ફીના, ચોપડાના પૈસા આપતા હતા. ઝૂંપડાંમાં લાઈટ ન હતી એટલે ઘર નજીક સ્ટ્રીટ લાઈટની નીચે જ મેં ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ કર્યો હતો.

# રૂપાલમાં માતાજીની પલ્લીમાં ૧૦ લાખ ભક્તોએ ઊમટયા: ઘીની નદીઓ વહી





ગાંધીનગર: રૂપાલ ખાતે નોમના દિવસે સોમવારે સુપ્રસિદ્ધ વરદાયિની માતાની ભવ્યાતિભવ્ય પલ્લી યોજાઇ હતી. જેમાં અંદાજે ૧૦ લાખથી વધુ ભક્તો જોડાયા હોવાનું અનુમાન છે. રૂપાલ ગામમાં પાંડવકાળથી ચાલી આવતી પલ્લીના મેળામાં હજારો કિલો ઘી માતાજીની પલ્લીમાં ચઢાવાયું હતું. જેના કારણે રૂપાલ ગામમાં ઘીની નદીઓ વહેતી હોય તેવા દશ્યો સર્જાયા હતા.

ગાંધીનગર રૂપાલ ખાતે સોમવારે રાત્રે ૧૨ વાગે મંદિર પરિસરમાંથી પલ્લીની શરૂઆત થઇ હતી. પલ્લી માતાજીના મંદિરની સામે બનાવેલા પલ્લી મંદિરમાં આવતા શ્રદ્ધાળુઓનો મહાસાગર ઉમટી પડ્યો હતો. પલ્લી ઉપર ૨૦ કરોડથી વધુનાં ચાર લાખ કિલો ઘીનો લોકો દ્વારા અભિષેક કરી વરદાયિની માતાને ચઢાવવામાં આવ્યુ હતુ. સુપ્રસિદ્ધ વરદાયિની માતાની પલ્લીનું ગુજરાત જ નહી, પરંતુ દેશ-વિદેશમાંથી લોકો પલ્લીના મેળાનો મહિમા અનુભવવા આવ્યા હતા. મેળામાં થતી ભીડને ધ્યાને રાખી સુરક્ષા પણ સઘન બનાવવામાં આવી હતી. પાંડવોના સમયથી ચાલતી વરદાયિની માતાની પલ્લીમાં આ વખતે પલ્લી માટે ૫૦૦થી વધુ પોલીસ અને સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા.

## પ્રાંતિજમાં બ્રહ્માણી માની પલ્લીમાં હજારો કિલો શુદ્ધ ઘીનો અભિષેક

પ્રાંતિજ : પ્રાંતિજ શહેરમાં નવરાત્રીના નોમના દિવસે સોમવારે રાત્રે સવા એક વાગે પ્રાંતિજ નાનીભાગોળમાં આવેલા મા બ્રહ્માણીનીના મંદિરેથી ભારે ઉત્સાહ પૂર્વક ઢોલ નગોરાં અને ત્રાંસાના નાદ સાથે અને જય અંબેની ગુંજ સાથે હજારો કીલો શુદ્ધ ઘીનો અભિષેક પલ્લીમાં થયો હતો અને પલ્લીમાં હજારો શ્રદ્ધાળુ માઈ ભકતો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ નગરમાં નીકળનારી પલ્લીની કથા ભારે રસસ્પદ છે. ગુજરાત રાજયમાં માત્ર બે જગ્યાએથી પલ્લી નીકળે છે.(૧) ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે (૨)સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગામેપ્રાંતિજ શહેરમાં નાનીભાગોળ પટેલ વાસમાં મા બ્રહ્માણીનું મંદિર આવેલું છે. પ્રતિ વર્ષે પ્રાંતિજ નગર તેમજ જિલ્લામાંથી શ્રદ્ધાળુ માઈ ભકતો માના દર્શનાથે આવે છે અને જેની મનોકામના પૂર્ણ થઈ હોય તે ભકતો પલ્લી પર શુદ્ધ ઘી ચઢાવવાની બાધા રાખે છે.અને આ રીતે પલ્લી પર હજારો કિલો શુદ્ધ ઘી નો અભિષેક થાય છે મા બ્રહમાણીની પલ્લી નીકળતા પહેલાં આરતી ઉતારવામાં આવે છે.

# રાધનપુર, બાયડ, લુણાવાડા બેઠક પર ભાજપમાં આંતરિક અસંતોષ

- **નીતિન પટેલ-વાઘાણી જૂથે જ શંકર ચૌધરીને ટિકિટ ન મળે તેવા પ્રયાસો કર્યાં ને અલ્પેશ ઠાકોરને ફાવતું જડ્યું**

અમદાવાદ- પેટાચૂંટણી પહેલા ભાજપના પ્રદેશના નેતાઓનો જૂથવાદ બરોબર જામ્યો છે. પૂર્વ આરોગ્ય મંત્રી શંકર ચૌધરી માટે હવે વિધાનસભાના દ્વાર બંધ થઇ ગયાં છે. હવે શંકર ચૌધરી માટે ધારાસભ્ય બનવાની તક રહી નથી.

નિતીન પટેલ અને જીતુ વાઘાણી જૂથે જ શંકર ચૌધરીને ટિકીટ ન મળે તેવા ભરપૂર પ્રયાસો કરતાં અલ્પેશ ઠાકોરને ફાવતુ ફાવ્યુ છે. જોકે, શંકર ચૌધરીનુ પત્તુ કપાતાં ચૌધરી મતદારો ભાજપથી ભારોભાર નારાજ છે.જે ભાજપ-અલ્પેશ ઠાકોરને સબક શિખવાડવાના મૂડમાં છે. લુણાવાડા,રાધનપુર અને બાયડમા 'ય ભાજપ માટે જીત એટલી આસાન નથી. લુણાવાડામાં જીજ્ઞેશ સેવકને ટિકીટ આપતાં પાટીદારો રિસાયાં છે કેમકે, જે.બી.પટેલ મજબૂત દાવેદાર હોવા છતાંય હાઈકમાન્ડે જ્ઞાતિવાદ રાજકારણ ખેલીને બ્રાહ્મણ ઉમેદવારની પસંદગી કરી છે. આંતરિક જૂથવાદને કારણે આ બેઠક પર ઓબીસી-એસટી મતો મેળવવા ભાજપ માટે અઘરાં છે. બાયડમાં ધવલસિંહ ઝાલાની મતદારોમાં પક્ષપલટુ તરીકેની છાપ છે. આ બેઠક પર શંકરસિંહ વાઘેલા પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા ધવલસિંહની જીતમાં અવરોધ સર્જી શકે છે. રાધનપુરમાં ય અલ્પેશ ઠાકોરને ત્રણ ઠાકોર ઉમેદવાર અને બે અપક્ષ ઉમેદવાર નડી શકે છે.

# એરંડાના ભાવવધારા મુદ્દે પાટણ ગંજબજાર ત્રીજા દિવસે પણ બંધ

પાટણ : પાટણ નવાગંજ માર્કેટયાર્ડના વેપારીઓ દ્વારા એનસીડીએક્સ અને મોટા ઉદ્યોગપતિઓની મીલીભગતથી એરંડામાં કૃત્રિમ મંદી ઉભી કરવામાં આવી હોવાના વિરોધમાં પાડેલ અચોક્કસ મુદતની હડતાળ આજેપણ યથાવત રહેવા પામી હતી.

ખેડૂતો અને નાના વેપારીઓને નીચા ભાવથી માલ વેચવાની ના પાડવામાં આવતી હોવાના કારસાને લઈ પાટણ નવાગંજ માર્કેટયાર્ડ સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના અનાજ મંડી બજારના વેપારીએ આ હડતાળને સમર્થન આપ્યું છે. બુધવારે સતત ત્રીજા દિવસે માર્કેટયાર્ડ બંધ રહેતા કરોડો રૂપિયાનું ટર્ન ઓવર ઠપ્પ થઈ જવા પામ્યું છે. નવાગંજ માર્કેટયાર્ડના ખેડૂત ભવન ખાતે તમામ વેપારીઓએ એકત્રીત થઈ સરકાર દ્વારા કોઈ ચોક્કસ નિર્ણય ન લેવાય ત્યાં સુધી આ હડતાળને ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો છે.

"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance
We represent many insurance companies, we can shop around for best rates.



Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

Matrimonial
Gujarati Hindu 42 KP Samaj Parents invite a marriage proposal for their Son, born in Nov 1994, , fair skin, height 5' 6" Canadian Citizen living in Ontario since 20 years, well educated CPA B Comm Accounting, working in a well reputed firm and doing businesses as well. Looking for well educated, good looking fair skin Gujarati girl having citizenship/PR of Canada.
Please send Bio-data at; maheshcanca@yahoo.ca
or 613 922 2322.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

# ઘરે ઘરે દારૂ પીવાય છે કહીને ગેહલોતે ગુજરાતીઓનું અપમાન કર્યું: રૂપાણી

અમદાવાદ: વ્યક્તિગત રીતે હું દારૂબંધીનું સમર્થન કરું છું. આઝાદી બાદથી ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ છે, પરંતુ ત્યાં દારૂની ખપત સૌથી વધુ છે, ઘરે-ઘરે દારૂ પીવાય છે, એમ રાજસ્થાનના મુખ્ય પ્રધાન અશોક ગહલોતના નિવેદન સામે ગુજરાત ભાજપ અને સરકાર બન્ને મેદાનમાં આવી ગયા છે. મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ કહ્યું હતું કે, અશોક ગેહલોતે ગુજરાતની જનતાની માફી માગવી જોઈએ. તમામ ગુજરાતીઓને દારૂડીયા કહ્યા છે, તે તેમને શોભતું નથી. મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, એક પછી એક ચૂંટણી હાર્યા પછી અને રાજસ્થાનમાં બધી જ લોકસભાની સીટ કૉંગ્રેસ હારી ગયા પછી કૉંગ્રેસને કળ વળી નથી. બધા કૉંગ્રેસીઓના જીભ અને મગજનાં જોડાણ તૂટી ગયા હોય તેમ લાગે છે. ગેહલોતજીએ, ગુજરાતમાં ઘરે ઘરે દારૂ પીવાય છે તેવું કહીને સડા છ કરોડ ગુજરાતીઓનું અપમાન કર્યું છે. ગુજરાત કૉંગ્રેસે જવાબ આપવો જોઈએ. દરમિયાન ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ પણ અશોક ગેહલોતના આ નિવેદન સામે અનેક સવાલો કરીને કૉંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કર્યા હતા.

## ગુજરાતનો એક કિ.મી. એવો વિસ્તાર નતી જ્યાં પોટલી ન મળે : શંકરસિંહ

અમદાવાદ: ગુજરાતમાં દારૂબંધી પર રાજસ્થાનના મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે ગઈ કાલે જણાવ્યું હતું કે, વ્યક્તિગત રીતે હું દારૂબંધીનું સમર્થન કરું છું. દારૂબંધીનો એકવાર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ તેનો અમલ નિષ્ફળ રહ્યો હતો જેથી પ્રતિબંધને હટાવી દેવામાં આવ્યો હતો. શંકરસિંહ વાઘેલાએ વધુમાં જણાવતા કહ્યું હતું કે, અશોક ગેહલોતે શાબ્દિક રીતે કંઈ કહ્યું હશે પરંતુ રાજ્યનો કોઈ એવો વિસ્તાર નહીં હોય કે ત્યાં દારૂની પોટલીઓ ન મળતી હોય. હું ગાંધીનગરમાં રહું છું. જો રાજ્યપાલ અને મુખ્ય પ્રધાનના બંગલાની પાછળ દારૂની ભઠ્ઠીઓ ધમધમતી હોય તો દારૂબંધી કેવી?

## સરકાર લાજવાને બદલે ગાજે છે: કૉંગ્રેસ

અમદાવાદ: ગુજરાતમાં રોજ કરોડો રૂપિયાનો દારૂ ઠલવાય છે, ભ્રષ્ટાચારમાં ગળાડુબ ભાજપ સરકાર અને તેનો ગૃહ વિભાગ તથા અને મુખ્ય પ્રધાન અસામાજિક તત્ત્વોની સાઠગાંઠ, કાગળ પરની દારૂબંધી, ભ્રષ્ટાચાર કશું નક્કર કરવાને બદલે, લાજવાને બદલે ગાજવાનું બંધ કરે, એમ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું. રાજસ્થાન મુખ્ય પ્રધાનના દારૂબંધીના નિવેદન અંગે ગુજરાતના મુખ્ય પ્રધાનના પ્રત્યાઘાત પર આકરા પ્રહાર કરતાં ડૉ. દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધી, સરદાર, ઈન્દુ ચાચા, પૂ. રવિશંકર મહારાજના ગુજરાતની દુહાઈ દેવાને બદલે ભાજપ સરકાર લોકતંત્રમાં જવાબદારીથી સાચી દિશામાં નક્કર કામગીરી કરે. ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે.

# ઓઢવમાં લિવ ઈન રિલેશનશીપમાં રહેતા યુવક-યુવતીએ આપઘાત કર્યો

- યુવતીનો પલંગ પર અને યુવકનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો

અમદાવાદ : ઓઢવ વિસ્તારમાં ભાડાના મકાનમાં લિવ ઈન રિલેશનશીપમાં રહેતા યુવત-યુવતીએ આપઘાત કર્યો હતો, પોલીસે બંધ મકાનનો દરવાજો તોડીને જોયું તો પલંગ પર યુવતીનો મૃતદેહ હતો અને યુવકનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં મૃતદહ પાસેથી મળેલી ચિઠ્ઠીમાં પ્રેમ સબંધથી યુવકના પરિવારજનો નારાજ હતા જેથી અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે. રાજસ્થાનના વતની લક્ષ્મણરામ પાબુરામ ચૌધરી (ઉ.વ.૨૧) અને મુંબઈની પુજાબહેન રબબનભાઈ તરકેસ ( ઉ.વ.૨૩) ૧૫ દિવસ પહેલાં જ ઓઢવમાં છોટાલાલની ચાલી સામે આવેલા ક્રિષ્ના એપાર્ટમેન્ટમાં ભાડે રહેવા આવ્યા હતા. બંધ મકાનમાં ભયંકર દુર્ગંધ મારતી હોવાથી પડોશીએ પોલીસ કન્ટ્રોલમાં જાણ કરી હતી. જેને લઈને ઓઢવ પોલીસે ત્યાં જઈને મકાનનો દરવાજો તોડીને અંદર તપાસ કરી તો બેડ રૂમમાં પલંગ પર યુવતીનો મૃતદેહ પડેલો હતો જ્યારે યુવકનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ જોઈને પોલીસે પણ ચોંકી ઉઠી હતી.

પોલીસે તપાસ કરતાં મૃતદેહ પાસેથી યુવતીએ લખેલી સુસ્યાઈડ નોંટ મળી હતી જેમાં તેણીના આપઘાત પાછળ લક્ષ્મણ નિર્દોષ હોવાનું લખેલું હતું જ્યારે યુવકે લખેલી સ્યુસાઈડ નોંટમાં પ્રેમ સબંધ અંગે કાકા સહિત કુંટંબીજનો નારાજ હોવાથી આ પગલું ભર્યું હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, હાલ તો ઓઢવ પોલીસે અકસ્માતે મોત નોધી વધુ તપાસ હાથ ધરી છે. ઓઢવ પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઈ, આર.જી.જાડેજાના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં યુવતીએ ઝેરી દવા ગટગટાવીને આત્મહત્યા કરી હોવાનું બહાર આવી રહ્યું છે. જો કે એફએસએલ રિપોર્ટ બાદ યુવતીના મોતનું ચોક્કસ કારણ જાણવા મળશે. પોલીસ પુછપરછમાં યુવક અને યુવતી વધારે સમયમાં રૂમમાં જ રહેતા હોવાથી પડોશી લોકોનો કોઈ સંપર્ક થતો ન હતો.

# ગુજરાતની ૨૭ જેલમાંથી ૯૭૨થી વધુ કાચા-પાકા કામના કેદીઓ ફરાર થયાં

- ૧૯૭૧માં અમદાવાદની સાબરમતી જેલમાંથી ભાગેલો અલ્લાબક્ષ ફકીર મહંમદ પકડાયો નથી

અમદાવાદ- ચાંદખેડા પોલીસ મંગળવારે રાત્રે દસ વાગે સિવિલ હોસ્પિટલમાં ૪ ઘરફોડીયા ચોરની સારવાર કરાવવા ગઈ હતી. ત્યારે બે ચોર પોલીસને ધકકો મારીને ફરાર થઈ ગયા હતા. તેમનો કોઈ પત્તો લાગ્યો નથી. બીજી તરફ રાજ્યની ૨૭ જેલોમાં ૯૭૨થી વધુ કાચા અને પાકા કામના કેદીઓ ફરાર થઈ ગયા છે. કેદીઓ જાપ્તામાંથી, વચગાળાના જામીન મેળવીને ફર્લો, અને પેરોલ લઈને ભાગેલા આરોપીઓને પકડવા માટે ફર્લો સ્કવોર્ડ બનાવવામાં આવી છે. છતાં ફર્લો સ્કવોર્ડને પણ પુરતી સફળતા આરોપીઓને પકડવામાં મળતી નથી. ૯૭૨ પૈકીના ૧૦ તો દાણચોરો,આર્મી એકટના ગુનાનો આરોપી, હત્યાનો આરોપી તેમજ વચગાળાના જામીન લઈને ગયેલા કેદીઓ ફરાર તેમજ પેરોલમાંથી પરત નહી આવેલા કેદીઓનો સમાવેશ થાય છે. અમદાવાદની સાબરમતી જેલમાંથી ભાગેલો એક આરોપી ૪૬ વર્ષથી મળતો નથી અલ્લાબક્ષ ફકીર મહંમંદ મકરાણીને ૧૯૬૯માં હત્યાના આરોપસર સજા પડી હતી. ૧૯૭૧ સુધી તે અમદાવાદની સાબરમતી જેલમાંથી ભાગેલો તેણે આજ દિન સુધી ગુજરાતની બાહોશ પોલીસ શોધી શકી નથી. આ ઉપરાંત વડોદરાની જેલમાંથી પેરોલ મેળવીને ગૌતમ જયંતીલાલ પરીખ ૧૯૬૭માં પકડાયો હતો. તેણે પોલીસે આર્મી એકટના ગુનામાં પકડયો હતો. કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી.

# કોસંબામાં કાર કન્ટેનર સાથે અથડાતાં ૨ જણાંના મોત, પતરું કાપી બહાર કઢાયાં

સુરત : સુરત જિલ્લાના કોસંબાની સાવા ચોકડી પાસે નેશનલ હાઈ વે નંબર ૪૮ પર ઈકો કાર ઉભેલાં કન્ટેનર પાછળ ધડાકાભેર ઘૂસી જતાં બે લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. અકસ્માતની ભયાવહતા તમે એ વાત પરથી સમજી શકો છો કે, ઈકો કારનું પતરું કાપીને લાશોને બહાર કાઢવી પડી હતી. હાલ કોસંબા પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. કલોલથી ઈકો કારમાં (જીજે ૧૮ બીજે ૧૨૬૫) ચાર વ્યક્તિઓ બારડોલી કામ માટે જઈ રહ્યાં હતાં. તે દરમિયાન વહેલી સવારે કોસંબા પાસે મહુવેજ ગામની સીમમાં ચોકલેટ બનાવતી ફેક્ટરી સામે નેશનલ હાઈ વે નંબર ૪૮ પરથી જતી હતી. ત્યારે રોડની એકબાજુ



ઉભેલા ટ્રેલર (જીજે ૧૨ એયુ ૮૧૪૩) પાછળ ઈકો કાર ધડાકાભેર અથડાઈ હતી. જેમાં ઘટના સ્થળે બે લોકોનાં મોત નીપજ્યાં હતા. જ્યારે બે લોકોનો બચાવ થયો છે.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોક્લવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# યુએસમાં ઓલપાડના યુવાનની છાતીમાં ગોળી મારી હત્યા, લાશ ઘર પાસે ફેંકી



કીમ નજીક મુળદ ગામનાં લાલચુડા સમાજ પરિવારનાં ૧૯ વર્ષીય યુવકની અમેરિકાના કવિંસમાં ગોળી મારી હત્યા કરાઈ છે. બિઝનેશ મેનેજમેન્ટનો અભ્યાસ કરતાં યુવકની હત્યા બાદ લાશ તેના ઘરઆંગણે ફેંકી દેવાયાની વાતે સમાજ સ્તબ્ધ થઈ ગયો છે.પ્રાપ્ત માહિતી અનુસાર કીમ નજીક મૂળ મુળદ ગામનાં રહીશ અને લાલચુડા સમાજનાં ચંદ્રકાંત ભાઈ પટેલ છેલ્લા કેટલાક વર્ષોથી અમેરીકાનાં કવિંસ ખાતે પરિવાર સાથે સ્થાયી થયા છે. પરિવારમાં બે પુત્રો પૈકી મોટો પુત્ર જય ચંદ્રકાંત પટેલ (ઉ.વ.૨૧) અમેરિકા ખાતે આવેલ નસાઉ યુનિવર્સિટીમાં બિઝનેસનો અભ્યાસ કરે છે. ગઈકાલે જય પટેલ કોલેજ ગયા બાદ પરત આવ્યો ન હતો. અમેરિકાનાં સમય અનુસાર બપોરે ૩ કલાકે લાલ કલરની ટોયેટો કેમરી ગાડીમાં આવેલા અજાણ્યા કેટલાક ઈસમો જય પટેલને ઘરઆંગણે ફેંકી ગયા હતાં. પરિજનો આ દ્રશ્ય જોઈ ચોંકી ઉઠયા હતાં. તેમણે જોયું તે લોહીલુહાણ હતો. લોહીથી લથબધ જય નિષ્પ્રાણ થઈ ચૂક્યો હતો. તેના છાતીના ભાગે ગોળી મારવામાં આવી હોવાનું જણાયું હતું. આકસ્મિક બનેલી ઉપરોકત ઘટનાનાં પગલે પટેલ પરિવાર હેબતાઈ ગયો હતો. અમેરિકા ખાતે રહેતા ગુજરાતીઓમાં આ ઘટનાની વાયુવેગે વાત પ્રસરી જતા સમગ્ર ગુજરાતી પરિવારોમાં સદર હત્યાનાં પગલે રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. ત્યારે ગત મોડી રાત્રે કીમ નજીક મુળદ ગામ માં જય પટેલની હત્યાનાં સમાચારથી સમાજમાં શોક ફેલાઈ ગયો હતો.

# સુરત એરપોર્ટ પર કાર્ગો ટર્મિનલ ૩૧ ડિસેમ્બર સુધી કાર્યરત થશે




સુરત : સુરતના ઉદ્યોગકારો, ફાર્મરો વર્ષોથી રાહ જોઈ રહેલ સુરત એરપોર્ટનું એર કાર્ગો ટર્મિનલનું કામ પૂર્ણ થયું છે. સી.સી.ટી.વી. અને એને સંબંધિત કામ જ હવે બાકી રહ્યું છે.

સુરક્ષા પ્રણાલી માટે તાજેતરમાં એ.એ.ઈ.સી.એલ.એસ. પાસેથી સુરત એરપોર્ટને ગ્રાન્ટ મળી છે, જે ૩૦ નવેમ્બર ૨૦૧૯ સુધી પૂરી પાડવામાં આવશે. આ કાર્ગો ટર્મિનલના ઓપરેશન માટે બી.સી.એ.એસ. ક્લિયરન્સ જરૂરી રહેશે. બી.સી.એ.એસ. ક્લિયરન્સ સાથે ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં સુરત કાર્ગો ટર્મિનલની કામગીરી શરૂ થઈ શકે છે, તેમ સુરત એરપોર્ટ ડાયરેક્ટરે એક ટ્વિટ્ટ દ્વારા જણાવ્યું છે. આ ઉદ્દઘાટન વિધીમાં ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રેહવા માટે એવિએશન મિનિસ્ટર શ્રી હરદીપ સિંગ પુરીને સુરત એરપોર્ટ એકશન કમીટીએ આમંત્રણ આપતુ ટ્વિટ કર્યું છે. જો હરદીપ સિંગ પુરી સુરત એરપોર્ટના મુલાકાતે આવશે તો સુરત એરપોર્ટના ઘણા સમસ્યાઓનું ઉકેલ પણ આવશે .

# ડાંગ જિલ્લામાં આચાર્ય-શિક્ષિકાના રંગરેલિયાનો વીડિયો વાયરલ થયાં

ડાંગ : તાજેતરમાં જ ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં સમાવિષ્ટ એક શાળાના મુખ્ય શિક્ષક અને તે જ શાળાની પરિણીત શિક્ષિકા વચ્ચેના પ્રેમપ્રકરણ અને તેની અંગત પળોની વીડિયો કલીપે ચકચાર મચાવી દીધી છે.

આ ઘટના બાદ વિવાદ વકરતા શિક્ષણ વિભાગે બન્નેની બદલી કરી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો છે. વઘઈ તાલુકામાં સમાવિષ્ટ એક પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અને શિક્ષિકા પ્રણયફાગ ખેલવામાં વ્યસ્ત રહેતા હતા. આ બન્નેના કેટલાક આપત્તીજનક કહો કે અશ્લીલ ફોટો અને વીડિયો શિક્ષકોમાં જ વાયરલ થયા હતા. વાત વધીને વાલીઓ સુધી પહોંચતા મામલો ગરમાયો હતો. ગામ લોકોએ પોતાના બાળકોનું હિત જોતા શાળાએ જઈ હોબાળો મચાવતા શિક્ષણ તંત્ર દોડતું થયું હતું. વિવાદ વકરે એવું લાગતા ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એમ.સી.ભૂસારાએ ટી.પી.ઓ.દ્વારા પ્રથમ તપાસ કરાવી હતી. જેમાં શિક્ષણ અને શિક્ષિકાના અંગત પળોની વીડિયો કલીપ અને ફોટા સાચા હોવાનું તથા બન્નેની અંગત પળોની તસવીરો અને વીડિયો પણ મુખ્ય શિક્ષકે પોતે જ બનાવ્યો હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ આ મુખ્ય શિક્ષક અને શિક્ષિકાની અલગ અલગ જગ્યાએ બદલી કરી દેવાઈ છે.

# સુરતમાં ગેંગવોર: બુટલેગરોનું ૭ રાઉન્ડ ફાયરિંગ, વિદ્યાર્થીનું ગોળી વાગતાં મોત

સુરત : પલસાણા તાલુકાના જોળવા ગામે મૂળ ઓડીસાના બે બુટલેગરો વચ્ચે જૂની અદાવતને કારણે થયેલી ગેંગવોરમાં એક બુટલેગરે ભાડુતી માણસો બોલાવી ફાયરિંગ કરાવતા બુટલેગરને ત્રણ જેટલી ગોળી વાગી હતી, પરંતુ આ ઘટનામાં નજીકથી પસાર થતા એક નિર્દોષ વિદ્યાર્થીને ગોળી વાગતા તેનું મોત નીપજ્યું હતું. મૂળ ઓડિસાના અને હાલ જોળવા આરાધના ડ્રીમ સોસાયટી ખાતે રહેતા મોહન પરસોત્તમ પરીડા (ઉ.વ ૨૨) વિદેશી દારૂનો ધંધો કરે છે. તેને તેના વતનનો અને તેના જ ગામના બન્નો માલિયા નામના બુટલેગર સાથે જૂની અદાવત છે. ત્રણ દિવસ અગાઉ બન્ના અને મોહન વચ્ચે ઝઘડો થયો હતો. આ બાબતે અદાવત રાખી બન્નાએ સુરતથી ભાડુતી માણસો મંગાવ્યા હતા. મોહન તેની હોટલ પર હાજર હતો, ત્યારે જયેશ, મુન્નો, વિક્કી, ભગવાન સહિત અન્ય ૧૫ જેટલા ઈસમો સાથે મોહનની હોટલ ઉપર પહોંચી ગયા હતા, અને મોહન કંઈ સમજે તે પહેલાં તેના ઉપર આ ટોળકીએ ત્રણ તમંચા વડે આડેધડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું આ દરમિયાન મોહનને બન્ને પગના સાથળના ભાગે, જમણી બાજુએ, પેટના ભાગે ગોળી વાગી હતી. જ્યારે આ ઘટના બની ત્યારે જોળવા ગામના રોશન રાઠોડ, વિવેક રાઠોડ તેમજ સંતોષ નામના યુવાનો જીમમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા, જેમાં રોશનને છાતીના ભાગે ગોળી વાગી ગઈ હતી. મુખ્ય રોડ પર ફિલ્મી દ્રષ્યોની જેમ આડેધડ ફાયરિંગ કરતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ત્યારે બન્ને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મોહન ચલથાણ સંજીવની હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે, જ્યારે રોશન રાઠોડને કડોદરા મોદી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે સુરત નવી સિવિલમાં ખસેડાયો હતો, જ્યાં તેને મૃત ઘોષિત કરાયો હતો.







# ॥ સંસ્કૃતિ ॥




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## દર અઠવાડિયે ભારતમાં એક વિજ્ઞાનીની રહસ્યમય થતી હત્યા અત્યંત સંદેહજનક

# ૬૮૪ વિજ્ઞાનીઓની હત્યા : મોટા ષડયંત્રની આશંકા

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

૨જી ઓક્ટોબરથી ભારતમાં શરૂ થયેલી ગાંધીજીની દોઢસોમી જન્મજયંતિની ઉજવણીમાં આખુ સરકારી તંત્ર વ્યસ્ત હતુ. તેવા સમયે જ હૈદરાબાદમાં એકની હત્યા થઈ. ભારત જેવા દેશમાં આમ તો દરરોજ અનેક હત્યાઓ થાય છે. પરંતુ હૈદરાબાદમાં થયેલી હત્યામાં ખાસ વાત એ હતી કે, તે હત્યા ઈસરોના સુરેશ કુમારની થઈ હતી.

૫૮ વર્ષની ઉંમરના સુરેશકુમાર ઈસરોની સંસ્થા નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટરમાં કામ કરતાં હતા. એટલે કે, સિનિયર હોદ્દા પર હતા. હૈદરાબાદમાં તેઓ એકલા રહેતા હતા. તેમના પત્ની ચેન્નઈ રહે છે. પત્નીએ સુરેશકુમારનો ફોન પર સંપર્ક કરવા પ્રયાસ કર્યો પણ સુરેશકુમારે ફોન રીસીવ ન કરતા તેણીએ ઈસરોના બીજા મિત્રોને પૂછ્યું અને છેવટે ઘરે જઈને તપાસ કરતાં લાશ મળી. હવે તો લગભગ કેસ સોલ્વ થઈ ગયો છે. પૈસાની લેતીદેતી અને સજાતીય સબંધો જેવા કારણો તેની હત્યા પાછળ હોવાનું મનાય છે. હત્યારાને શોધવા પોલીસ દ્વારા મથામણ ચાલી રહી છે. અત્યાર સુધીની માહિતી પરથી એટલું સમજી શકાય છે કે, સુરેશ કુમારની હત્યા પાછળ કોઈ બાહ્ય કારણ જવાબદાર નથી. તેમની અંગત ટેવ-કૂટેવ છેવટે તેમને મોત સુધી લઈ ગઈ છે.

જો કે, આ ઘટનામાં જરા ઊંડા ઉતરવાની જરૂર છે. એક અંદાજ પ્રમાણે ઈસરો અને તેની વિવિધ સંલગ્ન સંસ્થાઓ સાથે કામ કરતાં ૬૮૦થી વધારે વિજ્ઞાનીઓની હત્યા છેલ્લા પંદર વર્ષમાં થઈ છે. ઈસરો ઉપરાંત ભાભા એટમિક રિસર્ચ સેન્ટર (બાર્ક)ના વિજ્ઞાનીઓની સંખ્યા પણ ૨૦૦ જેવી થવા જાય છે, પરંતુ એ બધામાં સત્તાવાર કારણ આત્મહત્યા કહેવામાં આવ્યું છે. આ આંકડા રાઈટ ટુ ઈન્ફર્મેશન હેઠળ મેળવાયા છે. આંકડા ખૂબ મોટા અને આઘાતજનક છે. બેશક બધા વિજ્ઞાનીઓ નથી હોતા, એમાં એન્જિનિયર, ટેકનિશિયન પણ આવી જાય છે. પરંતુ દેશની મુખ્ય અવકાશી અને દુનિયામાં ગણનાપાત્ર નામ ધરાવતી સંસ્થા માટે કામ કરતા વિજ્ઞાનીઓની હત્યા થાય તો એ મુદ્દો માત્ર જે-તે વિજ્ઞાનીના પરિવાર માટે નહીં, રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાનો વિષય બનવો જોઈએ.

એ સમજવા માટે બીજો એક કેસ તપાસવો પડશે. મે ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે સરકારને આદેશ આપ્યો હતો કે, ઈસરોના વિજ્ઞાની નામ્બી નારાયણની બદનક્ષી અને તેમના પર થયેલા ખોટા કેસ માટે ૭૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવો. આ કેસમાં ક્રાયોજેનિક એન્જિન બનાવાના નિષ્ણાત નામ્બી નારાયણ ઉપર ઈસ ૧૯૯૪માં જાસૂસીનો ખોટો કેસ કેરળ પોલીસ દ્વારા દાખલ કરાયો હતો. બાદમાં ઈન્ટેલિજન્સ બ્યુરોએ તેમની ધરપકડ કરી હતી અને તેમના પર જુલમ ગુજાર્યો હતો. ૧૯૯૬માં નિર્દોષ સાબિત થયા પછી ૧૯૯૮થી તેઓ પોતાની પ્રતિષ્ઠા પરત મેળવવા કેસ લડી રહ્યાં હતા. સુપ્રીમમાં સાબિત થયું કે, કેરળની સરકારે તેમના પર સદંતર ખોટો કેસ કર્યો હતો. તેમની ગયેલી પ્રતિષ્ઠા તો પરત આવી ન શકે, પરંતુ આશ્વસનરૂપે આ વળતર તેમને આપવું રહ્યું. એ ચૂકાદો આપતી વખતે જસ્ટીસ દીપક મિશ્રાની બનેલી બેન્ચે કહ્યું હતુ કે, અમે જાણીએ છીએ કે, માત્ર રૂપિયા આપી દેવાથી તમને થયેલું નુકસાન ભરપાઈ નહીં થાય. ૧૯૯૪માં તેમના વિરૃદ્ધ કેસ થયો હતો અને સમગ્ર કેસ ખોટા દસ્તાવેજો, પૂરવાઓના આધારે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

ભારતે ૨૦૧૭માં સ્વદેશી ક્રાયોજેનિક રોકેટ એન્જિન તૈયાર કર્યું છે. ભારતના અવકાશ કાર્યક્રમની આગેકૂચ માટે એ એન્જિન અત્યંત અનિવાર્ય હતું. સામે પક્ષે ઈસરોના હરિફો સ્વાભાવિક રીતે જ ઈચ્છતા ન હોય કે ભારત કોઈ પણ ટેકનોલોજી સ્વદેશી ધોરણે વિકસાવે. એ વિચાર પહેલી નજરે ન સમજાય પરંતુ એ વિચાર પર જ સ્પેસ રેસ ચાલે છે. ૧૯૯૦ના દાયકામાં આ એન્જિન બનાવાની કામગીરી નામ્બી નારાયણ સંભાળી રહ્યાં હતા. જો તેમની ખોટી ધરપકડ થઈ ન હોત તો ક્યારનું એન્જિન તૈયાર થઈ ગયું હોત. પરંતુ ભારતનો રોકેટ કાર્યક્રમ ખોરંભે ચડે એટલા માટે નારાયણ વિરૃદ્ધ આ ખોટો કેસ કરાયો હતો, એવો તેમનો દાવો છે. આ કેસમાં કેરળ પોલીસની અને સરવાળે કેરળની કોંગ્રેસ સરકારની ભૂમિકા શંકાસ્પદ રહી હતી. કેમ કે, તેમણે કરેલા કોઈ આક્ષેપ સાબિત થયા નથી. આવા સંજોગોને ચકાસીને કોર્ટે આદેશ કર્યો હતો કે, વળતરની રકમ કેરળ પોલીસના ખાતામાંથી આપવાની રહેશે. નામ્બી નારાયણે અગાઉ વારંવાર કહ્યું છે કે, અમેરિકી જાસૂસી સંસ્થા 'સીઆઈએ (સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી)' દ્વારા જ આ સમગ્ર ષડયંત્ર પાર પાડવામાં આવ્યુ હતુ. કોઈ દેશ ટેકનોલોજીકલ રીતે આગળ વધતો હોય તો તેની કામગીરી તોડી પાડવી, પ્રોજેક્ટ સાથે સંકળાયેલા માણસોની હત્યા કરવી કે તેમની ધરપકડ કરવી વગેરે કામગીરી માટે સીઆઈએ આખા જગતમાં બદનામ છે.

એ સંસ્થાએ જ ભારતનો આ પ્રોજેક્ટ અટકી પડે એટલા માટે નામ્બી નારાયણને ટાર્ગેટ કર્યા હતા. નામ્બી નારાયણ કેસ જીતી ગયા અને કહેવા પુરતા જીવંત રહ્યા. પરંતુ બીજા સેંકડો વિજ્ઞાનીઓનું શું ? માન્યું કે, બધા વિજ્ઞાનીઓ નામ્બી નારાયણ જેટલા મહત્ત્વના કે સિનિયર હોદ્દા પર નથી હોતા. બધાના ખભે ક્રાયોજેનિક એન્જિન જેવી કપરી જવાબદારી નથી હોતી. પરંતુ ઈસરોની સમગ્ર ટીમમાંથી એક વ્યક્તિ પણ ઓછો થાય તો બાકીની ટીમને તેની નાનીમોટી અસર થતી જ હોય છે. ૧૫ વર્ષમાં પોણા સાતસોથી વધારે વિજ્ઞાાનનીઓની હત્યાનો દાવો થાય છે. એનો અર્થ એવો થયો કે, દર આઠ દિવસે એક હત્યા થાય છે. સીધી વાત છે હત્યાનું આ ઊંચુ પ્રમાણ ઈસરોની કામગીરીને અસર પહોંચાડે જ છે. ઘણી કામગીરી એવી હોય કે તેના પર અસર થતાં આખો પ્રોજેક્ટ સમયસર પુરો નથી થતો કે પછી વિલંબમાં મુકાય છે. ઘણી વખત ઈસરો જાહેર કરે કે ચંદ્રયાન જુલાઈને બદલે સપ્ટેમ્બરમાં મોકલીશું, ત્યારે આપણને પહેલી નજરે મોડું થવાનું કારણ ન સમજાતું હોય. પરંતુ કારણ આવું કંઈક હોય છે.

ઈસરોના વિજ્ઞાનીઓના એકલા ભારતમાં જ દુશ્મનો નથી હોવાના. પરંતુ નામ્બી નારાયણે જે સંસ્થા સીઆઈએનું નામ આપ્યું એ દુનિયાભરમાં હત્યાના પ્રયાસો માટે કુખ્યાત છે. સીઆઈએ પર સીધો આક્ષેપ મુકાય એવા પુરાવા મળ્યા નથી. પરંતુ ભારત જેમને મજબૂત અવકાશી સ્પર્ધા પૂરી પાડે છે એવા બધા દેશોને ઈસરોના વિજ્ઞાનીઓની હત્યાથી ફાયદો થાય છે. ૫૦ વર્ષ પહેલા જ્યારે ઈસરોની શરૂઆત થઈ ત્યારે તેના પાયામાં રહેલા બે વિજ્ઞાનીઓ વિક્રમ સારાભાઈ અને ડો.હોમીભાભા પણ શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ પામ્યા છે. ડૉ. ભાભાની હત્યા કરવા માટે તો સીઆઈએ દ્વારા આખું વિમાન ઉડાવી દેવાયું હતું એવો દાવો અમેરિકી પત્રકારે જ કર્યો હતો. વધુમાં ભારત સરેરાશ અમેરિકાથી અડધા દરે અને વધુ સલામત રીતે ઉપગ્રહ લૉન્ચ કરી આપે છે. દેશ માટે ઉપગ્રહો બનાવવા અને તેને ભ્રમણકક્ષામાં મુકવામાં સૌથી ઓછો ખર્ચ કરીને ઈસરોએ વિશ્વમાં સિદ્ધિ મેળવી છે. ભાભા એટમિક રિસર્ચ સેન્ટર નામ પ્રમાણે પરમાણુ વિજ્ઞાન પર કામ કરે છે. તેની કામગીરી બહુ જાહેર થતી નથી. એ દેશની સુરક્ષા, પરમાણુ પોલિસી સાથે સંકળાયેલી છે. વળી, પરમાણુ વિજ્ઞાન થોડું અઘરું ક્ષેત્ર છે. એ વિષયના જાણકાર નિષ્ણાતો મળવા મુશ્કેલ છે. એમાં વળી હત્યા થયા કરે તો કામ પાછું ઠેલાય જ. હત્યાઓ થાય છે એ વળી શંકાસ્પદ રીતે થાય છે. કોઈ વિજ્ઞાની સવારે ચાલવા નીકળે અને પરત નથી આવતા. કોઈ પર

▶▶ અનુસંધાન પેજ નંબર ૧૯



દેશના વિજ્ઞાનીઓની ઘટનાથી મહત્વના પ્રોજેક્ટને અસર થાય છે તેથી સરકારે હવે દેશના વિજ્ઞાનધનને બચાવવા ગંભીરતાથી વિચારવું પડશે

# સ્વદેશ

## હાર્ડ વર્ક વિના સફળતા નહીં મળે : સોનમ કપુર



મુંબઈ : બોલિવુડમાં પોતાની સ્ટાઈલના કારણે જાણીતી રહેલી અને આઈકોન તરીકે ગણાતી સોનમ કપુરે કહ્યુ છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હોય કે પછી કોઈ પણ ક્ષેત્ર હોય હાર્ડ વર્ક વગર સફળતા હાથ લાગતી નથી. સોનમ કપુર લગ્ન થયા બાદ પણ તે સક્રિય થયેલી છે. તેની છેલ્લી ફિલ્મ જોયા ફેક્ટર હાલમાં જ રજૂ કરવામાં આવી હતી. હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યુમાં સોનમ કપુરે કહ્યુ હતુ કે તે અન્ય સ્ટાર કિડ્સ કરતા અલગ છે. સાથે સાથે જોખમ લેવાનુ વધારે પસંદ કરે છે. હાલમાં જ પોતાના વિચાર રજૂ કરતા સોનમ કપુરે કહ્યુ હતુ કે એક ચોક્કસ પોઝિશનમાં આવી ગયા બાદ રિસ્ક લેવામાં વિશ્વાસ કરવાની જરૂર હોય છે. તે ભલે વિતેલા વર્ષોના સ્ટાર અનિલ કપુરની પુત્રી છે પરંતુ અન્ય અભિનેત્રીઓ કરતા તે વધારે મહેનત કરે છે. અન્ય અભિનેત્રીઓ અને યુવતિઓ કરતા સ્ટાર કિડ્સ હોવાના કારણે તેની પાસે વધારે ફિલ્મ છે. જો કે તે વધારે મહેનત કરે છે.તેનુ કહેવુ છે કે ટેલેન્ટ વગર સફળતા મળતી નથી. સોનમ કપુર બોલિવુડમાં બીજી ઈનિગ્સ રમી રહી છે. લગ્ન કર્યા બાદ તે કેટલીક ફિલ્મોમાં કામ કરી ચુકી છે. તેને સફળતા પણ મળી રહી છે. વીરે ધ વિડિંગ અને એક લડકી કો દેખા અને જો ફેક્ટરમાં તે કામ કરી ચુકી છે. તમામ ફિલ્મોમાં તેની એક્ટિંગ કુશળતાની પ્રશંસા થઈ રહી છે. ધ જોયા ફેક્ટર અને એક લડકી કો દેખા જેવી ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઈ રહી છે. જો કે તે હજુ સારી ફિલ્મ કરવા માટે આશાવાદી છે.

## હેપ્પી બર્થ ડે રેખા : ૬૪ વર્ષની વયે પણ ખૂબસુરતી અકબંધ છે



મુંબઈ : બોલિવૂડની સર્વશ્રેષ્ઠ અભિનેત્રી રેખાએ પોતાનો જન્મ દિવસ ૧૦મી ઓક્ટોબરે ઉજવ્યો. પીઢ અભિનેત્રી રેખાએ સુંદરતા એટલી જાળવી છે કે તે આજે પણ એકદમ યુવાન જ લાગે છે. બોલિવૂડની આ સુપરસ્ટાર માટે ખુબસુરત, દિલકશ, સદાબદાર એવા જેટલા નામો લઈએ એટલા ઓછા પડે. ફિલ્મ જગતમાં રેખાએ એક ટોચનું નામ બનાવી લીધું છે અને તેનું અહમ યોગદાન આપ્યું છે. આજે અભિનેત્રી તેનો ૬૫મો જન્મદિવસ ઉજવી રહી છે. ૬૫ વર્ષે પણ ભલભલી હીરોઈન તેની અદા પાસે ફિક્કી લાગે છે.૧૯૭૦માં આવેલી ફિલ્મ સાવનભાદોથી તેણે ફિલ્મી ક્ષેત્રે પર્દાપણ કર્યુ અને પછી દાયકાઓ સુધી વિવિધ ફિલ્મોમાં અભિનય



આપીને પોતાની અમીટ છાપી છોડી છે.

૧૯૮૭ની સુપરહીટ ફિલ્મ મુકદ્દર કા સિકંદરમાં રેખાની ઝોહરાબાઈની ભૂમિકા કોઈ ભૂલી શકે એમ નથી. તેણે એક એવી મહિલાનું પાત્ર ભજવ્યું હતું જે સિકન્દર (અમિતાભ બચ્ચન)ને એક તરફી પ્રેમ કરતી હોય છે. આ ભૂમિકાએ રેખાની કારકિર્દીને નવો વળાંક આપ્યો હતો. રેખાની સૌથી બોલિવૂડનીસૌથી રોમેન્ટિક ફિલ્મ સિલસિલા ૧૯૮૧માં રિલીઝ થઈ હતી. અને દર્શકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવી હતી. આ ફિલ્મના કારણે અમિતાભ બચ્ચન, જયા બચ્ચન અને રેખા વચ્ચે પ્રણય ત્રિકોણ ચાલી રહ્યો છે તેવી અફવાઓએ પણ જોર પકડ્યું હતું. ફિલ્મ મુકદર કા સિકંદર પછી અમિતાભ રેખા એકબીજાના નજીક આવ્યા હતા. એક વખત સેટ પર રેખાને હેરાન કરનાર શખ્સની અમિતાભે ધોલાઈ પણ કરી હતી. ૧૯૮૨માં નીતુ અને ઋષિ કપૂરના લગ્નમાં રેખા સિદુંરના દેખાઈ. તેને જોઈને લોકોમાં ચર્ચા પણ થવા લાગી હતી કે કોના નામનું સિદુંર છે અને કોની સાથે લગ્ન થયા. રેખાના જીવનની આવી કેટલીય વાતો ઉડી છે પરંતુ તેણે ક્યારેય આવા મુદ્દા પર વાત નથી કરી.

મુઝફ્ફરઅલીના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ ઉમરાવ જાનમાં તવાયફનું પાત્રમાં રેખાનું ગીત દીલ ચીઝ ક્યા હૈ આજે પણ એટલું જ લોકપ્રિય છે. આ ભૂમિકા માટે રેખાને નેશનલ એવોર્ડ મળ્યો હતો.

રેખા મુમતાજ અને જિતેન્દ્રની દિવાની હતી. જિતેન્દ્રનું શુટિંગ જોવા માટે તેણે પોલીસના ડંડા પણ ખાધા હતા. ૧૯૭૩માં રેખાની વિનોદ મહેરા સાથે અફેરની ખબરો આવી હતી. એવું કહેવામાં આવે છે કે આ અફેર ૩ વર્ષ સુધી ચાલ્યું હતું. ત્યારબાદ ૧૯૭૬માં ફિલ્મ દો અનજાનેમાં પહેલી વખત અમિતાભ સાથે કામ કર્યું.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૮માં આઈઆઈએફએ એવોર્ડસમાં રેખાએ શાનદાર પર્ફોમન્સ આપ્યું હતું. ૬૦ની ઉંમર પાર કર્યા બાદ એવોર્ડ શોના સ્ટેજ પર પર્ફોમ કરનારી રેખા પહેલી એક્ટ્રેસ છે. બોલિવુડમાં દરેક વ્યક્તિએ રેખાના પર્ફોમન્સના વખાણ કર્યા હતા. હાલ રેખા અર્જુન કપૂરની ફિલ્મ પાણીપતમાં કામ કરી રહી છે. ૭૦ના દાયકાથી બોલિવુડમાં ડેબ્યુ કરનાર રેખા આજે પણ ફિલ્મોમાં સક્રિય છે.

## બાયોપીક માટે કંગના ભારત નાટ્યમ્ શીખે છે



મુંબઈ : બોલિવુડમાં પોતાની સાહસી પ્રવૃતિઓ અને બોલ્ડ નિવેદનના કારણે જાણીતી રહેલી અને પોતાની એક્ટિંગ કુશળતાથી તમામને પ્રભાવિત કરી ચુકેલી કંગના રાણાવત હાલમાં કેટલાક પ્રોજેક્ટને લઈને વ્યસ્ત બનેલી છે. કંગના રનૌત આગામી ફિલ્મમાં પાત્રને ન્યાય આપવા માટે ભારતનાટયમ નૃત્યની તાલીમ લઈ રહી છે. તે જલદી જ થલાઈવીમાં જયલલિતાના પાત્રમાં જોવા મળશે. સોશિયલ મીડિયા પર કંગના ભારતનાટયમ કરી રહી હોવાની તસ્વીરો પોસ્ટ થઈ છે. તેની આગામી ફિલ્મના પાત્રને ન્યાય આપવા માટે તે આ ડાન્સની તાલીમ લઈ રહી છે. કંગના નિયમિત બે કલાક આ નૃત્યની પ્રેક્ટિસ માટે ફાળવે છે. આ ફિલ્મ માટે કંગના ભારતનાટયમની સાથે સાથે તમિલ ભાષા પણ શીખી રહી છે. કંગના હાલ ચાર ફિલ્મોમાં કામ કરી રહી છે. જેમાં પંગા ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્માં તે કબડ્ડી ખેલાડીની ભૂમિકામાં નજરે પડનાર છે. ગયા વર્ષે તે પોતાની પર્સનલ લાઈફના કારણે વધારે ચર્ચામાં રહી હતી. તેના નિવેદનના કારણે પબ્લિક ડિબેટ પણ જોવા મળી હતી. કંગનાએ એક બોલિવુડ અભિનેતા સાથે પોતાના રિલેશનશીપને લઈને વાત કરીને હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ બોલિવુડના અનેક કલાકારો તેના સમર્થનમાં અને કેટલાક વિરોધમાં આવી ગયા હતા. કંગનાએ બોલિવુડ સ્ટાર સાથે પોતાના રિલેશનશીપ હોવાનો દાવો કરીને કહ્યુ હતુ કે આ કલાકારે તેની સાથે લગ્ન કરવાનુ વચન આપી તેની સાથે વિશ્વાસઘાત કર્યો હતો. હાલમાં જ કંગનાએ ખુલાસો કર્યો હતો કે તે પોતાની અગાઉની રિલેશનશીપમાં ફ્લોપ સાબિત થઈ છે. તેનુ કહેવુ છે કે તે સંબંધને લઈને ખુબ સાવધાન હતી પરંતુ તે અવાસ્તવિક આશાઓને પૂર્ણ કરી શકી ન હતી. કંગનાએ કહ્યુ હતુ કે સમયની સાથે બીજી વ્યક્તિએ પણ તેની સાથે ખોટા વાયદા કર્યા હતા. ત્યારબાદથી તમામ ખોટી બાબતો બનવા લાગી ગઈ હતી.

## વિજ્ઞાપનની દુનિયાના નવા સિતારા સારા, તાપસી અને જાહ્નવી

મુંબઈ : આજની પેઢીને યુવાન સિતારાઓને વિજ્ઞાપનમાં જોવા પસંદ છે. એક સમયે ઐશ્વર્યા રાય, પ્રિયંકાચોપરા અને કરીના કપૂર ખાન જેવી અભિનેત્રીઓને લોકો વિજ્ઞાપનમાં જોવાનું પસંદ કરતા હતા. પરંતુ હવે સમય બદલાતા જાહેરખબરની દુનિયાના સિતારાઓ પણ બદલાઈ રહ્યા છે. આજની પેઢીને બોલીવૂડની યંગ બ્રિગેડ અભિનેત્રીઓ વિજ્ઞાપનમાં જોવી પ સંદ છે.જેમાં સારા અલી ખાન, તાપસી પન્નુ અને જાહ્નવી કપૂરના નામ મોખરે છે.ફિલ્મોની સાથેસાથે વિજ્ઞાપનની દુનિયામાં પણ પોતાનો







ડંકો વગાડનારી તાપસી આ જનરેશનની સૌથી વધુ અભિનેત્રીઓમાંની છે. બ્રાન્ડ એક્સપર્ટોનું માનવું છે કે, તાપસી નવા ભારતનું પ્રતિનિધિત્વ કરવામાં સક્ષમ છે. તેની ઈમેજ ઘણી સાફસુથરી છે. તેથી જતેની પાસે બે ડઝનથી પણ વધુવિજ્ઞાપ નો છે. આ ઉપરાંત સારા અલી ખાન પાસે પણ ૧૧ બ્રાન્ડ વિજ્ઞાપનો છે. તે આ વરસે જ જાહેરખબરમાં કામ કરીને રૂપિયા ૩૦ કરોડથી પણ વધુ કમાઈ ચુકી છે. જ્યારે જાહ્નવીઓનલાઈન બ્યુટી પ્રોડક્સ માટે જાણીતું નામ છે. જાહ્નવી માટે તો કહેવાય છે કે, કરણ જોહરની મલ્ટી સ્ટારર ફિલ્મ ’તખ્ત’ પછી તેની લોકપ્રિયતા અને બ્રાન્ડ વેલ્યુ વધવાની શક્યતા છે.








# હોલિવુડની હલચલ

## જેનિફર લોપેઝ હવે લગ્ન કરી સ્થિર થવા માંગે છે



લોસએન્જલસ : હોલીવુડ અભિનેત્રી જેનિફર લોપેઝ પચાસ વર્ષની થઈ ગઈ છે. આ અમેરિકન અભિનેત્રી હવે ચોથા લગ્ન કરવાની તૈયારી કરી રહી છે. એના એક લગ્ન નવ મહિના, બીજો સંબંધ ૧૧ મહિના તો એક સંબંધ દાયકો ટક્યા હતા. જો કે બે સંબંધ વરસની અંદર તૂટી ગયા હોવાને કારણે એને બહુ કઠતા નથી. પણ એક સંબંધને આજે પણ મહત્વ આપે છે કારણ કે એનાથી એને બે બાળકો છે. જેનિફર એના પિયોન્સ એલેક્સ રોડ્રિગ્સને લઈને અમેરિકાની સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશને મળવા ગઈ હતી. જેમનું લગ્નજીવન પાંચ દાયકા અકબંધ રહ્યું હતું. જો કે એમાં ભંગાણ પણ પતિના નિધનને કારણે પડ્યું હતું. એમણે જેનિફર લોપેઝ અને એલેક્સ રોડ્રિગ્સને સુખી અને સુદીર્ઘ લગ્નજીવન વિશે ટીપ આપી હતી. જેનિફર હવે પચાસની છે અને હવે ડેટિંગ ઈત્યાદિ ન કરતાં લગ્ન કરી સ્થિર થવા માંગે છે. જેનિફર લોપેઝને ફિયોન્સ એલેક્સે સ્ટ્રિપ ક્લબની સહેલ કરાવી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. જ્યાં દેહના સોદા અને નગ્ન નૃત્યોની ભરમાર હોય એવા સ્થાનને સ્ટ્રિપ ક્લબ કહેવાય છે. જે યુરોપ અને અમેરિકામાં અત્યંત સામાન્ય છે. હ ોલીવુડમાં આ વિષય પર હસ્ટલર નામની ફિલ્મ બનવા જઈ રહી છે. જેમાં જેનિફર લોપેઝ કામ કરવાની છે. એના ફિયાન્સ અને ભૂતપૂર્વ બેઝબોલ ખેલાડીને વિષયની જાણ થતા તે જેનિફરને સ્ટ્રિપ ક્લોબમાં લઈ ગયો હતો. જેથી ક્લબનો અનુભવ લોપેઝ સ્વયં કરી શકે.

## માઈલ્સ અને કેલી સ્પેરીએ લગ્નજીવનનો પ્રારંભ કર્યો



લોસએન્જલસ : હોલીવૂડની સફળ ડાઈવર્જન્ટના સોહામણા અભિનેતા માઈલ્સ ટેલરે લાંબા સમયની ગર્લફ્રેન્ડ કેલી સ્પેરી સાથે લગ્ન કરી લીધા છે. હવાઈ ટાપુ પર ખુશનુમા વાતાવરણમાં બંને પરણ્યા ત્યારે મોટું મિત્ર-વર્તુળ હાજર હતું. ૨૦૧૩માં બંનેની મુલાકાત ગ્રેમી એવોર્ડ સમારંભમાં થઈ હતી. ત્યારથી બંને ડેટિંગ કરતા હતા. વર્ષ ૨૦૧૭માં બંને દક્ષિણ આફ્રિકા સફારીમાં ફરવા ગયા ત્યારે અચાનક બંનેએ સગાઈ કરી. હોલીવૂડમાં થોડા મહિનાઓ પછી સંબંધ વિચ્છેદ સામાન્ય છે પણ આ બંનેની રીલેશનશીપ ખંડિત થશે એવો વિચાર કોઈને આપ્યો ન'તો. પ્રત્યેક વરસે આ દંપત્તિ હોલીવૂડની તમામ પાર્ટી સાથે 'અટેન્ડ' કરતું હતું.

## ઓર્લોન્ડો બ્લૂમ સિંગર કેટ્ટી પેરી સાથે લગ્ન કરવા આતુર

લોસએન્જલસ : હોલીવૂડના દમદાર અભિનેતા ઓર્લોન્ડો બ્લૂમીએ કહ્યું કે એ હવે વધારે રાહ જોઈ શકે એમ નથી અને સિંગર કેટ્ટી પેટ્ટીને પરણવા તત્પર છે. એ કેટ્ટી પેરી પાસેથી સંતાનો પણ ઈચ્છે છે. ઓર્લોન્ડો એક્સ પત્ની મિરાન્ડા કેર થકી આઠ વરસના બાળકનો પિતા છે. પણ હવે એ કુટુંબનું વિસ્તરણ ઈચ્છે છે. કેટ્ટી પેરી એના સંતાનોની માતા બને એવી એવી ઝંખના પૂરી કરવા માંગે છે. આ ૪૨ વરસીય અભિનેતાએ સ્વીકાર્યું હતું કે એ એવા વ્યવસાયમાં છે જેમાં સંબંધ ટકાવી રાખવા એ એક પડકાર છે. બંનેએ સગાઈ કરી છે અને એ અગાઉથી રીલેશન શીપમાં છે પણ હવે ઓર્લોન્ડો કેટ્ટી પેરી જીવનસંગિની બનાવવા બહાવરો અને વ્યાકુળ બન્યો છે.

## કાન્યે વેસ્ટ ખોલે કાર્દાશિયા અને બ્રાડ પીટ્ટ વચ્ચે 'મેચમેકર' બનવાની ફિરાકમાં

લોસએન્જલસ : કાન્યે વેસ્ટ ઈચ્છે છે કે એની સિસ્ટર ઈન લો ખોલે કાર્દાશિયા અને હોલીવૂડના અભિનેતા બ્રાડ પીટ્ટ વચ્ચે મધુર સંબંધ પાંગરે. બ્રાડ અને ખોલે એકબીજાને મળે- ઓળખે અને બધુ સમુસૂથરું રહે તો બંને રીલેશનશિપમાં રહે એવી કાન્યેની ઈચ્છા છે. બંને વચ્ચેના સંબંધનો સેતુ બનવા માટે તાજેતરમાં કાન્યેએ બ્રાડ ભટ્ટ તથા ખોલે કાર્દાશિયાને પોતાને ઘરે નોતર્યા હતા. મિટિંગમાં ખોલેની બહેનો કિમ, કેન્ડલ અને કર્ટની પણ હાજર હતા. ખોલે હંમેશાંથી કહેતી આવી છે કે એને બ્રાડ પિટ્ટ પ્રત્યે 'ક્રશ' છે. બ્રાડ પિટ્ટ એન્જેલિના જોલીથી અલગ થતા જ ખોલેએ બ્રાડ પરત્વેના આકર્ષણનો જાહેર એકરાર કર્યો હતો.




# VISITORS TO CANADA INSURANCE

( Monthly Plan Available)

We represent all Major Insurance Companies of CANADA



WE DEAL WITH

- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
- SUPER VISA INSURANCE
- RRSP ( Retirement Plan)
- TFSA
- RESP ( Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants

Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available (CALL FOR FREE EVALUATION)

HIREN MODI
Independent Life Insurance Broker

Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com

EVERY DREAM NEEDS A PLAN

# LIFE INSURANCE

MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,

416.320.4614 Toll : 1866.623.0865 Call For HONEST ADVICE

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# શ્રીજી (SHRIJI) CATERING AND TAKEOUT

IN BRAMPTON

Operated By : RAMABEN PATEL

71, WEST DRIVE, UNIT #34, NEAR OM GROCERY

CATERING TAKE OUT & FAST FOOD
ALL TYPE OF GUJARATI SNACKS
& FOOD AVAILABLE
JAIN ITEMS ALSO AVAILABLE

100% PURE VEG

Test our special GUJARATI FOOD

Kathiyawadi Meal On SUNDAY

TRY OUR SPECIAL ITEMS

DABELI, KACHORI, PAV BHAJI, LADU & MORE



COOK NEEDED FOR INDIAN FOOD.

LOCATION
71, WEST DRIVE, UNIT # 34, NEAR OM GROCERY, IN, 36T 5E2

PLS. CONTACT FOR DETAILS

PH. 905-451-4050 - CELL : 416 -509-2120

KITCHEN HELP WANTED

# SUBHASH JOSHI LAW

PROFESSIONAL CORP.





**Family Law**
- Divorce
- Custody & Support Separation & Pre-Nuptial Agreements

**Criminal Charge**
Assault • Theft
- Domestic Violence

**Immigration**
- Sponsorship
- Appeals
- Refugee Cases
- Family/Business Applications etc.

**Real Estate**
- Purchase/Sale Residential & Commercial

Subhash Joshi
Barrister, Solicitor & Notary Public

Supriya Joshi(J.D.)
Practices In Family Law

Tel: 905-362-0111
Cell: 416-788-5804

30-1530 Drew Road, Mississauga, ON L5S 1W8 Fax: 905-362-0138
Email: sjoshilaw@gmail.com

સ્વદેશ FRIDAY 11 October 2019 VII

# MADHUR - YATRI & CHORUS GROUP - 2019 NAVRATRI "RAAS GARBA"

**We like to thank all Raas Garba Premi Bhai Bahen for giving wonderful support to celebrate Navratri 2019 as all the different venues sold out. Please accept our apology for not getting entry due to tickets sold out... Madhur Yatri & Chorus Group**

**૨૦૧૯ નવરાત્રી ની ઉજવણીમાં, મધુર યાત્રી અને કોરસ ગ્રુપ દરેક રાસ ગરબા પ્રેમી ભાઈ બહેનો નો ખૂબજ આભાર માને છે અને પ્રવેશ ન મેળવતા નિરાશ થયેલા રાસ ગરબા પ્રેમી ભાઈ બહેનો ની માફી માંગે છે... આભાર.... મધુર યાત્રી અને કોરસ ગ્રુપ**

## મધુર યાત્રી અને કોરસ ગ્રુપ ૨૦૧૯ નવરાત્રી રાસ ગરબા


During Markham Raas Garba Madhur Yatri Awarded by Mayor Frank Scarpitti and Host Dr. Hitendra Patel


Congratulation Markham Host Dr.Hitendra Patel for Receiving Ph.D in Chemistry


Ashok Shah was greeted by all the diginities from Markham alongwith Mayor Frank Scarpitti and Gitubhai



### Shiv Financial Services presents
### Madhur Yatri & Chorus Group

Ticket **$5** per person, Children under 5 FREE

**In memory of Angel Shiven to raise fund and support Team Shiven**

**Saturday - Oct 19, 2019 @ 7.00pm**

**Venue: Sringeri Community Centre -80-84 Brydon Drive, Etobicoke ON M9W 4N6**

For Raas Garba Tickets call Manisha @ 647-770-3876

Manisha Sevak
Mortgage Agent
647-770-3876



Angel Shiven 2007-2015



દેવદૂત શીવેન ૨૦૦૭-૨૦૧૫

Tribute to Angel Shiven remembering 16 Sep 2015

For Raas Garba Tickets call Jagdish @ 647-236-7620

Jagdish Sevak
Insurance Broker
647-236-7620




Uprising star Vahin Shah & Mahin Shah present their musical talent during 24 Gam Patidar Samaj Raas Garba





Madhur Yatri & Chorus Group uprising Stars Mahin Shah and Vahin Shah greeted by Pt. Roop Nath Sharma of Ram Mandir Mississauga on Oct 04, 2019 during Raas Garba

## Ashok Travels Welcomes AIR INDIA to CANADA

**Congratulate AIR INDIA for resuming Direct Service to Toronto starting 27th Sep 2019.**

Ashok Travels

૪૪ વર્ષના સાથ અને સહકાર માટે ગુજરાતી ભાઈ-બ્હેનોનો અશોક ટ્રાવેલ્સ ખૂબજ અભાર માને છે.

## અશોક ટ્રાવેલ્સ ASHOK TRAVELS

**416.977.9896 www.ashoktravel.com**

ટોરાન્ટો-કેનેડાની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી

Tico 1486999

Ashok Travels

# અપનાવી જુઓ નેચરલ મેકઅપ રીમુવર

મેકઅપ કર્યા બાદ ચહેરો જેટલો ખૂબસૂરત લાગે છે એને કાઢયા બાદ પણ ચહેરા પર એટલી જ તાજગી દેખાય એ માટે મેકઅપ રીમુવ કરવું પણ એટલુ જ જરૂરી છે. સ્કીન ટાઈપ પ્રમાણે મેકઅપ રીમુવર પસદ કરો જેથી રેશિસ અને ખીલની સમસ્યા ઉદ્દભવે નહીં. ત્વચાનાં છિદ્રો શ્વાસ લે અને મેકઅપ કર્યા બાદ પણ ત્વચાનુ સ્વાસ્થ્ય જળવાઈ રહે. માર્કેટમાં તો મેકઅપ રીમુવર મળે જ છે પરંતુ ઘરમાં પણ સહેલાઈથી નેચરલ મેકઅપ રીમુવર બનાવી શકાય છે.

## ઓઈલ બેઝ મેકઅપ રીમુવર

**બદામનુ તેલ :** આ તેલ મોઈશ્ચરાઈઝર, લિપ બામ અને મેકઅપ રીમુવર તરીકે અસરકારક મનાય છે. હથેળીમાં થોડુ આલમન્ડ ઓઇલ લઈ ચહેરા પર હલકા હાથે માલિશ કરો. બે મિનિટ બાદ સોફ્ટ ટીશ્યુ પેપરથી સાફ કરી ચહેરો ધોઈ નાખો.

**ઓલિવ ઓઇલ :** બે ટેબલસ્પૂન ઓલિવ ઓઈલમાં ૧/૨ ટીસ્પૂન પાણી મિક્સ કરી ચહેરા પર લગાડી માલિશ કરો. એ મેકઅપ રીમુવ કરવાની સાથે ત્વચા સોફ્ટ પણ રાખે છે.

## લેક્ટો બેઝ રીમુવર

**કાચુ દૂધ :** કાચુ દૂધ ત્વચા માટે બહુ ફાયદાકારક છે. એક ટેબલસ્પૂન કાચા દૂધમાં થોડાં ટીપાં બદામનુ તેલ મિક્સ કરી ચહેરા પર લગાડો અને હળવા હાથે મેકઅપ કાઢો. ત્વચાનો વાન સાફ થશે અને મેકઅપ પણ તરત જ નીકળી જશે.

**દહીં :** દહીને બરાબર વલોવી દો. એમાં રૂ બોળી ચહેરા પર લગાડો અને હળવા હાથે ધીરે ધીરે ઘસો. જયારે મેકઅપ બરાબર નીકળી જાય ત્યારે પાણીથી ચહેરો ધોઈ નાખો. આ રીતે બે-ત્રણ વાર કરી હૂફાળા પાણીથી ચહેરો ધોઈ નાખો. દહીને દિવસે ત્રણથી ચાર વખત લગાવી શકાય છે.

## આઈ મેકઅપ રીમુવર

**મિક્સ ઓઈલ :** કેસ્ટર ઓઈલ, ઓલિવ ઓઇલ અને કેનોલા ઓઈલ સમાન માત્રામાં મિક્સ કરો. આ મિશ્રણને ટીશ્યુ પેપર કે રૂના પૂમડા પર થોડુ લઈ આખ સાફ કરો. હૂફાળા પાણીથી ધોઈ નાખો.

**કોકોનટ ઓઈલ :** માત્ર કોપરેલથી પણ હેવી આઈ મેકઅપ કાઢી શકાય છે. પહેલાં આખોની આસપાસ ખાસ કરીને બ્રો બોન પર ઘસો અને રૂના પૂમડાને પાણીમાં બોળી નિચોવી હળવા હાથે ઘસી સાફ કરો. એને એક વાર ફરીથી કરો.



## કોકોનટ વોટર

જા તમે ચહેરા અને ગરદન પર ફક્ત ફેસ પાઉડર અને કાજલનો જ ઉપયોગ કર્યો હોય તો કોકોનેટ વોટર ફાયદાકારક છે. સાજે ચહેરો ધોતી વખતે આખા ચહેરા પર તરોપાનુ પાણી લગાડી રહેવા દો. સુકાઈ જાય એટલે ફરી પાછુ લગાડી સુકાવા દો. આ રીતે બે-ત્રણ વાર કરો. રૂને પાણીમાં બોળી, નિચોવી વર્તુળાકારે ઘસી ચહેરા પરનો મેલ કાઢો.

## હેવી મેકઅપ રીમુવર

**બેકિંગ સોડા અને મધ :** કોઇ પણ પ્રકારના મેકઅપને દૂર કરવા આ રિમુવર યોગ્ય છે. એક મુલાયમ કટકા કે રૂ પર મધ નાખો. એના પર થોડો બેકિંગ સોડા ભભરાવી ચહેરો સાફ કરો. એ ત્વચા પર એક્સફોલીએટરનુ કામ કરે છે. હેવી મેકઅપ રીમુવ કરવા એનો ઉપયોગ કરો.

## લાઈટ મેકઅપ રીમુવર

**બેબી ઓઈલ :** વોટર પ્રૂફ આઈ મેકઅપ કાઢવા માટે અસરકારક છે. એનાથી ત્વચાનાં છિદ્રો બધ થશે નહીં. હેવી મેકઅપ કર્યા બાદ પણ ત્વચા સ્વસ્થ રહેશે. લાઈટ મેકઅપ રીમુવરથી ત્વચા સારી રહે છે.

## ગુલાબ જળ

ઘણી કંપનીઓ ગુલાબજળ મિશ્રિત મેકઅપ રીમુવર બનાવે છે. રોજ વોટર બેઝ મેકઅપ રીમુવર બનાવી સ્પ્રે બોટલમાં ભરો અને ફ્રિઝમાં રાખો. લાઈટ મેકઅપ રીમુવ કરતી વખતે એનો ઉપયોગ કરો. એક તપેલીમાં પાણી ગરમ કરો. એના પર ચારણી મૂકી ગુલાબ મૂકો. વરાળથી ગુલાબમાથી રસ નીકળવા માડશે. ગેસ પરથી ઉતારી લો.



## વોટર બેઝ મેકઅપ રીમુવર



### ઓઈલ, વોટર અને વિચ હેઝલ

થોડાં ટીપાં કોપરેલ, થોડુ પાણી અને થોડુ વિચ હેઝલ લઈ બરાબર મિક્સ કરો. મેકઅપ કાઢવા માટે કદી પણ સાબુનો ઉપયોગ કરો નહીં એ ત્વચાનાં છિદ્રો બધ કરશે. ત્વચાનુ નેચરલ ઓઈલ શોષી લેશે અને ત્વચા શુષ્ક દેખાશે. છિદ્રો પર જામેલા મેકઅપથી રેશીસ અને ખીલની સમસ્યા ઉદ્દભવી શકે છે. એટલે ઓઈલી સ્કીન હોય તો ત્વચાને સાફ કરવા લીંબુયુક્ત નેચરલ કિલનઝિંગ મિલ્કનો ઉપયોગ કરો. એ માટે બે ત્રણ ટેબલસ્પૂન દૂધ અને લીંબુનાં રસનાં થોડાં ટીપાં લો. જા ત્વચા ડ્રાય હોય તો માત્ર દૂધ અને ઓઈલ બેઝ કિલનઝિંગ મિલ્કનો ઉપયોગ કરો. ફુલ ક્રીમ દૂધમાં થોડાં ટીપાં બદામનુ તેલ મિક્સ કરો. મેકઅપ કરેલા ચહેરા પર લગાડી ભીના રૂથી ચહેરો સાફ કરો.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.century21.ca/niraj.pancholi

Multi Award Winner Agent, Proven Result through Honesty, Professionalism & Experience
My Awards: Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018
Silver Award 2013 & 2014, Diamond Award 2015, Pacesetter Gold Award 2015, Masters Emerald Award 2015
Diamond Award 2016, Masters Diamond Award 2016, Successful Listing Agent Award 2016
Pacesetter Gold Award 2017, Platinum Award 2017, CENTURION® PRODUCER AWARD 2017
Successful Listing Agent Award, Diamond Award 2018



MOTEL KING :Specializing in Selling MOTELS with Proven Record

| | | |
|---|---|---|
| 16 ROOM MOTEL & 3 BR HOUSE AKSING 725K<br>Located on Trans Canada Hwy 17, just 1 hour west of Sudbury. Very nice tourist town, steps to provincial park, lake, waterfalls etc. About 25% down payment require. | 18 ROOM MOTEL & 3BR HOUSE ASKING 799K<br>Extensive renovation done, 8 rooms like brand new, rest 10 good renovated. No other motel in town, no competition. Located 1.5 hrs Ottawa & 4 hrs Toronto. About 25% down payment require. | 14 ROOM MOTEL & RESTAURANT ASKING 699K<br>Plus 2 Apt (one for owner, one rented), located near Sudbury. Good opportunity for owner operator to stay, operate and make money. Seller is willing to hold first mortgage. |
| 22 ROOM MOTEL & RESTAURANT- ASKING 1.299M<br>Located on busy Trans Canada Hwy 17 b/w Blind River & Sault Ste Marie, backing on Lake and Marina. Very busy in summer & fall. Seller willing to hold first mortgage. SOLD | 12 ROOM MOTEL & 2 BR HOUSE ASKING 699K<br>Well maintained, Specious Rooms, Inside Corridor. Located on Hwy 17 between, about 1.5 hr west of Sudbury. Seller willing to hold first mortgage. SOLD | 22 ROOM HOTEL & RESTAURANT ASKING 1.975M<br>Its top to bottom Renovated, 3 star category hotel, Inside Corridor, Renovated 3 BR Apt for Owner. Inside Pool, Renovated, LLBO. Located on Hwy 21 near Lake Huron. SOLD |
| COMING UP: MOTELS FOR SALE<br>Franchise Motel in Sudbury<br>Non Franchise Motel in Sudbury | FRANCHISE HOTEL NEAR 1000 ISLAND/HWY 401<br>ASKING UNDER 5M<br>SOLD | URGENT LISTING REQUIRE: MOTELS & HOTELS<br>• Non franchise motels 20 to 50 rooms<br>• Franchise motels & hotels 40 to 80 rooms<br>• Motels near Hwy 401 E up to Kingston<br>• Motels near Hwy 401 W up to London<br>• Motels near Hwy 400 up to Sudbury<br>• Motels near Hwy 11 up to North Bay<br>• Motels in Niagara Falls, Collingwood, Barrie, Orillia, Peterborough, Ottawa, Kitchener<br>BUYERS READY TO PUT OFFER & CLOSE THE DEAL |
| OTHER MOTELS FOR SALE<br>Many other motels for sale available. Principal buyers only, call to set up personal meeting. Down payment require for banks: 25% to 50%<br>Private finance also available | JOB OPPORTUNITIES<br>Couple require to run motel in Northern Ontario English & Computer knowledge require to manage front desk, call for more info if interested. | |

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

# ડોલર તથા બ્રિટીશ પાઉન્ડમાં સાંકડી વધઘટ: ક્રૂડતેલ ઉંચકાયું, સોના-ચાંદીના ભાવો ઘટ્યાં

**• કરન્સી બજારમાં રૂપિયા સામે યુરોમાં ઉછાળો**

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં ગુરુવારે સોનાના ભાવ ઉંચકાયા હતા જ્યારે ચાંદી નરમ રહી હતી. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઉંચા ગયા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે ડોલર તથા બ્રિટીશ પાઉન્ડના ભાવ શાંત હતા જ્યારે યુરોના ભાવ ઉછળ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર નીચો ઉતરતાં ત્યાં સોનામાં ફંડવાળા લેવા નિકળતાં સોનાના ભાવ ઉંચકાયાના સમાચાર હતા.

વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશના વધી ઊંચામાં ૧૫૧૭.૨૦ ડોલર સુધી પહોંચ્યા હતા. જોકે ત્યાર પછી મોડી સાંજે ભાવ પરી ગબડી ૧૫૦૨.૩૦ ડોલર બોલાઈ રહ્યા હતા. આમ મોડી સાંજે ઉછાળા ઉભરા જેવા નિવડયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંશના ઉંચામાં ૧૭.૯૨ ડોલર થયા પછી મોડી સાંજે ભાવ ગબડી ૧૭.૬૬થી ૧૭.૬૭ ડોલર રહ્યાના સમાચાર હતા.વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ઝવેરી બજારમાં બપોર સુધી ભાવ ઉંચકાયા પછી સાંજે ફરી તૂટી ગયા હતા. મુંબઈ બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૩૮૧૯૭ વાળા રૂ.૩૮૩૩૪ બંધ રહ્યા પછી સાંજે ભાવ રૂ.૩૮૨૫૦ રહ્યા હતા. જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૩૮૩૫૧ વાળા રૂ.૩૮૪૮૮ બંધ રહ્યા પછી સાંજે ભાવ રૂ.૩૮૪૦૦ બોલાતા હતા. દરમિયાન, જીએસટી સાથેના ભવા આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બજારમાં આજે ચાંદીના ભાવ કિલોના ૯૯૯ના જીએસટી વગર રૂ.૪૫૭૩૫ વાળા રૂ.૪૫૭૧૫ બંધ રહ્યા પછી સાંજે ભાવ રૂ.૪૫૩૦૦થી ૪૫૩૫૦ રહ્યા હતા.

# ટીસીએસનું શેર દીઠ ૪૫ ડિવિડન્ડ ચોખ્ખો નફો વધીને ૮૦૪૨ કરોડ

મુંબઈ : આઈટી-સોફટવેર સર્વિસિઝ જાયન્ટ ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ લિમિટેડે ૩૦,સપ્ટેમ્બર ૨૦૧૯ના પૂરા થયેલા બીજા ત્રિમાસિકના અપેક્ષાથી સાધારણ પરિણામ જાહેર કર્યા છે. કોન્સોલિડેટેડ ધોરણે કંપનીનો ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાની તુલનાએ ૧.૮ ટકા વધીને રૂ.૮૦૪૨ કરોડ થયો છે, જ્યારે આવક ૫.૮ ટકા વધીને રૂ.૩૮,૯૭૭ કરોડ થઈ છે. કંપનીએ શેર ધારકોને શેર દીઠ રૂ.૪૫ કુલ ડિવિડન્ડ જાહેર કર્યું છે,

એનાલિસ્ટોનો ચોખ્ખા નફાનો અંદાજ રૂ.૮૩૦૦ થી રૂ.૮૩૨૫ કરોડનો હતો. કંપનીની ઓપરેટીંગ આવક ૪.૨૦ ટકા વધીને રૂ.૯૩૬૧ કરોડ થઈ છે. આઈટી સર્વિસિઝ એટ્રીશન રેટ ૧૧.૬૦ ટકા એલટીએમ રહ્યો છે. ટીસીએસ દ્વારા આ બીજા ત્રિમાસિકમાં ૧૪,૦૯૭ કર્મચારીઓનો ઉમેરો કરાયો છે, કોન્સોલિડેટ ધોરણે કર્મચારીઓની સંખ્યા ૩૦,સપ્ટેમ્બર ૨૦૧૯ના અંતે ૪,૫૦,૭૩૮ થયું છે. ટીસીએસના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર અને મેનેજીંગ ડિરેકટર રાજેશ ગોપીનાથને બીજા ત્રિમાસિકના પરિણામો વિશે જણાવ્યું હતું કે, ફાઈનાન્શિયલ સર્વિસિઝ અને રીટેલ વર્ટિકલ્સમાં વોલેટીલિટી વધવા છતાં કંપનીએ ત્રિમાસિકમાં સ્થિર વૃદ્ધિ હાંસલ કરી છે.

# ૭૪૦૦૦ કરોડ આપવા કરતા BSNL-MTNLને બંધ કરવા હિલચાલ

નવી દિલ્હી : સરકાર ખોટમાં ચાલી રહેલી સરકારી ટેલિકોમ કંપનીઓ બીએસએનએલ અને એમટીએનએલને વેચવા માગે છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશને બીએસએનએલ અને એમટીએનએલને ફરીથી બેઠી કરવા માટે ૭૫,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેણે નાણા મંત્રાલયે ફગાવી દીધો છે અને બંને કંપનીઓને બંધ કરી દેવાની સલાહ આપી છે`તેમ ફાઈનાન્સિલ એક્સપ્રેસે દાવો કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બંને પીએસયુ કંપનીઓને બંધ કરવાની સ્થિતિમાં ૯૫,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. આ ખર્ચમાં બીએસએનએલ અને એમટીએનએલના ૧.૬૫ લાખ કર્મચારીઓને આકર્ષક રિટાયરમેન્ટ પ્લાન આપવા અને કંપનીનું દેવુ ચૂકવવું સામેલ છે.

# જેમ્સ તેમજ જવેલરી ઉદ્યોગ સંકટમાં સપ્ટેમ્બર માસમાં નિકાસ ઘટીને તળીયે

**• એસઈઝેડ નીતિના અભાવ, કસ્ટમ્સની સમસ્યાઓને લઈ અમેરિકા-ચાઈના ટ્રેડ વોરનો ફાયદો ઉઠાવવામાં ભારત નિષ્ફળ**

મુંબઈ : ભારતના જેમ્સ એન્ડ જવેલરી ઉદ્યોગનું સંકટ સતત વધી રહ્યું છે. ભારતમાં યોગ્ય એસઈઝેડ નીતિના અભાવ તેમજ કસ્ટમ્સની હજુ યથાવત અનેક સમસ્યાઓને લઈ અમેરિકા-ચાઈના વચ્ચે ટ્રેડ વોરનો ફાયદો ઉઠાવવામાં ઉદ્યોગ નિષ્ફળ રહેતા વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૧૯ના સમયગાળામાં જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ ૭.૫૮ ટકા ઘટીને ૧૮.૮૮ અબજ ડોલર રહી હતી. એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલના આંકડા પ્રમાણે ગત વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૧૮માં જ્વેલરીનો નિકાસ આંક ૨૦.૪૩ અબજ ડોલર રહ્યો હતો. જ્યારે સપ્ટેમ્બર ૨૦૧૯ મહિનામાં પણ જેમ્સ એન્ડ જવેલરીની નિકાસો નબળી રહી હોવાનું અને આ નિકાસો ૩૫૫.૮૩ કરોડ ડોલરની તુલનાએ ૬.૨૪ ટકા ઘટીને ૩૩૩.૬૪ કરોડ ડોલર રહી હોવાનું જાણવા મળે છે. જેમ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ(જીજેઈપીસી)ના વાઈસ ચેરમેન કોલીન શાહે જણાવ્યું હતું કે, ભારતીય ઉદ્યોગ હજુ મોટા પડકારો અને નીતિઓની સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. અમેરિકા-ચાઈના વચ્ચે ટ્રેડ વોરનો ફાયદો ભારતનો થવો જોઈતો હતો, પરંતુ ભારતમાં એસઈઝેડ નીતિ નહીં હોવાથી અને કસ્ટમ્સની યથાવત અનેક સમસ્યાઓને લઈ અમેરિકા સહિતના મોટા દેશોમાં ભારતની જેમ્સ એન્ડ જવેલરીની નિકાસોને ફટકો પડયો છે.

# જાપાનની ટોયોટા કિર્લોસ્કર દેશની ચોથા ક્રમની મોટી કંપની બની

નવી દિલ્હી:જાપાની કાર ઉત્પાદક કંપની ટોયોટાની ભારતીય પેટાકંપની કિર્લોસ્કર મોટર્સ સૌપ્રથમવાર ટાટા મોટર્સ અને હોન્ડા કાર્સને ઓવરટેક કરીને બજાર હિસ્સાના સંદર્ભમાં દેશની ચોથા ક્રમની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની બની ગઈ છે, તેમ ઉદ્યોગના આંકડા દર્શાવે છે.ઈનોવા અને ફોર્ચ્યુનર જેવી પ્રીમિયમ યુટિલિટી વિહિકલ્સના ઉત્પાદક નાણાકીય વર્ષ ૨૦૧૯ના પ્રથમ છમાસિક ગાળામાં ૪.૮૬ ટકા બજાર હિસ્સો નોંધાયો હતો, તેમણે પાછલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ૪.૬૩ ટકા બજાર હિસ્સો નોંધાવ્યો હતો જે ૨૩ બેસિસ પોઈન્ટનો વધારો દર્શાવે છે. તેના હરીફો જેવા કે ટાટા મોટર્સ અને હોન્ડા કાર્સ ઈન્ડિયાએ બજાર હિસ્સામાં અનુક્રમે ૧.૯ ટકા તથા ૦.૯ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો.ટોયોટા કિર્લોસ્કર મોટર્સના બજાર હિસ્સામાં જે વધારો થયો છે.


Salma Zahid
Your Liberal Party
MP for Scarborough Centre
Since 2015
To re-elect Justin Trudeau,
you must vote
"Salma Zahid, Liberal"
On Oct. 21
Liberal
: ADVANCE VOTING :
October 11, 12, 13, 14, 9:00 AM to 9:00 PM
: Election Day :
October 21, 9:30 AM to 9:30 PM
: Need a ride to the voting place? :
Call (416) 479-4150 or info@salmazahid.ca
Authorized by the Official Agent for Salma Zahid

# ગુજરાતમાં ધારાસભાની ૬ બેઠકની ચૂંટણી માટે તૈયારીઓને આખરી ઓપ અપાયો

**• પેટાચૂંટણીમાં કુલ ૧૪.૭૬ લાખ નાગરિકો મતાધિકારનો ઉપયોગ કરી શકશે**

અમદાવાદ : ૨૧મી ઓક્ટોબરે ગુજરાતમાં છ બેઠકો પર પેટાચૂંટણી યોજાનાર છે ત્યારે ચૂંટણીપંચે ચૂંટણી માટેની તૈયારીઓને આખરી ઓપ આપ્યો છે. છ બેઠકો પર કુલ ૧૪,૭૬,૭૧૫ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.

આ ઉપરાંત કુલ ૧૭૮૧ મતદાન મથકો પર મતદાન યોજાશે. અત્યારે કુલ મળીને ૪૨ ઉમેદવારો પેટાચૂંટણી લડી રહ્યાં છે. કેન્દ્રીય ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ અધિકૃત એન્જિનિયરોએ ઈવીએમ અને વીવીપેટની ચકાસણીની કામગીરી પણ પૂર્ણ કરી લીધી છે. કુલ ૧૭૮૧ મતદાનમથકો પર મતદાન, ૩૫૩૨ ઈવીએમ-૩૪૨૮ વીવીપેટ ઉપયોગમાં લેવાશે. ગુજરાતમાં યોજાનારી પેટાચૂંટણી માટે રાજ્ય ચૂંટણીપંચે તમામ તૈયારી કરી લીધી છે. રાધનપુર,બાયડ,થરાદ,અમરાઈવાડી,લુણાવાડા અને ખેરાલુમાં પેટાચૂંટણી યોજાનાર છે. થરાદ બેઠક પર કુલ ૨,૧૭,૮૪૯ મતદારો, ખેરાલુ બેઠક પર ૨,૦૯,૬૪૦ મતદારો,અમરાઈવાડીમાં ૨,૭૯,૦૮૨ મતદારો નોધાયાં છે. આ ઉપરાંત લુણાવાડામાં ૨,૬૯,૧૧૭ મતદારો, રાધનપુરમાં ૨,૬૯,૮૪૨ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. જયારે બાયડમાં ૨,૩૧,૧૮૫ મતદારો આ વખતે મતદાન કરશે. આ છ બેઠકો પર કુલ મળીને ૧૪,૭૬,૭૧૫ મતદારો નોંધાયેલાં છે. કુલ છ બેઠકો પર ૭,૭૦,૯૯૧ પુરુષ મતદારો જયારે ૭,૦૫,૭૧૨ મહિલા મતદારો નોધાયેલા છે. છ બેઠકો પર કુલ ૧૨ થર્ડ જેન્ડર મતદારો પણ મતાધિકારનો ઉપયોગ કરશે.

# ચાલાસણમાં ૮ માસની બાળકીની પિતાએ એસિડ નાખી હત્યા કરી

મહેસાણા : મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ચાલાસણમાં આઠ માસની બાળકીની હત્યા થઈ હોવાનો ચોંકાવનારો ખુલાસો સામે આવતાં કેસમાં નવો વળાંક આવ્યો હતો. માત્ર આઠ માસની બાળકી પર એસિડ નાંખીને હત્યા કરાઈ હોવાનો ખુલાસો પીએમ રિપોર્ટમાં થતાં હવે પોલીસ દોડતી થઈ ગઈ હતી. સિવિલ હોસ્પિટલની બી.જે.મેડિકલમાં કરાયેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બાળકીની એસિડ છાંટી હત્યા થઈ હોવાની વાત સામે આવી હતી. પોલીસે આ કેસમાં પહેલા તો અકસ્માત મોત નોંધ્યો હતો પરંતુ હવે આ સમગ્ર કેસમાં હત્યાનો ખુલાસો થતાં પોલીસે મર્ડરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં ખાસ કરીને પોલીસે બાળકીના માતા-પિતાની આકરી પૂછપરછ દરમ્યાન પિતા જ બાળકીનો હત્યારો હોવાનો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો. પિતાએ પોતાનો ગુનો પોલીસ સમક્ષ કબૂલી લીધો હતો. જેથી પોલીસે કયા કારણસર પિતાએ બાળકીની હત્યા કરી તે અંગેનું કારણ જાણવાની તપાસ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ચાલાસણ ગામમાં ઘરમાં ઘોડિયામાં સૂતેલી આઠ માસની બાળકી પર અજાણી વ્યક્તિએ એસિડ એટેક કર્યો હતો. એસિડ એટેકમાં નિર્દોષ બાળકી ગંભીર રીતે દાઝી ગઈ હતી.

# સરકારી કર્મીઓના ખાતાકીય તપાસના કેસો લોક અદાલતમાં ચાલશે

ગાંધીનગરઃ ગુજરાત સરકારે સરકારી કર્મચારી-અધિકારીઓ સામે ચાલતી ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે હવે લોક અદાલત પદ્ધતિથી કેસ ચલાવવાનો નિર્ણય કર્યો હતો. આ માટે દરેક ૨૬ વિભાગમાં સચિવ અને અન્ય ઉચ્ચ અધિકારીઓની સમિતિ બનાવવામાં આવી હતી. આ સમિતિ સરકારી કર્મીઓ સામેના ખાતાકીય તપાસના કેસોનો ઝડપી નિકાલ કરશે. સરકારી કર્મચારી-અધિકારીઓ સામેનાં ખાતાકીય તપાસના નિકાલ માટે સામાન્ય વહીવટ વિભાગે માળખું તૈયાર કર્યું હતું. જે લોક અદાલતની જેમ કેસોનો નિકાલ કરશે. કર્મચારી પોતાનો કેસ સમિતિ સમક્ષ લઈ જવા નિયત ફોર્મેટમાં અરજી કરી શકશે. ગંભીર ગુના ન હોય તેવા કેસો સમિતિ ચલાવી શકશે.

# માનહાનિ કેસ : રાહુલ સુરત કોર્ટમાં હાજર, વધુ સુનાવણી ૧૦ ડિસેમ્બરે

**• બદનક્ષી ગુનો કબૂલ છે તેવો વેધક પ્રશ્ન કોર્ટે કરતા રાહુલે ઈનકાર કર્યો**

અમદાવાદ : કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી બે દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવ્યા છે. બે જુદા જુદા કેસની મુદતની હાજરી અને ગુજરાતની રાજકીય સ્થિત તેમ જ સ્થાનિક પેટા ચૂંટણી સહિતના કારણોને લઈ રાહુલ ગુજરાતમાં આવ્યા છે. ગત લોકસભા ઈલેકશનનાં પ્રચારમાં કર્ણાટકની એક રેલીમાં બધાં જ ચોરોના ઉપનામ મોદી કેમ એવી ટિપ્પણી કરનાર રાહુલ ગાંધી વિરૂધ્ધ સુરતની કોર્ટમાં સુરત પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ કરેલી ખાનગી ફોજદારી ફરિયાદના કેસમાં તેઓ રૂબરૂ ગુરુવારે સુરત કોર્ટમાં હાજર રહ્યા હતા. કેસની સુનાવણી દરમ્યાન કોર્ટે રાહુલ ગાંધીને તેમનું નામ, ઉમંર અને સરનામુ પૂછયા હતા. બાદમાં કોર્ટે તેમને પૃચ્છા કરી હતી કે, તમારી મોદી સમાજ માટે ઉપરોકત વિવાદીત ટિપ્પણીને લઈ મોદી સમાજની બદનામી થઈ છે અને તેના અનુસંધાનમાં ફરિયાદી તરફથી દાખલ કરાયેલી ફરિયાદનો ગુનો તમને કબૂલ છે ? જેના પ્રત્યુત્તરમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટપણ ના જણાવ્યું હતું. રાહુલે જણાવ્યું કે, તેમને આ ગુનો કબૂલ કે મંજૂર નથી. હવે રાહુલ ગાંધી એડીસી બેંકના બદનક્ષીના કેસમાં ઘીકાંટા સ્થિત મેટ્રોપોલીટન કોર્ટમાં હાજર રહેશે. સુરત કોર્ટમાં રાહુલ ગાંધીની આજની હાજરીને લઈ કોર્ટ સંકુલમાં ભારે ઉત્તેજના છવાઈ હતી. જોકે કોર્ટે વધુ સુનાવણી ૧૦ ડિસેમ્બરે રાખી હતી. રાહુલ ગાંધી તરફથી સિનિયર એડવોકેટ્સ પહેલેથી જ હાજર થઈ ગયા હતા.

# ૧૩માં માળેથી મહિલાએ છલાંગ લગાવતા વૃદ્ધ પર પડતાં બંને મોત થયા

અમદાવાદ : ખોખરા વિસ્તારમાં આવેલા પરિષ્કાર બહુમાળી બિલ્ડીંગના ૧૩માં માળેથી ઝંપલાવતાં એક મહિલા નીચે વોકીંગ કરવા નીકળેલા એક વુધ્ધ વ્યક્તિ પર શુક્રવારે સવારે પડતાં બંન્નેના ઘટના સ્થળે જ મોંત થયા હતા.જેના કારણે લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોંતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. સુરતમાં રહેતી મમતા રાઠી (ઉ.વ ૩૦)નુ પિયર ખોખરા વિસ્તારના પરિષ્કાર બહુમાલી બિલ્ડીંગમાં છે. મમતા રાઠીને માનસિક બિમારી હોવાથી તેની સારવાર ચાલતી હતી. શુક્રવારે સવારે સાત વાગે તેણે પરિષ્કાર બિલ્ડીગના ૧૩માં માળેથી કુદકો માર્યો હતો અને તે મોર્નિંગ વોકમાં નિકળેલા નિવ્રુત શિક્ષક બાલુભાઈ દિવાકર કામીતના ઉપર પડી હતી. જેના કારણે તેઓ પણ નીચે પડી જતાં બંન્ને જણાના ઘટના સ્થળે જ મોત નિપજયા હતા.




Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com

# રાજકોટ જીઆઈડીસી ખાતે કેમિકલની ફેક્ટરીમાં આગ લાગતાં ૧૦ દાઝયા

**• નેપ્થા કેમિકલ લીધે આગ પર કાબૂ મેળવવા ભારે જહેમત, કેમિકલથી શ્વાસ રૂંધાતા પાંચ કર્મચારીઓની તબિયત લથડી**

રાજકોટ : રાજકોટના આજી જીઆઈડીસીમાં આવેલી એક કેમિકલની ફેક્ટરીમાં આજે બપોરે બહુ મોટી અને ભીષણ આગ લાગતાં ભારે ચકચાર અને દોડધામ મચી ગઈ હતી. આગ એટલી ભયંકર અને વિકરાળ હતી, તેને લઈ ફાયરબ્રિગેડ વિભાગ દ્વારા બ્રિગેડ કોલ જાહેર કરાયો હતો. આગની આ દુર્ઘટનામાં ચીફ ફાયર ઓફિસર સહિત



દસ જણાં દાઝયા હતા અને પાંચ કર્મચારીના શ્વાસ રૂંધાતા તબિયત લથડી હતી. આ ભયંકર વિકરાળ આગમાં રાજકોટ ચીફ ફાયર ઓફિસર સહિત દસ જણાં વત્તા ઓછા અંશે દાઝયા હતા. બીજીબાજુ, આગની વિકરાળતાને જોતાં આજુબાજુના વિસ્તારને ખાલી કરાવવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ ફાયર વિભાગને થતાં દસથી વધુ ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગને કાબુમાં લેવા યુધ્ધના ધોરણે પ્રયાસ હાથ ધરાયા હતા. જો કે, ફેકટરીમાં નેપ્થા કેમિકલ હોઈ તેના કારણે આગ બુઝાવવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ફાયરબ્રિગેડના દાઝેલા કર્મચારીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# પાલિકામાં ધમાલ મચાવનાર ડીસાના ધારાસભ્ય પંડ્યાને ૩ મહિનાની સજા

પાટણ : ડીસાના ધારાસભ્ય શશિકાંત પંડ્યાને કોર્ટે ૩ મહિનાની આકરી સજા ફટકારી છે. જ્યુડિશિયલ કોર્ટે આ સજા ફટકારી હોવાની માહિતી મળી છે. પ્રાપ્ત માહિતી મુજબ કોર્ટે શશિકાંત પંડ્યાને ૩ માસની સજા સાથે રૂપિયા ૫૦૦નો દંડ પણ ફટકાર્યો છે.

ડીસાના ભાજપ ધારાસભ્ય શશીકાંત પંડ્યા વિરુદ્ધ વર્ષ ૧૯૯૯માં ડીસા પાલિકામાં ધમાલ કરવાનો ચાર્જ હતો. જેની સુનાવણી હેઠળ ડીસાની એડી ચીફ જ્યુડિશ્યલ કોર્ટના જજ એમ.ડી.બર્મભટ્ટે આઈપીસીની કલમ ૧૮૬ હેઠળ આ સજા ફટકારી છે. શશીકાંતને ૩ માસથી કેદ અને ૫૦૦ રૂપિયાના દંડની સજા કરાઈ



છે. જોકે એમએલએ અપીલ અધિકારીએ કોર્ટમાંથી જામીન મેળવી લીધા છે. આ સાથે એક માસમાં સજા અમલ સામે અપીલ કરવી પડશે. ટ્રાયલ દરમિયાન આઈપીસીની કલમ ૩૨૭, ૫૦૪ અને ૪૭૭ હેઠળ પુરાવાના અભાવે એમએલએને મુક્ત કરાયા છે

## કચ્છમાં મેઘમહેરબાનઃ રાજ્યમાં સિઝનનો સૌથી વધુ૧૭૭ ટકા વરસાદ

અમદાવાદઃ ગત વર્ષના ચોમાસા દરમિયાન કોરા ધાકોર રહેલા સરહદી જિલ્લા કચ્છને આ વર્ષે મેઘરાજાએ દાયકાઓ બાદ પહેલીવાર તરબોળ કરી દીધું છે. અત્યાર સુધીમાં અહીં સિઝનનો સૌથી વધારે એટલે કે, ૧૭૭.૭૯ ટકા (૭૧૨ મિમી ) વરસાદ વરસી ચૂક્યો છે. જિલ્લાના ૧૦ તાલુકામાં સૌથી વધારે અબડાસામાં ૭૮૯ મિમી એટલે કે સિઝનનો સરેરાશ ૨૧૯.૪૩ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે જ્યારે સૌથી ઓછો ગાંધીધામમાં ૫૫૩ મિમી એટલે કે ૧૩૯.૫૨ ટકા વરસાદ વરસ્યો છે. જોકે, સિઝનના સરેરાશ વરસાદની ટકાવારીને બદલે મીલી મીટરને ધ્યાનમાં રાખીએ તો સૌથી વધુ નખત્રાણામાં ૮૨૧ મિમી વરસાદ નોંધાયો છે. બીજી બાજુ, સમગ્ર ગુજરાતનો સિઝનનો સરેરાશ વરસાદ ૧૪૧.૭૭ ટકા નોંધાઈ ચૂક્યો છે.

# ભુજના સરક્રીક પાસેથી અંદાજે ૧૦ કરોડથી વધુના ડ્રગ્સના પેકેટ મળ્યાં

ભુજ : થોડા દિવસો અગાઉ સરક્રીક પાસે બિનવારસી હાલતમાં મળી આવેલી પાકિસ્તાની માછીમારીની બોટનો કોયડો વણઉકેલ્યો છે ત્યારે ફરી સરહદી સલામતી દળને સરક્રીક નજીક લકી નાળામાંથી બીનવારસી હાલતમાં ડ્રગ્સનું એક પેકેટ મળી આવતાં ચકચાર ફેલાઈ છે. ગત ૨૧ મેના રોજ પાકિસ્તાની બોટ મારફતે ભારતમાં ઘુસાડાઈ રહેલા ડ્રગ્સના જથ્થા પૈકીનું જ આ પેકેટ હોવાની શક્યતા સુરક્ષાના જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. બે બીનવારસી બોટ મળ્યા બાદ બીએસએફએ ક્રીકમાં સઘન સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. તે દરમિયાન આ પેકેટ મળી આવ્યું છે અને આંતરરાષ્ટ્રીય માર્કેટ અનુસાર તેની કિંમત અંદાજે ૧૦ કરોડ જેટલી થાય છે. જોકે, આ અંગે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવ્યા બાદ ડ્રગ્સની કિંમતનો આંકડો અને ઘટનાની વિગતો બહાર આવશે. ૨૧મી મે ૨૦૧૯નાં રોજ પાકિસ્તાનની અલ મદિના બોટ દ્વારા ભારતમાં ડ્રગ્સનો મોટો જથ્થો ઘુસાડાઈ રહ્યો હતો. કોસ્ટગાર્ડે બોટને આંતરી તેમાંથી એક હજાર કરોડનું બ્રાઉન સુગર જપ્ત કર્યું હતું. જોકે, કોસ્ટગાર્ડને જોઈને બોટમાં રહેલા ડ્રગ્સ કેરીયરે ડ્રગ્સના કેટલાંક પેકેટ દરિયામાં ઠાલવી દીધા હતા. આ જથ્થા પૈકીના પચાસ કરોડથી વધુના ડ્રગ્સના પેકેટ જખૌથી લઈ અબડાસાના દરિયાકાંઠે થોડાંક દિવસો બાદ છૂટક છૂટક રીતે મળવાનું શરૂ થયું હતું. જેથી બીજી જૂનનાં રોજ કચ્છ પોલીસ અને બીએસએફ સહિતની એજન્સીઓ દ્વારા સઘન સર્ચ ઑપરેશન હાથ ધરાયું હતું. દરિયો રફ હોઈ આ ઑપરેશન અધવચ્ચે પડતું મુકાયું હતું અને ત્યારબાદ નવેસરથી કોઈ કવાયત હાથ ધરાઈ નહોતી.

## રાજકોટમાં ચીટરોએ ઊભી કરી પોતાની જ આરટીઓ કચેરીઃ છ આરોપી પકડાયા

રાજકોટઃ શહેર પોલીસને છ માસ પહેલા એક બાતમી મળી હતી કે અમુક શખસો મેમો આવ્યો હોય તેમાં લખેલી દંડની રકમ કરતા ઓછી રકમમાં વાહનો છોડાવી દે છે. આ બાતમીના આધારે વોચ ગોઠવી લોકો પાસેથી દંડની રકમ ઓછી કરાવવાનું કહેતા શખસનો પીછો કરી આજી ડેમ ચોકડી પાસે આવેલા માનસરોવર પાર્કમાં આવેલી એક ઓફિસે રેડ કરતા બેની ધડપકડ કરી પૂછપરછ કરતા વધુ ચાર લોકોને પકડી પાડવામાં આવ્યા હતા. તલાસી લેતા ઈ-પહોંચ તેમ જ મેમો અને આરટીઓના ફોરર્વડિંગ લેટર તેમ જ સિક્કા મળી આવ્યા હતા. રાજકોટ શહેર ઓફિસે રેડ કરતા હાર્દિક જાદવ અને મનીષ ઉર્ફે સાગર ઘનશ્યામ મહેતાની ધરપકડ કરી બંનેની પૂછપરછ કરતા વધુ લોકો પણ સંડોવાયેલા હોવાનું ખૂલતા વધુ ચારની પણ અટકાયત કરી હતી.

## સેક્સ સિવાય, યા હસ્તમૈથુન કર્યા સિવાય રાત્રે ઊંઘ ન આવતી હોય તો આટલું કરો



**તનસ્વી તન, મનસ્વી મન**

ડો. મુકુલ ચોક્સી

- આ એક કમ્પલ્ઝીવ અવસ્થા છે એ સમજો. નિયમિત સેક્સ વાંધાજનક નથી, પણ સંજોગવશ એ શક્ય ન બને તો આખી રાત ઊંઘી જ ન શકાય એ સ્થિતિ સેક્સના વ્યસનને સમકક્ષ છે.

- આ સેક્સ આનંદ અર્થે છે, એ કુટેવ ન બની જવી જોઈએ. સેક્સને કુટેવ બનતા રોકવા ક્યારેક ઐચ્છિક બ્રહ્મચર્ય પાળો. અઠવાડિયે એકાદ દિવસ પણ સેક્સ વગર પસાર થવા દો. પ્લાન્ડ એબ્સ્ટીનન્સ (ટુંકાગાળાને) આપને સેક્સના વ્યસની બની જતાં રોકશે.

- પાર્ટનર સાથે વાતચીત, મૈત્રી વિકસાવો. એકમેકના શોખ શેર કરો. જીવનના તમામ પાસામાં સહ વાસ માણો, તે કેવળ સેક્સનો સંદર્ભ ગૌણ બની શકશે.

- એકલા યુવાન હોવ તો ઈન્ટરનેટ સેક્સ, પોર્નસાટ, અશ્લીલ ટીવી દ્રશ્યો, કામોત્તિજક સાહિત્ય વગેરેનો સંપર્ક ઓછો કરો. એ પ્રકારની જ વાતો કરતાં મિત્રવર્તુળથી દૂર રહો. એનાથી કમ્પલ્ઝીવ મેસ્ટરબેશનમાં વધારો થાય છે.

- જો સમાગમ યા હસ્તમૈથુન કમ્પલ્ઝીવ બની જાય તો મનોચિકિત્સકની સલાહ લઈ શકો છો. આવેશ રોકવાના (ઈમ્પલ્સ કંટ્રોલના) રસ્તાઓ હોય છે. વર્તનલક્ષી સારવાર ઉપયોગી નીવડશે.

- સેલ્પ કંટ્રોલ માટે ધર્મ, સમાજ, વિજ્ઞાન, રીલેક્સેશન, રીક્રીએશન, સ્પોર્ટસ, વ્યાયામ, સામાજિક, પ્રવૃત્તિઓ, સારું વાંચન, ઉદ્યમ-પરિશ્રમ વગેરેમાં મનને ડાયવર્ટ કરો.

ઘરમાં ઉત્તેજક વસ્ત્રો પહેરવાનું, સૂતા પહેલા ચેનલો સર્ફ કરવાનું, પ્રવોકીંગ ગીત-સંગીત સાંભળવાનું ટાળો.

- બાળકોને સાથે રાખો. કૌટુંબિક વાતાવરણ ઊભું થવા દો. એનાથી આપમેળે મન સેક્સમાંથી નીકળીને અન્ય જગ્યાએ ડાયવર્ટ થઈ શકશે.

- હસ્તમૈથુન રોકવા પથારીમાં ઊંઘા સૂવાની ટેવ હોય તો તે બદલો. એકલા રહેવાનું ઓછો કરો. ફેન્ટસી થિન્કીંગ ઓછું કરવા ઉત્તેજક ચિત્રાવાળા કે વર્ણનોવાળા પુસ્તકો દૂર કરો.

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

**હું બાવીસ વર્ષની અપરિણીતા યુવતી છું. મારું દોઢ વર્ષથી એક યુવક સાથે અફેર ચાલે છે. અમે એકબીજાની ફીલિંગ્સ સારી રીતે જાણીએ છીએ. અમે પાંચથી છ વખત સેક્સ કર્યું છે, પણ હવે મને ડર લાગે છે કે ભવિષ્યમાં કોઇ પ્રોબ્લેમ તો નહીં થાય ને? અમે સેક્સ કરતી વખતે પ્રોટેક્શન વાપર્યું હતું, પણ ૧૦ થી ૧૫ મિનિટ સુધી પ્રોટેક્શન વગર સંભોગ કર્યો હતો. જોકે તેનું વીર્ય ક્યારેય મારી યોનિમાં નથી ગયું. મને પિરિયડ્સમાં પણ કોઇ તકલીફ નથી થઇ. શું અમને એઇડ્સ થવાની શક્યતા ખરી? મારાં લગ્ન જો બીજી કોઇ વ્યક્તિ સાથે થાય તો તેને ખબર પડી શકે કે મેં કોઇની સાથે સેક્સ માણ્યું હતું? હું ખૂબ જ ડિસ્ટર્બ છું. મને યોગ્ય માર્ગદર્શન આપશો.**

જવાબ :) જ્યાં સુધી તમે પોતે કબૂલ ન કરો કે તમે ભૂતકાળમાં સેક્સ માણ્યું છે ત્યાં સુધી દુનિયાની કોઈ વ્યક્તિ કે ડોક્ટર એમ ન કહી શકે કે તમે ભૂતકાળમાં સમાગમ કર્યો છે. તમે જ્યારે પણ સમાગમ કરો ત્યારે પ્રોટેક્શનનો ઉપયોગ કરવો આવશ્યક છે. ઈન્દ્રિય યોનિમાર્ગમાં દાખલ થાય એ પહેલાં કોન્ડોમ પહેરવું આવશ્યક છે, કારણ કે ઘણી વખત પુરુષના ખ્યાલ બહાર પણ ઈન્દ્રિયમાંથી વીર્યનાં ટીપાંઓ બહાર નીકળી જતાં હોય છે. એને પરિણામે ગર્ભ રહેવાની શક્યતા ઊભી થાય છે. તમે એચઆઈવી પોઝિટીવ (એઈડ્સ) ત્યારે જ થઈ શકો જ્યારે તમે જેની જોડે સમાગમ કરો છો તેને પણ એઈડ્સ હોય. એટલે ક્યારેય અજાણી વ્યક્તિ સાથે સમાગમ કરો ત્યારે સુરક્ષિત રીતે (કોન્ડોમ પહેરીને) જ કરવો જોઈએ. જો યોગ્ય રીતે કોન્ડોમ પહેરીને સંભોગ કર્યો હોય તો એઈડ્સ થવાની શક્યતા નહીવત્ હોય છે. આજના જમાનામાં કોઈપણ બહારની વ્યક્તિ સાથે અસુરક્ષિત સમાગમ ખતરાથી ખાલી નથી, કારણ કે એક વ્યક્તિ જો તમારી પાસે આવી શકે તો બીજે પણ જઈ શકે છે. ટૂંકમાં, અર્વાચીન યુગમાં સુરક્ષિત સમાગમ એ જ એઈડ્સથી બચવાનો એકમાત્ર ઉત્તમ ઉપાય છે.



**મુંઝવણ**

પ્રશ્ન : મારી ઉંમર ૨૬ વર્ષની છે. મારાં લગ્નને બે વર્ષ થઈ ગયાં છે. અમારી સેક્સલાઈફ આમ તો સારી છે પણ છેલ્લા ઘણાં દિવસથી યુરિન લાગે તો સરખી યુરિન પાસ નથી થતું. મતલબ યુરિનમાં સરખો સંતોષ નથી થતો. જોકે યુરિનમાં કોઈ બળતરા નથી થતી. વળી, પત્નીનું માસિક પણ રેગ્યુલર નથી. ત્રણ મહિનાથી તેને માસિક નથી આવ્યું. ટેસ્ટ કર્યો તો ટેસ્ટ નેગેટિવ આવ્યો. અમારે શું કરવું જોઈએ?

જવાબ : યુરિન ઈન્ફેક્શન થયું હોય તો પણ ઘણીવાર આવું થતું હોય છે. જોકે તમને બળતરા નથી થતી એટલે ઈન્ફેક્શન થવાની સંભાવના ઓછી છે. પાણી વધારે પ્રમાણમાં પીવાનું રાખો. શ્રેષ્ઠ સલાહ એ જ રહેશે કે તમે કોઈ સારા ડોક્ટરને એક વાર બતાવી દો. રહી વાત માસિકની, તો ઘણીવાર ઘરે પ્રેગ્નન્સી ટેસ્ટ કિટથી ટેસ્ટ કરો તો તેમાં નથી બતાવતું. જો તમારે હાલ બાળક ન જોઈતું હોય તો આ માટે ગાયનેકને બતાવી દેવું જોઈએ.

**પ્રશ્ન : હું ૩૭ વર્ષ છું. મને સેક્સમાંથી રસ ઓછો થવા લાગ્યો છે. પતિને હજી પણ સેક્સ કરવું ગમે છે. તે મને ઉત્તેજિત કરવા પ્રયત્ન કરે ત્યારે મારી અંદર એક અણગમો ઉત્પન્ન થાય છે. આવું કેમ થાય છે તેની મને નથી ખબર પડતી. મને આ અંગે યોગ્ય માર્ગદર્શન આપશો.**

જવાબ : તમને આવું કેમ થાય છે તેનો ખરો જવાબ તમે જ આપી શકો બહેન, કેમ કે ઘણીવાર એવું બનતું હોય છે કે અમુક અંગત કારણસર પણ સેક્સજીવનમાં તણાવ ઉત્પન્ન થતો હોય. તમારા પતિની કોઈ વાત તમને ન ગમતી હોય અથવા સેક્સ સમયે પીડા થતી હોય, ઘરની કોઈ ચિંતા હોય, બાળકોની ચિંતા હોય અથવા બીજી કોઈપણ પ્રકારની મુશ્કેલી હોય તો પણ સેક્સ પ્રત્યે અણગમો ઉત્પન્ન થાય. આ સામાન્ય બાબત છે. ઘણી સ્ત્રીઓને આ ઉંમરે હોર્મોન્સ ચેન્જ થતાં હોય અથવા તો મેનોપોઝ સમય નજીક હોય ત્યારે પણ આવું બનતું હોય છે. માટે કોઈ સારા ડોક્ટરની મુલાકાત લો. સેક્સ કરતાં પહેલાં પતિ સાથે થોડી રોમેન્ટિક ચર્ચા કરો.

**પ્રશ્નઃ મારા પતિની સમસ્યા એ છે કે તેમને જનનાંગના આગળના ભાગમાં ત્વચાની નીચે સફેદ રંગનો ઘટ્ટ પદાર્થ જામી જાય છે. જો તેને સાફ કરી નાખવામાં આવે તો સ્થિતિ સામાન્ય થઈ જાય છે નહીંતર ખૂબ બળતરા થાય છે અને થોડી વાસ પણ આવે છે. આ સમસ્યાથી અમે બન્ને પરેશાન છીએ. તેમાંથી છૂટકારો મેળવવા માટે કોઈ ઉપાય બતાવો.**

ઉત્તરઃ આ સફેદ દુર્ગંધયુક્ત પદાર્થ જેને કારણે તમે ચિંતિત છો તે સ્મેગમા છે. હકીકતમાં, આ એક પ્રકારનો શિશ્ન મળ છે, જે તે ભાગની સપાટી પરના કુદરતી રીતે તૂટતા કોષમાંથી બને છે. આનાથી છૂટકારો મેળવવા માટેની સૌથી સરળ રીત એ છે કે પતિ દરરોજ સ્નાન કરતી વખતે શરીરનાં બીજાં અંગોની જેમ જનનાંગની સ્વચ્છતા તરફ પણ પૂરું ધ્યાન આપે. સાવધાની રાખશો તો જરૂર આ સમસ્યામાંથી છુટકારો મળી જશે.

# ગુજરાતના ૬૫ ધનકુબેરો : કુલ સંપત્તિ ૩,૦૬,૫૦૦ કરોડ

•૯૪,૫૦૦ કરોડની સંપત્તિ સાથે ગૌતમ અદાણી ગુજરાતમાં પ્રથમ ક્રમે : પંકજ પટેલ ૨૨ હજાર કરોડ સાથે બીજા ક્રમે

અમદાવાદ : હુરૂન રિપોર્ટ ઇન્ડિયા અને આઇઆઇએફએલ વેલ્થે 'આઇઆઇએફએલ વેલ્થ હુરૂન ઇન્ડિયા રિચ લિસ્ટ ૨૦૧૯ની રજૂઆત કરી છે, જેમાં રૂ. ૧,૦૦૦ કરોડ અથવા વધુ સંપત્તિ ધરાવતા ભારતના ધનાઢ્ય વ્યક્તિઓ સામેલ કરવામાં આવ્યાં છે. હુરૂન રિપોર્ટ ઇન્ડિયા અને આઇઆઇએફએલ વેલ્થે આજે તેના આઇઆઇએફએલ વેલ્થ હુરૂન ઇન્ડિયા રિચ લિસ્ટ ૨૦૧૯માં સૌથી વધુ ધનાઢ્ય ગુજરાતીઓનું વિશ્લેષણ રજૂ કર્યું છે.



યાદીમાં સામેલ ગુજરાતીઓની કુલ સંપત્તિ ગત વર્ષની સરખામણીમાં ૨૧ ટકા વધી છે. નિરમાના કરસનભાઇ પટેલ રૂ. ૧૨,૨૦૦ કરોડની સંપત્તિ સાથે યાદીમાં ત્રીજા ક્રમે અને સમગ્ર ભારતમાં ૬૪માં ક્રમે છે. રાજ્યની યાદીમાં ૯ અને ૮ નામો સાથે ઇન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ અને ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ રૂ. ૩૮,૨૦૦ કરોડ અને રૂ. ૩૧,૮૦૦ કરોડ ધરાવે છે. આ યાદીમાં ૧૦ મહિલાઓ પણ છે.

યાદીમાં ૪૯ વ્યક્તિ અમદાવાદના, સુરતના ૮, રાજકોટના ૬ અને વડોદરાના ૨ ધનાઢ્યો સામેલ છે. આ યાદીમાં સામેલ વ્યક્તિઓની સંખ્યા મુજબ ફાર્મા સેક્ટર ગુજરાતમાં સૌથી ધનાઢ્યોમાં ૪૦ ટકા હિસ્સો ધરાવે છે, જે બાદ જ્વેલરી (૨જા ક્રમે અને ગત વર્ષે ૫માં ક્રમે) ૧૨ ટકા હિસ્સો, કન્સ્ટ્રક્શન એન્ડ એન્જિનિયરિંગ (૯ ટકા), એફએમસીજી (૮ ટકા) હિસ્સો ધરાવે છે. સોફ્ટવેર અને સવસિસ ઇન્ડસ્ટ્રી ગત વર્ષે બીજા ક્રમે હતું, તે સરકીને ૧૧માં ક્રમે પહોંચ્યું છે.

આઇઆઇએફએલ વેલ્થ હુરૂન ઇન્ડિયા રિચ લિસ્ટ ૨૦૧૯ની સમગ્ર ભારતની આવૃત્તિની હાઇલાઇટ્સ આઇઆઇએફએલ વેલ્થ હુરૂન ઇન્ડિયા રિચ લિસ્ટ ૨૦૧૯માં ૪૧ ઇન્ડસ્ટ્રીના ૯૫૩ વ્યક્તિઓ સામેલ કરવામાં આવ્યાં છે.

### ટોચના ૧૦ ધનકુબેર

૧ ગૌતમ અદાણી ૯૪,૫૦૦ અદાણી, ૨ પંકજ પટેલ ૨૨,૨૦૦ કેડિલા હેલ્થકેર, ૩ કરશનભાઇ પટેલ ૧૨,૨૦૦ નિરમા, ૪ ભદ્રેશ શાહ ૧૦,૬૦૦ એઆઇએ એન્જિ., ૫ સમીર મહેતા ૯,૭૦૦ ટોરેન્ટ ફાર્મા, ૬ સુધીર મહેતા ૯,૭૦૦ ટોરેન્ટ ફાર્મા, ૭ બિંદીબેન ચુડગર ૮૦૦૦ ઇન્ટાસ ફાર્મા, ૮ પારૂલ ચુડગર ૮૦૦૦ ઇન્ટાસ ફાર્મા, ૯ બીનાબેન ચુડગર ૭,૯૦૦ ઇન્ટાસ ફાર્મા, ૧૦ રાકેશ પટેલ ૭,૫૦૦ નિરમા

### ઔદ્યોગિક ક્ષેત્રની યાદી

૧ ફાર્મા ૨૬ પંકજ પટેલ ૨૨,૨૦૦, ૨ જ્વેલરી ૮ સવજી ધોળકીયા ૧૫૦૦, ૩ બાંધકામ ૬ ભદ્રેશ શાહ ૧૦,૬૦૦, ૪ એફએમસીજી ૫ કરશનભાઇ પટેલ ૧૨,૨૦૦, ૫ ફૂડ ૪ ચંદુ વિરાણી ૨૭૦૦

# હાઇકમાન્ડના આદેશથી પેટાચૂંટણી પહેલા કોંગ્રેસ પક્ષમાં નારાજગી દૂર કરવા હવાતિયાં

•પ્રદેશ પ્રમુખ વિરુદ્ધ કોમેન્ટ કરનારા જયેશ ગેડિયાને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા

અમદાવાદ : પેટાચૂંટણી વખતે જ કોંગ્રેસમાં નેતાઓની નારાજગી બહાર આવી છે જેના કારણે પક્ષમાં ભડકો થયો છે.જોકે,હાઇકમાન્ડે આદેશ કરતાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ બંધબારણે બેઠક કરીને નારાજ નેતાઓના મનામણાંના પ્રયાસો હાથ ધર્યા હતાં. આ ઉપરાંત પક્ષપ્રમુખ વિરૂધ્ધ સોશિયલ મિડિયામાં કોમેન્ટ કરનારાં જયેશ ગેડિયાને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવાયાં છે. એક બાજુ,પેટાચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે બીજી બાજુ,કોંગ્રેસમાં ટિકિટના મામલે ઉકળતા ચરૂ જેવી સ્થિતી છે. નારાજ નેતાઓએ પ્રદેશ નેતાગીરી સામે સવાલો ઉભા કર્યા હતાં.

આ કારણોસર હાઇકમાન્ડ પ્રદેશ નેતાગીરીથી નારાજ છે.હાઇકમાન્ડે આદેશ કર્યો છેકે, પક્ષમાં નારાજગી દૂર કરો અને પરિસ્થિતીને થાળે પાડો. જેના પગલે ગાંધીનગરમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને નિવાસસ્થાને એક બેઠક યોજાઇ હતી જેમાં નારાજ નેતાઓના મનામણા માટે પ્રયાસો કરાયા હતાં. પ્રવક્તા જયરાજ સિંહ પરમારે પણ સિનીયર નેતાઓની ઉપસ્થિતીમાં નારાજગી દૂર કરી પેટાચૂંટણીના કામે લાગી જવા નક્કી કર્યુ હતું જેના કારણે ઘીના ઠામમાં ઘી પડયુ હતું. આ તરફ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના વખતમાં કોંગ્રેસની સ્થિતી વધુ કથળી હતી પરિણામે તેમણે પ્રમુખપદેથી રાજીનામુ આપવુ જોઇએ તેવી માંગ કરનારાં જયેશ ગેડિયા સામે શિસ્તભંગના પગલાં લઇને પક્ષમાં સસ્પેન્ડ કરી દેવાયાં હતાં. આ ઉપરાંત સોશિયલ મિડીયામાં હવે પક્ષ વિશે વાંધાજનક ટિપ્પણી કરનારાં સામે શિસ્તભંગના પગલાં લેવાશે તેવુ કોંગ્રેસ શિસ્ત સમિતીએ સૂચના આપી છે.

# જર્મની અને પોલેન્ડ મોકલવાના બહાને રૂ.૯.૩૫ લાખની ઠગાઇ

વડોદરા : વાઘોડિયારોડ પર પ્રમુખસ્વામી સોસાયટીમાં રહેતા મહેશ રમણભાઇ રાજપુત જયુશ સેન્ટર નામે વેપાર કરે છે તેમના પુત્રને જર્મન ખાતે કોમ્પ્યુટર સાયન્સ અને જર્મન લેન્ગવેઝના અભ્યાસ માટે જવાનું હોવાથી મહેશભાઇએ ઉમા ચાર રસ્તા પાસે ઇન્દ્રપ્રસ્થ કોમ્પલેક્સ ખાતે સ્કીલ વિઝ નામની ઓફિસ ધરાવતા અનીલ રતિલાલ પંચોલી (રહે.ઇન્દ્રજીત સોસાયટી, પબ્લીક સ્કૂલ પાછળ, વાઘોડિયારોડ)નો સંપર્ક કર્યો હતો.

અનીલ પંચોલીએ જર્મન જવા માટે વિવિધ ચાર્જના નામે કુલ રૂા.૯.૩૫ લાખ લીધા હતાં જો કે મહેશભાઇના પુત્રના બે વખત વીઝા કેન્સલ થયા હતાં જેથી અનીલ પંચોલીએ જર્મનના બદલે પોલેન્ડ જવાની વાત કરતા તે માટે પણ મહેશભાઇએ તૈયારી દર્શાવી હતી પરંતુ ત્યાં પણ પુત્રને નહી મોકલતા મહેશભાઇએ અનીલ પંચોલી પાસેથી પૈસા પરત માંગ્યા હતાં. પૈસા આપવાના બદલે અનીલ પંચોલીએ તારાથી જે થાય તે કરી લે તેવી ધમકી ઉચ્ચારી હતી. આ અંગે આખરે મહેશભાઇએ અનીલ પંચોલી સામે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ બનાવમાં અગાઉ પાણીગેટ તેમજ એસઓજીમાં પણ અરજી થઇ હતી.

# બે સંતાનની માતાના ચક્કરમાં પડેલા ગોર મહારાજ રંગેહાથ પકડાઇ ગયા

વડોદરા : લગ્નની વિધિમાં ગણેશ પૂજન વખતે કન્યા પક્ષની બે સંતાનની માતાના પરિચયમાં આવી પ્રેમમાં પડેલા ગોર મહારાજ પત્નીના હાથે રંગેહાથ પકડાઇ જતાં પત્નીએ આપઘાતની ધમકી આપી હતી. મકરપુરા વિસ્તારમાં રહેતા અને ધાર્મિક વિધિઓ કરાવતા ગોર મહારાજ રોહિતના લગ્ન આઠ વર્ષ પહેલાં નિશા સાથે થયા હતા.લગ્ન બાદ તેમને ત્યાં એક પુત્રીનો જન્મ થયો હતો. એક લગ્ન પ્રસંગમાં વિધિ કરાવતી વખતે બે સંતાનની માતા રેખા અને રોહિત વચ્ચે પરિચય થયો હતો અને બંનેએ એકબીજાના મોબાઇલ નંબરની આપલે કરી હતી.થોડા જ સમયમાં રોહિત મહારાજની રેખાના ઘેર આવજા શરૂ થઇ હતી. પતિની હરકતો શંકા ઉપજાવે તેમ હોઇ પત્ની નિશાએ પતિનો પીછો કર્યો હતો.પતિ ત્રણ થી ચાર કલાક બાદ રેખાના ઘરમાંથી બહાર આવતાં નિશાએ પતિની પૂછપરછ કરી હતી.રોહિતે વિધિ કરવાની હોવાનું બહાનું કાઢ્યું હતું. ચારેક દિવસ બાદ ફરીથી નિશાએ પીછો કરી પતિને રેખાના ઘરમાંથી રંગેહાથ પકડયા હતા. આ વખતે રોહિતે પ્રેમસબંધનો સ્વીકાર કરી હું રેખા વગર રહી શકુ તેમ નથી. તેમ કહ્યું હતું.જેથી પત્નીએ પણ આત્મહત્યાની ધમકી આપી હતી.પતિની પ્રેમલીલા ચાલુ રહેતાં આખરે પત્નીએ અભયમની મદદ લીધી હતી.

# ડ્રગ્સ કેસમાં પૂર્વ MLA ભાવસિંહ રાઠોડના પુત્ર સહિત છ જણાંને ૧૦ વર્ષની કેદની સજા

•કિશોરસિંહને સ્પેશિયલ કોર્ટે સજા, બે લાખનો દંડ ફટકાર્યો

અમદાવાદ- વર્ષ ૨૦૧૬ના ૨૬૮ કરોડ રૂપિયાના ડ્રગ્સની હેરાફેરીમાં પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડના પુત્ર કિશોરસિંહ સહિત છ આરોપીઓને અમદાવાદની સ્પેશિયલ કોર્ટે દસ વર્ષની કેદની સજા અને રૂપિયા બે-બે લાખનો દંડ ફરમાવ્યો છે. આરોપીઓમાં કિશોરસિંહ ભાવસિંહ રાઠોડ(પાલડી-અમદાવાદ), ભરતસિંહ રણજીતસિંહ કાઠીયા(મૂળી-સુરેન્દ્રનગર), નરેન્દ્ર ધીરજલાલ કાચા(નરોડા). પુનિત રમેશ શ્રિંગી(પાલઘર-મહારાષ્ટ્ર), મનોજ તેજરાજ જૈન(માહીમ-મુંબઇ) અને જય મુલજી મુખી(સાયન-મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે. કિશોરસિંહ રાઠોડ, મનોજ જૈને, ફરાર આરોપીઓ વિજયગીરી ગોસ્વામીએ કેન્યાના મોમ્બાસામાં આવેલી હોટેલ બ્લીસમાં ૯-૧-૨૦૧૬ના રોજ મીટિંગ કરી હતી.

જેમાં મનોજ જૈને મહારાષ્ટ્રના સોલાપુરમાં આવેલી તેની કંપની એવોન લાઇલ સાયન્સીસમાંથી એફેડ્રીન નામના ડ્રગ્સનો જથ્થો કિલોના રૂપિયા એક હજાર લેખે કેન્યા મોકલવાનું નક્કી કર્યુ હતું. આ ડ્રગ્સ કિશોરસિંહના માધ્યમથી મોકલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ જથ્થઓ કિશોરસિંહ મારફતે ગુજરાત લાવવામાં આવ્યો હતો. આ કામના એડવાન્સ પેટે આરોપીઓને રૂપિયા ૯૧ લાખ પણ આંગડીયા મારફતે આપવામાં આવ્યા હતા.

જોકે ૧૪-૪-૨૦૧૬ના રોજ એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડ દ્વારા ઝડપી પાડી નરેન્દ્ર કાચાની ધરપકડ કરવામાં આવી હતી અને અન્ય આરોપીઓની ધરપકડ બાદમાં કરવામાં આવી હતી. ૨૩૩૯.૨૫૦ કિલો જથ્થાની કિંમત રૂપિયા ૨.૬૭ કરોડ અંદાજવામાં આવી હતી.

# ૧૧ મહિનામાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની ૨૨ લાખ લોકોએ મુલાકાત લીધી

નર્મદા : ગત ૩૧ ઓક્ટોબરના રોજ નર્મદા ડેમ પાસે નિર્માણ કરાયેલ દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં લોકાપર્ણને ૧૧ મહિના પૂર્ણ થયા છે, ત્યારે ૧૧ મહિનામાં જ ૨૨ લાખથી વધુ પ્રવાસીઓએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી, સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટને રૂ. ૫૭,૦૬,૪૭,૫૧૮ની આવક થઈ હતી. ગત ૨૦૧૮ સરદારના જન્મદિવસે પ્રતિમાનું લોકાર્પણ થયું પછી ઉતરોત્તર પ્રવાસીઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. સરદાર સરોવર નર્મદા ડેમના કારણે અહીં દર વર્ષે પાંચ લાખ જેટલા પ્રવાસીઓ આવતા હતા પણ સ્ટેચ્યૂ ઓફ યુનિટી બન્યા બાદ પ્રવાસીઓમાં ઘણો વધારો થયો છે. આગામી ૩૧ ઑક્ટોબર બાદ સ્ટેચ્યૂ ઓફ યુનિટી નજીક બીજા કેટલાક નવા આકર્ષણો શરૂ થવાના છે.

# ગુજરાતમાંથી 5 વર્ષમાં 825ના રસ્તા ઉપરના ખાડાને લીધે મૃત્યુ

અમદાવાદ : 'ભારતમાં આતંકી હૂમલા કરતાં રોડ પરના ખાડાને લીધે વધુ લોકો પોતાનો જીવ ગુમાવે છે અને આ બાબતે તંત્રની બેદરકારી અત્યંત ભયજનક છે' તેવું સુપ્રીમ કોર્ટ દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૮માં અવલોકન કરાયું હતું. સુપ્રીમ કોર્ટની આ કડક શબ્દોમાં ટકોર છતાં તંત્રના પેટનું પાણી પણ હલ્યું નથી. ગુજરાતમાંથી જ પાંચ વર્ષમાં ૮૨૫ વ્યક્તિના રોડ પરના ખાડાને લીધે મૃત્યુ થયા છે. આમ, એક વર્ષમાં સરેરાશ ૧૬૫ વ્યક્તિ રોડ પરના ખાડાને લીધે પોતાનો જીવ ગુમાવે છે.

રોડ પરના ખાડાને લીધે થતાં મૃત્યુ આંકમાં શનિવારે વધુ વધારો થયો હતો. જેમાં ૧૮ વર્ષીય યુવતી ગરબા રમી પરત ફરી રહી હતી ત્યારે રોડ પરના ખાડામાં તેનું એક્ટિવા સ્લિપ થઇ ગયું હતું અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૭ દરમિયાન રોડ પરના ખાડાને લીધે જે રાજ્યમાં સૌથી વધુ મૃત્યુ થયા હોય તેમાં ગુજરાત ચિંતાજનક રીતે ચોથા સ્થાને રહ્યું હતું. ઉત્તર પ્રદેશમાંથી સૌથી વધુ ૯૮૭ના, મહારાષ્ટ્રમાંથી ૭૨૬ના, હરિયાણામાંથી ૫૨૨ના જ્યારે ગુજરાતમાંથી ૨૨૮ના મૃત્યુ થયા હતા.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ નેતા બદરૂદ્દીન શેખની પાર્ટીને અલવિદા

અમદાવાદ : હરિયાણા કોંગ્રેસ બાદ હવે ગુજરાત કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. કોંગ્રેસ પાર્ટીમાંથી એક બાદ એક વરિષ્ઠ નેતાઓ રાજીનામા આપી રહ્યા છે જેનાથી આવનાર ચૂંટણીમાં પાર્ટીનો માર્ગ સરળ દેખાઈ રહ્યો નથી. ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા બદરૂદ્દીન શેખે પાર્ટીના તમામ પદ પરથી રાજીનામુ આપી દીધુ છે. તેઓ અમદાવાદ નગર નિગમના વિપક્ષી દળના નેતા પણ હતા. ઘણા સમયથી બદરૂદ્દીન શેખ કોંગ્રેસથી નારાજ હતા અને તેમણે કોંગ્રેસ પર મુસલમાનો સાથે ભેદભાવ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. અગાઉ કોંગ્રેસ નેતા બદરૂદ્દીન શેખે ૨૦૧૭ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કહ્યુ હતુ કે ભાજપ હંમેશા પ્રચાર કરતુ આવ્યુ છે કે મુસ્લિમ વોટર્સ હંમેશા કોંગ્રેસની સાથે છે. આ વખતે કોંગ્રેસ આ છબીને ખરાબ કરવા ઈચ્છે છે.

# ભારતમાં વરસાદ-પૂરને કારણે ૧૯૦૦ લોકોનાં મોત

- દેશમાં ૧૯૯૪ બાદ પ્રથમ વખત વિનાશક વરસાદ
- મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૮૨ લોકોનો ભોગ લીધો, ગુજરાતમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૬૯ મર્યા



નવી દિલ્હી : ભારતમાં આ વર્ષે ચોમાસાની મોસમમાં ચાર મહિનામાં ૨૨ રાજ્યોમાં પૂર અને વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે અંદાજે ૧૯૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૪૬થી વધુ લોકો લાપતા છે જ્યારે ૨૫ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા હતા તેમ કેન્દ્રીય ગૃહમંત્રાલયે જણાવ્યું હતું.

ચોમાસામાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૮૨ લોકોના મોત નીપજ્યાં હતાં જ્યારે પશ્ચિમ બંગાળમાં ૨૨૭ લોકોએ જીવ ગુમાવ્યો હતો. દેશમાં ૩૫૭ જિલ્લાઓમાં વરસાદ, પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ નોંધાઈ હતી.

અધિકારીઓના જણાવ્યા મુજબ દેશમાં પૂર અને વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૭૩૮થી વધુ લોકોને ઈજા પહોંચી હતી જ્યારે ૨૦,૦૦૦થી વધુ પ્રાણીઓના મોત થયા હતા. ભારે વરસાદ અને પૂરથી ૧.૦૩ લાખ ઘર તૂટી પડયા હતા જ્યારે ૨.૦૫ લાખ ઘરોને આંશિક નુકસાન થયું હતું. દેશમાં વરસાદમાં ૧૪.૧૪ લાખ હેક્ટર જમીનમાં ઊભા પાકને નુકસાન થયું હતું.

મહારાષ્ટ્રના ૨૨ જિલ્લાઓમાં પૂર આવ્યું હતું અને ૩૮૨ લોકોના મોત થયા હતા તથા ૩૬૯ લોકોને ઈજા પહોંચી હતી તેમજ ૭.૧૯ લાખ લોકોને ૩૦૫ રાહત છાવણીઓમાં આશ્રય લેવાની ફરજ પડી હતી. પૂરે કેરળમાં ૧૮૧ લોકોને ભોગ લીધો હતો. ગુજરાતમાં ૨૨ જિલ્લાઓમાં ચોમાસામાં મૂશળધાર વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૬૯ લોકોના મોત નીપજ્યાં હતાં જ્યારે ૧૭,૭૮૩ લોકોને ૧૦૨ રાહત છાવણીઓમાં ખસેડાયા હતા. ચોમાસામાં વરસાદ અને પૂરના કારણે પશ્ચિમ બંગાળના ૨૨ જિલ્લાઓમાં ૨૨૭ લોકોના મોત નીપજ્યાં હતાં અને ૩૭ને ઈજા થઈ હતી તેમજ ચાર લોકો ગુમ થયા હતા. બિહારમાં તાજેતરમાં જ ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી. સ્થિતિ એટલી ગંભીર હતી કે આખું પટના શહેર એક વિશાળ તળાવમાં ફેરવાઈ ગયું હતું. મધ્ય પ્રદેશમાં કુલ ૧૮૨ લોકો વરસાદ અને પૂરનો ભોગ બન્યા હતા જ્યારે સાત લોકો લાપતા છે.

# ચંદ્ર પર ફરી દિવસ થયો, ઈસરોને વિક્રમ લેન્ડર સાથે સંપર્કની આશા

બેંગ્લુરુ : ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઈસરો)એ તાજેતરમાં જ ચંદ્રયાન-૨ના ઓર્બિટર દ્વારા લેવાયેલી ચંદ્રની તસવીરો જાહેર કરી હતી. આ તસવીરો ઓર્બિટરમાં લાગેલા હાઈ-રિઝોલ્યુશન કેમેરા મારફત લેવાઈ હતી. દરમિયાન ચંદ્ર પર ફરી દિવસ ઊગવાની શરૂઆત થઈ ગઈ છે. અને આ સાથે ઈસરોના વૈજ્ઞાનિકોમાં વિક્રમ લેન્ડર સાથે ફરી સંપર્કની આશા જાગી છે. ચંદ્રની સપાટી પર સૂર્ય પ્રકાશ પડવાની સાથે વિક્રમ લેન્ડરની સૌર પેનલો ફરી ચાર્જ થઈ શકે છે. વિક્રમ લેન્ડરમાં લાગેલી સૌર પેનલો ચાર્જ થઈને ફરીથી કામ કરવાનું શરૂ કરી દે તો વિક્રમ સાથે ફરીથી સંપર્ક થઈ શકે છે. વિક્રમ લેન્ડર પર લાગેલી સૌર પેનલો



સૂર્ય પ્રકાશના માધ્યમથી લેન્ડરની બેટરીને ચાર્જ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે ચંદ્રયાન-૨ના ભાગરૂપ વિક્રમ લેન્ડરનું ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ નિષ્ફળ ગયું હતું. ઈસરોએ વિક્રમ લેન્ડર સાથે સંપર્ક સાધવાના અનેક પ્રયાસ કર્યા હતા. પરંતુ ચેંદ્ર પર ૧૪ દિવસની રાત્રી શરૂ થઈ જતાં ઈસરોની વિક્રમ સાથેના સંપર્કની આશાઓ પડી ભાંગી હતી.

# ઈડીના દરોડામાં HDILના પ્રમોટરનું ૨૨ રૂમનું મકાન, ચાર્ટડ વિમાન મળ્યું

- જંગમ અને સ્થાવર મિલકત સહિત કુલ ચાર હજાર કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે

નવી દિલ્હી : હાઉસિંગ ડેવલોપમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્કચર લિમિટેડ (એચડીઆઈએલ) સાથે જોડાયેલ ૪૩૩૫ કરોડ રૂપિયાના છેતરપિંડી કેસમાં ઈડીએ અનેક સ્થળોએ દરોડા પાડયા હતાં. જેમાં એચડીઆઈએલના ચેરમેન અને એમડી રાકેશકુમાર વાધવાન અને સારંગ વાધવાનના સંકુલો પણ સામેલ છે.

દરોડા દરમિયાન ઈડીને અલીબાગમાં આ કંપની સાથે જોડાયેલ ૨૨ રૂમના એક મકાનની પણ માહિતી મળી છે. એચડીઆઈએલના પ્રમોટર્સના વધુ એક વિમાનની પણ માહિતી મળી છે. આ ઉપરાંત પ્રમોટર્સના નામે એક નાના જહાજની પણ માહિતી મળી છે અને આ જહાજ હાલમાં માલદીવમાં છે.

દરોડા દરમિયાન ચાર હજાર કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે જેમાં સ્થિર અને ચાલુ મિલકતો પણ સામેલ છે. જેમાં કીંમતી વસ્તુઓ, સેવિંગ એકાઉન્ટ અને જવેલરી પણ સામેલ છે.

ઈડી વહેલામાં વહેલી તકે માલદીવમાં ઉભેલા જહાજને પોતાના કબજામાં લેવાના પ્રયત્નો કરી રહી છે. દરોડા દરમિયાન ઈડીને એ પણ જાણવા મળ્યું છે કે એચડીઆઈએલના માલિકોએ મહારાષ્ટ્રના પોશ વિસ્તારોમાં મોટા મોટા નેતાઓને મકાન આપ્યા છે.

જો કે ઈડીએ આ નેતાઓના નામ જાહેર કરવાનો ઈનકાર કર્યો છે. આ અગાઉ મુંબઈની એક કોર્ટે પીએમએસીના પૂર્વ ચેરમેન એસ વરયામ સિંહને ૯ ઓક્ટોબર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. મુંબઈ પોલીસની આર્થિક અપરાધ શાખાએ શનિવાર મોડી રાતે માહિમમાંથી સિંહની ધરપકડ કરી હતી.

# આદર્શ ક્રેડિટ સોસા.ની રૂપિયા ૧૪૮૯ કરોડની સંપત્તિ ઈડી દ્વારા જપ્ત કરાઈ

નવી દિલ્હી : આમ આદમીએ પરસેવાના પૈસે કરેલા મૂડીરોકાણના કરોડો રૂપિયાની ગોલમાલ કરનારી આદર્શ ક્રેડિટ સોસાયટીના ૧૪૬૪.૭૬ કરોડ રૂપિયાની સ્થાવર જંગમ મિલકત અને વિવિધ બેંક ખાતાંનાં૨૪.૪૪ કરોડ રૂપિયા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે જપ્ત કર્યાં હતાં. બંને મળીને આ સોસાયટીના કુલ રૂપિયા ૧૪૮૯ કરોડ જપ્ત થયા હતા.

બેંકોનાં ખાતાંમાં રહેલી આ રકમ મૂકેશ મોદી, વીરેન્દ્ર મોદી અને એમના કુટુંબીઓના આદર્શ ગ્રુપ ઉપરાંત મહેન્દ્ર ટાક, સૌરભ ટાકના રિદ્ધિ સિદ્ધિ ગ્રુપની છે એમ ઈડીના પ્રવક્તાએ કહ્યું હતું. આ સંપત્તિમાં અન્ય આરોપીઓનો પણ ભાગ છે. ઈડીના જાસૂસોએ મહારાષ્ટ્ર ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં આ સોસાયટીની જેટલી જમીન કે અન્ય સંપત્તિ હતી એ તમામ કબજે કરી લીધી હતી. એક એફઆઈઆરના પગલે ઈડીએ આ પગલાં લીધાં હતાં.

રાજસ્થાન પોલીસે ૨૦૧૮ના ડિસેંબરમાં મૂકેશ મોદી, રાહુલ મોદી અને એસીસીએસએલના અધિકારીઓ સામે છેતરપીંડી, દગાબાજી, વિશ્વાસઘાત, ગુનાહિત કાવતરું વગેરે કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. આદર્શ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીમાં પોતે કરેલા મૂડીરોકાણની રકમ મેચ્યોરિટી પછી પણ પાછી નહીં મળતાં કેટલાક લોકોએ પોલીસ ફરિયાદ કરી હતી. ઈડીના પ્રવક્તાએ કહ્યા મુજબ મૂકેશ અને એના સાથીદારોએ લોકોના પૈસા વિવિધ રિયલ એસ્ટેટ કંપનીઓમાં રોકીને ઈન્વેસ્ટરો સાતે રીતસર છેતરપીંડી કરી હતી. લોકોની પૂછપછ કે ફોનનો જવાબ એ લોકો આપતા નહોતા.

# ૧૫૦ ટ્રેન અને ૫૦ સ્ટેશનો ખાનગી ઓપરેટરને સોંપાશે

- વર્લ્ડ ક્લાસ સ્ટેશનોની દિશામાં આગળ વધવા રેલવે ૪૦૦ સ્ટેશનોને હાથ ધરશે

નવી દિલ્હી : મોદી સરકાર ટાઈમ આધારિત મામલામાં ઓપરેશન ચલાવવાના હેતુસર ખાનગી ઓપરેટરોને ૧૫૦ ટ્રેનો અને ૫૦ રેલવે સ્ટેશનોના ઓપરેશનને સોંપી દેવા માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરવા ટાસ્ક ફોર્સની રચના કરવાની પ્રક્રિયામાં છે. નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંત તરફથી મળેલા પત્રના સંદર્ભમાં ચેરમેન રેલવે બોર્ડ વીકે યાદવે માહિતી આપી છે. યાદવનું કહેવું છે કે, એમ્પાવર્ડ ગ્રુપ આ પ્રક્રિયાને હાથ ધરવા માટે રચવામાં આવનાર છે. યાદવ અને કાંત ઉપરાંત આમા આર્થિક બાબતોના સેક્રેટરી, હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલયના સેક્રેટરી પણ ભાગ લેશે. કાંતે કહ્યું છે કે, રેલવેને વર્લ્ડક્લાસ સ્ટેશનમાં વિકસિત કરવા માટે ૪૦૦ રેલવે સ્ટેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. થોડાક રેલવે સ્ટેશનો પહેલાથી જ અપગ્રેડ કરવામાં આવી ચુક્યા છે. મોદી સરકાર રેલવેને નવા રંગરુપમાં રજૂ કરવા માટે તૈયાર છે. રેલવેમંત્રી સાથે આ સંદર્ભમાં વિસ્તારપૂર્વક વાતચીત થઈ ચુકી છે.

# હરિયાણાના પૂર્વ કોંગ્રેસ પ્રમુખ અશોક તંવરનું અંતે પક્ષમાંથી રાજીનામું

હરિયાણા વિધાનસભા ચૂંટણી અગાઉ કોંગ્રેસને આંચકો આપતા તેના પૂર્વ રાજ્ય પ્રમુખ અશોક તંવરે કોંગ્રેસના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે આરોપ મૂક્યો છે કે રાહુલ ગાંધી દ્વારા આગળ આવેલા નેતાઓને દૂર કરવા માટેનું એક કાવતરું ચાલી રહ્યું છે. તંવરે ટ્વિટર પર પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી અને સોનિયા ગાંધીને લખેલા ચાર પાનાનો પત્ર પણ સોશિયલ મીડિયામાં અપલોડ કર્યો છે. હરિયાણા કોંગ્રેસના પૂર્વ વડાએ જણાવ્યું છે કે મારા રાજીનામુંનું કારણ કોગ્રેસમાં બધા જ જાણે છે. પક્ષના કાર્યકરો અને ટેકેદારો સાથેની ચર્ચા પછી મેં પક્ષમાંથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. તંવરે પોતાના પત્રમાં જણાવ્યું છે કે મહિનાઓની વિચારણાના અંતે મેં કોંગ્રેસ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે.

# કાશ્મીરમાં સૈન્ય પર આતંકીઓએ ફરી ગ્રેનેડ હુમલો કર્યો : ૧૪ ઘાયલ

- ૩૭૦ નાબૂદી બાદ કાશ્મીરમાં આતંકીઓએ બીજો મોટો ગ્રેનેડ હુમલો કર્યો : હુમલાખોરોની શોધખોળ જારી

શ્રીનગર : કાશ્મીરમાં આતંકીઓ ફરી સક્રિય થઈ ગયા છે. ખાસ કરીને દક્ષિણ કાશ્મીરમાં આતંકીઓ દ્વારા હુમલા પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. આવો જ એક હુમલો દક્ષિણ કાશ્મીરમાં થયો હતો જેમાં એક પોલીસ જવાન અને પત્રકાર સહીત ૧૪ લોકો ઘવાયા હતા.

ઘવાયેલામાં એક ટ્રાફિક પોલીસ અધિકારીનો પણ સમાવેશ થાય છે. હાલ તમામની સારવાર ચાલી રહી છે. બીજી તરફ આતંકીઓ આ હુમલો કરીને નાસી છુટયા હતા જેથી તેની શોધખોળ ચાલી રહી છે. પાંચમી ઓગસ્ટે આર્ટિકલ ૩૭૦ નાબૂદ કરવામાં આવી તે બાદ આ વિસ્તારમાં આતંકીઓ દ્વારા બીજો મોટો ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો છે. અનંતનાગમાં ડીસી ઓફિસ કોમ્પ્લેક્સ પાસે સવારે ૧૧ કલાકે આતંકીઓ દ્વારા ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. રોડ પર બ્લાસ્ટ થયો હતો જે દરમિયાન ત્યાં હાજર પોલીસકર્મીઓ અને આમ નાગરિકોને આ ગ્રેનેડ વિસ્ફોટની અસર થઈ હતી. આ હુમલામાં એક પત્રકાર, એક પોલીસ જવાન સહીત ૧૪ લોકો ઘવાયા હતા, જે પણ લોકો આ વિસ્ફોટમાં ઘવાયા છે તેમને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

# નજરકેદમાં રહેલા ફારૂક અબ્દુલ્લાને ૨ માસ પછી મળ્યા પાર્ટીના નેતાઓ

શ્રી નગર : જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવાયા બાદ નજર કેદ કરી લેવાયેલા નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લા આજે બે મહિના બાદ પોતાની પાર્ટીના નેતાઓ મળી શક્યા હતા. રવિવારે જ્યારે ૧૫ નેતાઓનુ ડેલિગેશન ફારુક અબ્દુલ્લાને મળ્યુ ત્યારે તેમના ચહેરા પર ખુશી જોવા મળતી હતી.આજે શ્રીનગર ખાતે આ મુલાકાત થઈ હતી.તંત્રે શનિવારે જ આ મુલાકાત માટે ફારુકને પરવાનગી આપી દીધી હતી.કલમ ૩૭૦ હટાવાયા બાદ ફારુકની સાથે તેમના પુત્ર ઉમર અબ્દુલ્લા પણ નજરકેદ છે. આજે જમ્મુ પ્રાંતના નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ દેવેન્દ્રસિંહ રાણાની આગેવાની હેઠળ ફારુક અને ઉમરને મળવા માટે ડેલિગેશન શ્રીનગર પહોંચ્યુ હતુ. રાણાએ કહ્યુ હતુ કે, ફારુક અને ઉમર અબ્દુલ્લા સ્વસ્થ છે.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

## તા.૧૧-૧૦-૨૦૧૯ થી તા. ૧૭-૧૦-૨૦૧૯

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

આ સપ્તાહમાં આરોહ-અવરોધ દૂર થાય. સમાજસેવાના કાર્યોથી મન પ્રસન્ન રહેશે. આવકના સાધનોમાં વધારો થાય. સંતાનની પ્રગતિથી હર્ષ થાય. ટેક્ષટાઈલ અને કેમીકલના ક્ષેત્રે મહત્વની કામગીરી થાય. નોકરીયાત વર્ગને કામગીરીનો બોજા વધી જાય. ભાઈ-ભાંડું સાથે બગડેલા સંબંધો મધુર બને. નેતાગીરીના ક્ષેત્રે પછડાટ ખાવી પડે. વેપાર ધંધાના ક્ષેત્રે મહત્વની તક મળે. લગ્નજીવનમાં સુમેળભર્યું વાતાવારણ રહે. કોર્ટકચેરીના કાર્યોની ગૂંચ ઉકેલી શકશો. યાત્રા પ્રવાસ કષ્ટદાયક નિવડે.



### વૃષભ (બ,વ,ઉ)

આ સપ્તાહમાં ગ્રહયોગો તમારો આત્મવિશ્વાસમાં વધારો કરશે. જૂની કષ્ટદાયક પીડા દૂર થાય. ઉઘરાણી મેળવવામાં રાહત અનુભવશો. ચતુરાઈપૂર્વક અનેક કાર્યોનો ઉકેલ લાવી શકશો. ત્વરિત અને દ્રઢ નિર્ણય વધુ ફાયદો કરાવે. લોકોપયોગી કાર્યો કરી માન-સન્માનમાં વૃદ્ધિ પ્રાપ્ત કરી શકશો. મનોબળ મજબૂત બનશે. વિદ્યાર્થીવર્ગને આગવી પ્રતિભાથી લોકોને પ્રભાવિત કરી શકશો. ભાગ્યોદયના એદ્વધાણ ખુલશે. ઈત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશો પોતાના અંગત આરોગ્ય વિશે ચિંતીત રહેશો.



### મિથુન (ક,છ,ઘ)

પારાવારિક જીવનમાં અંગત બાબતોના કારણે વિવાદની સ્થિતિ રહે. મકાન-જમીનને લગતી કાર્યવાહી અધવચ્ચેથી પડતી મૂકવી પડે. સાચા મિત્રો સાથે વિવાદની સ્થિતિ સર્જાય. જૂની પીડામાં રાહત અનુભવશો. ભાગીદારીના વ્યવસાયમાં સાવચેતીપૂર્વક કાર્યો કરવા. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી વર્ગનો ઠપકો મળે. જાહેર વાદવિવાદમાં પડવું નહીં. પ્રાકૃતિક સૈદંર્યના પ્રેમી બનશો. પડવા-વાગવાથી અકસ્માતથી ઈજા ન થાય તે બાબતે કાળજી રાખવી. નાણાંકીય બાબતમાં બહુ જ ચોકસાઈ રાખવી.



### કર્ક (ડ,હ)

આ સપ્તાહમાં ગૃહજીવનમાં સંવાદિતાભર્યુ વાતાવરણ રહે. હરીફો, પ્રતિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી શકશો. ભૂતકાળમાં કરેલા સ્થાયી પ્રોપર્ટી અંગેના રોકાણોથી લાભ થાય. સંતાનની પ્રગતિ માટે નવા આયોજનો હાથ ધરી શકશો. નિર્ધારશક્તિ દ્રઢ બનશે. જીવનજરૂરીયાત ચીજવસ્તુની ખરીદી કરી શકશો. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. આધ્યાત્મિક કાર્યોમાં રૂચી વધશે. પરોપકારવૃત્તિમાં વધારો થાય. આર્થિક દ્રષ્ટિએ આ સપ્તાહ મધ્યમ પુરવાર થશે. અટવાયેલા કામકાજનો ઉકેલ આવે.



### સિંહ (મ,ટ)

આ સપ્તાહ દરમ્યાન કોઈ સર્જનાત્મક અને અગત્યની કામગીરીને સફળ બનાવી શકશો. તમારી અંગત મુંઝવણનો ઉકેલ લાવી શકશો. કાર્યક્ષેત્રે પુરુષાર્થનું પ્રમાણ વધતાં થાક અનુભવશો. ધીરજના ફળ મીઠા મળશે. મિલ્કત અંગેની સમસ્યા હશે તો તેનું નિવારણ લાવી શકશો. સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સપ્તાહ મિશ્રફળદાયી બની રહેશે. વણઉકેલી સમસ્યા હલ થાય. પરિવારમાં સુમેળ અને સંપનું વાતાવરણ રહે. ઘરને આધુનિક બનાવી શકશો. યાત્રા પ્રવાસમાં ધારેલી સફળતા મળે.



### કન્યા (પ,ઠ,ણ)

આ સપ્તાહમાં ઘણા પ્રવૃત્તિમય અને ઉધમી બનશો. વધારાની કામકાજની જવાબદારીના કારણે માનસિક તાણ અનુભશ્વવશો. બૈદ્ધિક ક્ષેત્રે મહત્વની કામગીરી મળે. નોકરીના ક્ષેત્રે બદલી બઢતીના સમાચાર મળે. ધંધાવિષયક પ્રશ્ન હલ થાય. દામ્પત્યજીવનમાં એકબીજાની અનુકૂળતાના કારણે શ્રેષ્ઠ પ્રગતિ કરી શકશો. સંતાનોના લગ્નવિવાહ અંગેની વાતચીત સફળ થાય. કુંટુંબ સુખમાં વધારો થાય. નિકટ સંબંધી સાથે બગડેલા સંબંધો મધુર બને. વિદેશ સ્થિત મિત્રથી લાભ થાય.



### તુલા (ર,ત)

મનની ઈચ્છા બર આવે. સપ્તાહમાં કામ કરવામાં રૂચી નહીં રહે. હરો ફરો પરંતુ દ્વિંધાત્મક સ્થિતિના કારણે મન વધુ વ્યાકુળ રહેશે. આધિ-વ્યાધિ અને ઉપાધિનો સામનો કરવો પડે. જમીન-મકાને કામકાજમાં અવરોધ આવે. કોર્ટકચેરીના કાર્યો ઉકેલવામાં મિત્રોની મદદ મળી રહેશે. પ્રાકૃતિક સૈદંર્યના પ્રેમી બનશો. દાહક પદાર્થોથી અને વિષૈલા પદાર્થોથી ખાસ સાચવવું. અટવાયેલી કામગીરીને આગળ ધપાવી શકશો. નોકરીમાં વધારાની જવાબદારી માથા પર આવી જાય.



### વૃશ્ચિક (ન,ય)

આપના ગૂંચવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળતાં અને કોઈ નવીન કાર્યવાહીમાં આશાસ્પદ પરિસ્થિતિ તમારા ઉત્સાહમાં વધારો કરશે. આ સપ્તાહમાં ચિંતાનો બોજા હળવો થાય. કેટલાંક અવરોધાયેલા લાભ મેળવવાના પ્રયત્નો સફળ થાય. નોકરીયાત વર્ગને પ્રમોશનની તક મળે. વેપારી વર્ગ માટે આ સપ્તાહ સર્વાંગી પ્રગતિવાળું નિવડશે. મકાન મેળવવા પ્રયત્નો કરશો તો મળી જશે. આવકના સાધનોની સાથે સાથે ખર્ચનું પ્રમાણ વધશે. વાદ વિવાદમાં ઉતરવું નહીં વડીલ વ્યકિતના સ્વાસ્થ્ય બાબતે ચિંતા રહે.



### ધન (ધ,ભ,ફ,ઢ)

આ સપ્તાહમાં ગ્રહયોગો તમારા આત્મવિશ્વાસ અને જુસ્સાને નરમ પાડે તેવા છે આત્મશ્રધ્ધા અને દ્રઢ સંકલ્પશક્તિ વધે. પીછેહઠનો અનુભવ થાય તો પણ નિરાશ થશો નહીં. સતત પુરુષાર્થ કર્યા પછી અંતે સફળતા તરફ દોરશો. નોકરીયાત વર્ગ માટે આ સપ્તાહ નવીન તક આપનાર નિવડે. ગૃહજીવનમાં વિવાદના પ્રસંગો સર્જાતા માનસિક તાણ અનુભવશો. કૈટુંબિક પ્રશ્નોનોના ઉકેલ માટે આ સપ્તાહ સફળતાસૂચક બની રહેશે. કોઈની પારકી અંગત નાણાંકીય જવાબદારી સ્વીકારવી નહીં.



### મકર (ખ,જ)

આ સપ્તાહમાં તમારી ગણતરી ઉંધી પડશે. ધાર્યા કરતાં વધુ હાનિ સહન કરવી પડે. સંપત્તિની કામગીરી માટે સાનુકૂળતા સર્જાય. માનસિક પરેશાનીમાંથી માર્ગ કાઢવો મુશ્કેલ બનશે. આશા-નિરાશાના વાદળો મન પર છવાઈ જાય. જીવનસાથી સાથે સમજદારીપૂર્વક કામ લેવું. કાર્યક્ષેત્રને સહકાર્યકર્તાઓ બનાવટ ન કરી જાય તે બાબતે સાવધ રહેવું. રાજકીય ક્ષેત્રે જવલંત સિદ્ધિ હાંસલ કરી શકશો. કલા, સુંદરતા પ્રત્યે આકર્ષણ વધશે. નવુ નવું કરવાનું સાહસ બળ કેળવી શકશો.



### કુંભ (ગ,સ,શ,ષ)

આ સપ્તાહમાં કારણે કોઈ પ્રકારની અશાંતિ આવશે. લાગણીશીલ સ્વભાવ વધુ હાનિકર્તા બને. મહત્વની મુલાકાતો મુલત્વી રાખવી. કાવાદાવાથી દૂર રહેવું. કાર્યક્ષેત્રે કામ કરવામાં થાક અનુભવશો. આવેશાત્મક સ્થિતિના કારણે મન પર વાદળો છવાઈ જશે. પોતાની અંગત સમસ્યા હલ કરવામાં પત્નીનો સહકાર મળે. વિરોધીઓ નાકામ્યાબ નિવડે. પરિવારની વ્યકિત સાથે યાત્રા પ્રવાસની મઝા માણી શકશો. સંતાનના સ્વાસ્થ્યની ચિંતા રહે. આર્થિક રીતે આ સપ્તાહમાં ખર્ચનું વાતાવરણ રહે.



### મીન (દ,ચ,ઝ,થ)

આ સપ્તાહમાં ધંધા-વ્યાપાર ક્ષેત્રે પ્રગતિની તક મળે. દામ્પત્યજીવનની સમસ્યાઓનો ઉકેલ આવે. લેણદાર માટે આ સપ્તાહ સારું. મિલન મુલાકાત લાભદાયી બને. કોલ-કરારો થાય. વારસાની મિલ્કત લાભદાયી નિવડે. વાહન સુખ ઉત્તમ છે. એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટના વ્યવસાયમાં ચડતી પડતી જાવા મળે. રમણીય સ્થળોની મુલાકાત લાભદાયી બને. જીવનસાથીની કુનેહથી આપત્તિ ટાળી શકશો. સરકારી અદાલતી કામકાજમાં સફળતા મળે. કાર્યક્ષેત્રના વિકાસમાં ઉતાર ચઢાવ જાવા મળે.

# ગ્રહશાંતિ તેમજ વિવાહ સંસ્કારમાં હોમ-હવન કેમ કરવામાં આવે છે?



પ્રાસંગિક અગ્નિમીલે પુરોહિતં યજ્ઞાસ્ય દેવં
ઋત્વિજા હોતારં રત્ન ધાતમમ્ । (ઋગ્વેદ)

'સદૈવ હિતકારી, પ્રકાશ સ્વરૂપ, સંગતિ કરનાર દેવોને બોલાવનાર રમણીય રત્નો આપનાર, અગ્નિની હું સ્તુતિ કરું છું.'

અગ્નિપૂજા એટલે તેજની ઉપાસના. યજ્ઞોપવીત, ગ્રહશાંતિ, વિવાહસંસ્કાર વગેરે પ્રસંગોએ કે નવરાત્રિ જેવા પ્રસંગોએ હોમ-હવન થતા હોય છે. અને અગ્નયે સ્વાહા ઈદમ્ અગ્નયે ન મમા વગેરે મંત્રોચ્ચાર સાંભળવા આપણા કાન પણ ટેવાયેલા છે. આ હોમ-હવન એ અગ્નિપૂજા છે, અગ્નિ ઉપાસના છે, અગ્નિપૂજાનું પ્રતીક છે.

અગ્નિપૂજા વેદ જેટલી જ પ્રાચીન છે. માનવની નિર્મિતની સાથે જ તેની નિર્મિતિ થઈ છે. માનવે પંચમહાભૂતોમાંના 'તેજ' તત્ત્વને અગ્નિ દ્વારા પોતાના દૈનંદિક જીવન સાથે વણી લીધું. એ અગ્નિથી માનવ અળગો રહી શકે એ વિચાર જ અસહ્ય છે અને પ્રાચીન માનવે, પ્રાચીન ઋષિએ, તેનું કૃતજ્ઞાતાપૂર્વક પૂજન કર્યું. તે અગ્નિની સાક્ષીએ, તેનું પૂજન કરી વૈદિક જીવનની દીક્ષાના પ્રતીક રૂપ યજ્ઞોપવીત લીધું, તેની સાક્ષીએ વિવાહ સંસ્કાર જેવા આજીવન સંબંધ બાંધ્યા. તેમની અગિયારીમાં અગ્નિ સતત પ્રજ્વલિત હોય છે અને તે તેની જ ઉપાસના કરે છે. પોતાનું જીવન દિવ્ય બને, તેજસ્વી, પ્રભાવી અને સામર્થ્યશીલ બને તે માટે અગ્નિ પાસે માગણી કરતા કે,

યતે અગ્ને તેજાસ્તેનાહં તેજસ્વી ભૂયાસમ્ ।
યતે અગ્ને વર્ચસ્તેનાહં વર્ચસ્વી ભૂયાસમ્ ।
યતે અગ્ને હરસ્તેનાહં હરસ્વી ભૂયાસમ્ ।

'હે અગ્નિ! તારા તેજથી મને તેજસ્વી થવા દે. તારા વિજયી તેજથી મને વર્ચસ્વી થવા દે. બધો જ કચરો બાળનારા તારા તેજથી મારો પણ બધો કચરો બાળી નાખનારો તું મારું બધું પાપ હરનાર થા.'

પરંતુ અગ્નિની સાચી ઉપાસના ખલાસ થતાં, તેની પાછળનો ભાવ જતાં, માનવી નિસ્તેજ થયો છે, લાચારીની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. આજે આપણે બધા જ લાચાર બન્યા છીએ. આપણને સામાન્ય વિષયો લાચાર બનાવે છે. આપણે પૈસા માટે લાચાર બનીએ છીએ,

કીર્તિ માટે લાચારી કરીએ છીએ; અને સત્તા માટે જે લાચારી કરીએ છીએ તે તો પૂછો જ નહીં. દુઃખની વાત તો એ છે કે આપણે લાચાર બનીએ છીએ તેવું આપણને લાગતું નથી. લાચારી આપણને કોઠે પડી ગઈ છે અને સંખ્યાબંધ લોકો પાસે લાચાર બનીને મસ્તક નમાવતા આપણે, ભગવાન પાસે પણ મસ્તક નમાવીએ, તેની કિંમત કેટલી?

## હવન પાછળનો હાર્દ

હવન માનવીને આત્મસમર્પણની પ્રેરણા આપે છે. પોતામાં રહેલા અહંનો હવન કરવાની ભાવના કેળવે છે. સત્કાર્ય માટે માનવીએ પોતાનો, પોતાની શક્તિઓનો હવન કરવો જ રહ્યો અને આમ જુઓ તો જીવન પણ એક હવન જ છેને!

લગ્નજીવન સુખી કરવું છે? તો એકબીજા ખાતર વૈયક્તિક ઈચ્છાનો હવન કરવો જ પડશે. દરેક પોતપોતાનો આગ્રહ પકડી રાખે તો તેનું પરિણામ દુઃખદ જ હોવાનુંને? અને સમાજને અથવા તો રાષ્ટ્રને જરૂર પડે તો, પોતાના સ્વાર્થનો અને જરૂર પડે તો જાતનો પણ હવન કરવો જ પડે છે! હવનમાં દરેક વખતે સ્વાહા કરતી વખતે તેની પાછળનો હાર્દ સમજવા જેવો છે.

## સ્વાહા શબ્દની વ્યુત્પત્તિ અને તેની પાછળની ભાવના બંને જૂદી જૂદી છે

સ્વાહા એટલે સુ + આહ મતલબ ઉત્તમ-શ્રેષ્ઠ વચન. સ્વાહા એટલે સુ + આ + હા એટલે કે સારી રીતે અર્પણ કરવું તે.

સ્વાહા – સ્વ + આ + હા એટલે કે પોતાનું સર્વસ્વ અર્પણ કરવું તે અને આ ભિન્નભિન્ન અર્થો વચ્ચે પણ કોઈ વિસંગતિ નથી. સ્વાહા કરતી વખતે આ ત્રણે વાતો જીવનમાં વણાઈ જાય એ અપેક્ષિત છે. તેથી જ તો હોમ-હવનમાં ઈન્દ્રાય સ્વાહા ન મમ, અગ્નયે સ્વાહા ન મમપએમ 'મારું નથી.' કહીને દેવતાઓનું સ્મરણ કરી હવન કરવામાં આવે છે.

મારું જીવન પણ આ રીતે સત્કાર્યમાં સ્વાહા કરવાનું છે તે માટે અર્જુનની જેમ ભગવાનને કરિષ્યે વચનં તવ । (ભ.ગી.૧૮/૭૩) કહી આત્મસમર્પણ માટે તત્પર રહેવાનું છે. હવન કરીને આ ગુણ કેળવવાનો છે. જેમ હવન આત્મસમર્પણની પ્રેરણા આપે છે તેમ હવનમાંનો અગ્નિ આત્મધારણાની પણ પ્રેરણા આપે છે. હું સ્વતંત્ર રીતે જીવી શકું છું. મને કોઈના આશ્રયની જરૂર નથી. મારો ભગવાન છે. હું તેને આશ્રયે જીવીશ. જીવનમાં આ ખુમારી નિર્માણ થાય છે.

અનન્યાશ્ચિતયંતો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥

એ ગીતાના શ્લોકની યથાર્થતા સમજાય છે. 'જે ભક્તો અનન્યભાવથી મારું ચિંતન કરે છે, મારી ઉપાસના કરે છે તેમનું હું ધ્યાન રાખું છું- રક્ષણ કરું છું- યોગક્ષેમ સંભાળું છું.'

# સૂર્યાસ્ત થયા બાદ નખ કાપવાથી તમને થઈ શકે છે મોટું નુકસાન

નખ કાપવા એક ખુબજ સામાન્ય વાત છે છતાં આની સાથે આપણા વડિલોને ક્યારેક તમે કહેતા સાંભળ્યુ જ હશે કે ક્યારેય સંધ્યા સમયે નખ ન કાપશો. ભલે આજ સુધી આની પાછળ કોઈ ઠોસ કારણ ન મળ્યુ હોય પણ આંખ બંધ કરીને સદીઓથી આપણે આ તમામ નિયમોનું પાલન કરીએ છીએ.



પ્રાચીન સમયમાં સૂર્ય અસ્ત થાય ત્યારે લાઈટો નહોતી આથી લોકો દીપકની રોશનીથી તમામ કામો કરતા હતા. તે સમયે સાંજના સમયે જો નખ કાપવામાં આવે તો લાગી જાય આની પાછળ પણ એ જ કારણ રહેલું હતુ. જ્યારે નેલ કટર આટલા ચલણમાં ન હતા તો ધારદાર ચાકુ કે અન્ય હથિયારથી નખને કાપવામાં આવતા. સૂર્યાસ્ત બાદ ધારદાર ઉપકરણોથી લાગવાનો ભય રહેતો હતો. આથી કદાચ સાંજના સમયે નખ ન કાપવાની સલાહ આપવામાં આવી હતી. એક કિવંદતી અનુસાર કહેવામાં આવે છે કે ક્યારેય ઘરમાં નખ ન કાપવા જોઈએ. વૈજ્ઞાનિક રીતે જુઓતો નખ ખુબજ કઠોર હોય છે તેને ઓછી લાઈટમાં કાપવાથી નુકસાન થાય છે.

જ્યોતિષ શાસ્ત્રમાં માનનારા ક્યારેય સંધ્યા સમયે નખ નથી કાપતા કેમકે તેને ખુબજ અશુભ માનવામાં આવે છે. કહેવાય છે કે સૂર્ય અસ્ત પછી નખ કાપવાથી ઘરમાંથી લક્ષ્મી દૂર થાય છે.

સામુદ્રિક શાસ્ત્રમાં પણ નખનું ખુબજ મહત્વ આંકવામાં આવ્યુ છે. નખથી વ્યક્તિનો સ્વભાવ, ચરિત્ર અને ભવિષ્ય ભાખી શકાય છે. સફળતાના યોગ કેવા બનશે તે નખ પરથી જાણી શકાય છે. અનામિકા આંગળી પર નખ પર સફેદ નિશાન હોય તેને સૌભાગ્યનું પ્રતિક માનવામાં આવે છે.

# મોદી માટે રૂપિયા ૧૪૦૦ કરોડના ખર્ચે એન્ટી મિસાઈલ ટેક્નોલોજીથી સજ્જ વિમાન ખરીદાશે

**• વિમાનમાં ઓફિસ ઉપરાંત વિશેષ રૂમ અને બેઠક વ્યવસ્થા હશે, અલગ સુવિધા અપાશે, વિમાનમાં ઘાતક મિસાઈલ પણગોઠવાશે**

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે એક એન્ટિ મિસાઈલ વિમાન મગાવવામાં આવી રહ્યું છે. બોઈંગના ૭૭૭ વિમાન એર ઈન્ડિયા વનનું ભારતમા આગામી વર્ષે જુન મહિના સુધીમાં આગમ થઈ જશે તેવા દાવા થઈ રહ્યા છે. આ વિમાન વિમાન લાર્જવિમાન ઈન્ફ્રારેડ કાઉન્ટર મેજર્સ અને સેલ્ફ પ્રોટેક્શન સુઈટથી સજ્જ રહેશે.

આ વિમાનમાં એન્ટી મિસાઈલ ટેક્નોલોજી ફિટ કરવામાં આવી છે. આ વિમાનોનો ઉપયોગ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપ રાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ પણ કરશે. હાલ ત્રણેય લોકો એર ઈન્ડિયાના બોઈંગ બી ૭૪૭ વિમાનોનો ઉપયોગ કરી રહ્યા છે. દક્ષિણ બ્લોકના અધિકારીઓના જણાવ્યા અનુસાર ડલાસમાં બોઈંગ સુવિધામાં બનાવવામાં આવી રહેલા બે વિમાન સુરક્ષા ઉપાયોના મામલે અમેરિકાના રાષ્ટ્રપતિની એરફોર્સના વિમાનની બરાબર હશે. આ વિમાનો ઈંધણ ભરવા માટે રોકાયા વગર જ ભારત અને અમેરિકાની વચ્ચે ઉડાન ભરી શકે છે. હાલ એર ઈન્ડિયાથી ચાર્ટર્ડ બોઈંગ બી ૭૪૭ વિમાન લગભગ બે દસકથી વધુ જુના છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગત મહિને જે ત્રણ વિમાનોમાં ઉડાન ભરી રહ્યા હતા તે ૨૬ વર્ષ જુનુ છે. સાઉથ બ્લોકના અધિકારીઓએ જણાવ્યું હતું કે જે નવા વિમાન તૈયાર કરવામાં આવી રહ્યા છે નવા વિમાનોમાં મોદી માટે માત્ર ઓફિસ જ નહીં બેઠક કક્ષ અને કોમ્યૂનિકેશન માટેની પણ વિશેષ સુવિધા ઉભી કરવામાં આવશે.


કલાસીફાઈડ / Classified

**CLARK REQUIRED**

Book Keeper/Billing Clark required for medical laboratory with minimum 3-5 years experience of OHIP billing inc Quick Books. Email resume at mhl@mhlab.ca

**LIVE-IN CAREGIVER HELP NEEDED**

We need a person or a couple to help us look after 2 elderly men aged 68 and 95. Both are fairly independent. Duties include preparing and serving meals, monitor medications, cooking and cleaning. If interested, please call Pravin Patel @ 705.465.1337 or email at feneloninn@yahoo.com


## જમ્મુમાં હજૂ પણ ૩૦૦ આતંકી સક્રિય છે: ડીજીપી દિલબાગ સિંહ

નવી દિલ્હી : જમ્મુ કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક દિલબાગ સિંહે કહ્યું કે, રાજ્યના ઉરી, રાજોરી, પુંછ અને ઘણાં અન્ય ક્ષેત્રોમાં પાકિસ્તાની સેના તરફથી સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. સંઘર્ષવિરામના ઉલ્લંઘન દરમિયાન પાકિસ્તાન આતંકવાદીઓને વધારેમાં વધારે સંખ્યામાં ઘુસાડવાની ફિરાકમાં રહે છે. તેમણે જણાવ્યું કે, આ તમામ સરહદીય ક્ષેત્રોમાં અમારી એન્ટિ ઘુસણખોરી ગ્રીડ ખૂબ મજબૂત છે. જેણે આ પ્રકારના ઘણાં પ્રયાસોને નાકામ કરી દીધાં છે. રાજ્યમાં હજૂ પણ સક્રિય આતંકવાદીઓની સંખ્યા ૨૦૦-૩૦૦ની આસપાસ છે. જમ્મુ, લેહ અને કારગિલમાં હાલ સ્થિતિ શાંતિપૂર્ણ છે અને હવે કાશ્મીરમાં સ્થિતિ સારી થઈ છે.

# રામને પામવા હોય તો પોતાની અંદર રહેલા રાવણનો નાશ કરવો પડશે : પીએમ મોદી

**• દેશવાસીઓ પ્લાસ્ટિકનો નાશ, વિજળી અને પાણીનો સંગ્રહ કરવા સંકલ્પ લઈ વિકાસમાં સહયોગ કરે : વડાપ્રધાન**



નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દશેરાની દેશવાસીઓને શૂભકામના પાઠવી હતી. દિલ્હીમાં આયોજીત દશેરાની ઉજવણીમાં ભાગ લેવા આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ દશેરામાં મહિલાઓના સશક્તિકરણ અને વિકાસ માટે દેશ આગળ આવે. સાથે મોદીએ સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો પણ ત્યાગ કરવા માટે લોકોને મોદીએ વિનંતી કરી હતી.

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીને યાદ કરતા મોદીએ જણાવ્યું હતું કે ગાંધીજીના માનમાં દેશના નાગરિકો પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરે જેથી પ્રદુષણ અટકાવી શકાય સાથે જ ખાધ્ય પદાર્થો અને ભોજન સામગ્રીનો બગાડ અટકાવવા, વિજળી અને પાણીનો સંગ્રહ કરવા માટે લોકોને અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે જો રામનો અહેસાસ કરવો હોય તો આપણી અંદરના રાવણને મારવો પડશે. દિલ્હીના દ્વારકામાં દશેરા નિમિત્તે રાવણ દહન કાર્યક્રમમાં મોદી પણ આવ્યા હતા.

## હિંદુ એકતાની વાત કરવી એ મુસ્લિમોનો વિરોધ નથી : મોહન ભાગવત

નાગપુર : રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘની સ્થાપના દશેરાના દિવસે થઈ હતી, જેને પગલે નાગપુરમાં દર વર્ષે તેની ઉજવણી સંઘ કરતુ આવ્યું છે. આ વર્ષે પણ સંઘ વડા મોહન ભાગવતની હાજરીમાં આ ઉજવણી થઈ હતી. જે દરમિયાન ભાગવતે ૩૭૦થી લઈને કાશ્મીર, મોબ લિન્ચિંગ વગેરે મુદ્દાઓ પર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ભારત હિંદુ રાષ્ટ્ર છે અને વિશ્વની સમક્ષ પોતાનો અવાજ પહોંચાડવા હિંદુઓએ એક થવું જ પડશે. સાથે તેમણે એમ પણ કહ્યુ હતું કે અમારા મતે હિંદુ રાષ્ટ્રનો મતલબ એ નથી કે હિંદુઓ મુસ્લિમ વિરોધી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી, એચસીએલના સંસ્થાપક અધ્યક્ષ શિવનાડર આ સમયે હાજર રહ્યા હતા. ડો. કેશવ બળીરામ હેડગેવારે ૧૯૨૫માં વિજયાદશમીના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી ત્યારથી વિજયાદશમી મેળાવડાનું આયોજન કરવામાં આવે છે.

# રૂ. ૭૪૦ કરોડના ફ્રોડ કેસમાં રેનબક્સીના પૂર્વ પ્રમોટર શિવિન્દર સિંહની ધરપકડ થઈ

નવી દિલ્હી : ફોર્ટિસ ગ્રુપના પૂર્વ પ્રમોટર સિવિન્દર મોહનસિંહની આજે ધરપકડ કરી લેવામાં આવી હતી. રેલીગર ફિનવેસ્ટની ફરિયાદ બાદ આ ધરપકડ કરવામાં આવી છે. કંપનીએ તેમના પર છેતરપિંડીનો આક્ષેપ કર્યો છે. આજ મામલામાં પોલીસે તેમના ભાઈ માલવિન્દર મોહનસિંહની પણ ઉંડી તપાસ જારી રાખી છે. દિલ્હી પોલીસે રેલીગર એન્ટરપ્રાઈઝ લિમિટેડના પ્રમોટર રહી ચુકેલા માલવિન્દર મોહનસિંહ અને સિવિન્દર મોહનસિંહ પર છેતરપિંડી, અપરાધિક કાવતરા અને વિશ્વાસઘાત કરવાનો આક્ષેપ મુક્યો છે. તેમના ઉપર હવે સકંજો મજબૂત કરવામાં આવી રહ્યો છે. મોટાભાઈ માલવિન્દરની શોધખોળ ચાલી રહી છે. રેલીગરના એક વરિષ્ઠ મેનેજરની ફરિયાદ બાદ દિલ્હી પોલીસની આર્થિક અપરાધ શાખાએ એફઆઈઆર દાખલ કરી હતી જેમાં સિંહ બ્રધર્સ ઉપરાંત આરઈએલના ફોરમર સીએમડી સુનિલ ગોધવાની અને સ્ટોક બ્રોકર ઘોસાલની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. રેલીગરના વરિષ્ઠ મેનેજરની ફરિયાદ હતી કે, કંપની અને તેમની સિબસિડીયરી ફિનવેસ્ટ લિમિટેડ સાથે છેતરપિંડી કરવામાં આવી હતી અને સેંકડો કરોડ રૂપિયાની હેરાફેરી અનેક ફાઈનાન્સિયલ ટ્રાન્ઝિક્શન મારફતે કરવામાં આવી હતી. આ ફરિયાદમાં આક્ષેપ મુકવામાં આવ્યો હતો કે, સિંહ બ્રધર્સે આરોપી સાથે સાંઠગાંઠ કરીને ૨૦૧૬માં નાણાંકીય કૌભાંડ આચર્યું હતું. આમા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, બંને ભાઈઓએ વિચારીને અપરાધિક કાવતરા રચ્યા હતા જેના મારફતે મોટા નાણાંકીય કૌભાંડ આચરવામાં આવ્યા હતા. ફરિયાદ કરનારે આ પ્રોપર્ટી અંગે માહિતી મેળવીને પરત આપવાની માંગ કરી છે.

# પુરાવાના અભાવે પોલીસે ૪૯ સામે દેશદ્રોહનો કેસ બંધ કર્યો

પટના : બિહાર પોલીસે બુધવારે આદેશ આપ્યો છે કે ૪૯ હસ્તીઓ અને બુદ્ધિજીવીઓ ઉપર કરવામાં આવેલા દેશદ્રોહના કેસને બંધ કરવામાં આવે. થોડા સમય પહેલા આ ૪૯ હસ્તીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોબ લિન્ચિંગ અંગે પત્ર લખ્યો હતો. જેમાં જય શ્રી રામના નારા સાથે થઈ રહેલા મોબ લિન્ચિંગને રોકવાની અપીલ કરવામાં આવી હતી. આ પત્રને કારણે બિહારમાં તેમના વિરૂદ્ધ રાજદ્રોહનો કેસ થયો હતો.

એફઆઈઆર નોંધ્યા બાદ સદર પોલિસે સાક્ષીઓના બયાન લીધા હતાં. ફરિયાદી વકિલ સુધીર કુમાર ઓઝાનું પણ એસએસપીની હાજરીમાં બયાન લેવામાં આવ્યું હતું. જો કે તેમની પાસેથી કોઈ નક્કર માહિતી મળી નહોતી. મુજફ્ફરપુર એસએસપી મનોજ કુમાર સિન્હાએ જણાવ્યુ છે કે તપાસમાં ખબર પડી છે કે તેમના પર ખોટા ઈરાદા સાથે આક્ષેપો લગાવવામાં આવ્યા છે, ઉપરાંત યોગ્ય પુરાવાનો પણ અભાવ છે. જેથી કેસને બંધ કરવાના આદેશ આપ્યા છે. સોમવારે એસએસપી મનોજ કુમાર સિન્હાએ ત્રણ સાક્ષીઓની પુછપરછ કરી હતી. ત્યારબાદ ફરિયિાદી સુધીર કુમારની પુછપરછ મુજફ્ફરપુરમાં પોલીસ અધિક્ષકની હાજરીમાં કરવામાં આવી હતી.

# સ્વિસ બેંકોમાં નાણાં રાખનારા ભારતીયોની પ્રથમ યાદી મળી

નવી દિલ્હી : કાળા નાણાં વિરુદ્ધની લડાઈમાં ભારતને એક મોટી સફળતા મળી છે. ભારત અને સ્વિટ્ઝરલેન્ડ વચ્ચે નવી ઓટોમેટિક ઈન્ફરમેશન એક્ષચેન્જ સંધ હેઠળ ભારતને સ્વિટ્ઝરલેન્ડ તરફથી પોતાના નાગરિકોની સ્વિસ બેંક ખાતાની પ્રથમ યાદી મળેલ છે. આ સાૃથે જ ભારત એ ૭૫ દેશોમાં સામેલ થઈ ગયો છે જેની સાૃથે સ્વિટ્ઝરલેન્ડ સરકારે બેંક ખાતા સાથે સંકળાયેલી માહિતી આપી છે. સ્વિટ્ઝરલેન્ડ ફેડરલ ટેક્સ એડમિનિસ્ટ્રેશન (એફટીએ) ના પ્રવક્તાએ પત્રકારોને જણાવ્યું છે કે એઈઓઆઈના વૈશ્વિક માપદંડ હેઠળ આ માહિતી પ્રદાન કરવામાં આવી છે. બીજી યાદી સપ્ટેમ્બર, ૨૦૨૦માં આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે એઈઓઆઈ ફ્રેમવર્ક હેઠળ ભારતને પ્રથમ વખત સ્વિટ્ઝરલેન્ડ પાસેથી માહિતી મળી છે. આ માહિતી હેઠળ વર્તમાન સક્રિય ખાતા અને ૨૦૧૮ દરમિયાન બાંૃધ ૃથઈ ગયેલા ખાતાની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જો કે આ માહિતી ગુપ્ત રાખવાની શરતે આપવામાં આવી છે.

## કૈરાણાના સપાના ધારાસભ્ય નાહિદ હસન ભાગેડુ જાહેર

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશની વિધાનસભાની કૈરાણા બેઠકના ધારાસભ્ય સમાજવાદી પક્ષના નાહિદ હસનને ભાગેડુ ગુનેગાર જાહેર કરાયા હતા. નાહિદ સામે ખૂન અને ખંડણી સહિત ૧૨ અપરાધો નોંધાયેલા છે. પોતાની અટકાયત ટાળવા નાહિદ નાસી ગયા હતા. એક સ્થાનિક અદાલતે એમને ભાગેડુ જાહેર કરી દીધા બાદ હવે નાહિતની સંપત્તિ જપ્ત કરવાના માર્ગો ખુલ્લા થઈ ગયા હતા. પોલીસના જણાવ્યા મુજબ તેમની સામે શામલીમાં આઠ અને સહરાનપુરમાં ચાર અપરાધો નોંધાયેલા છે.

અનુસંધાન પેજ નંબર 14

## ૬૮૪ વિજ્ઞાનીઓની હત્યા...

ટ્રક ફરી વળે છે. કોઈ એકલવાયા રહેતા હોય તો ઘરમાં ઘૂસીને મારવામાં આવે છે. ૨૦૦૯થી ૨૦૧૩ વચ્ચે તો ભાભા એટમિક સેન્ટરના ૧૧ મોટા વિજ્ઞાનીઓના અકુદરતી મોત પછી મુંબઈ હાઈકોર્ટે સરકારને વિજ્ઞાનીઓનો ખ્યાલ રાખવા તાકીદ પણ કરી હતી. ભારતની પ્રથમ પરમાણુ સબમરિન આઈએનએસ અરિહંત સાથે સંકળાયેલા બે ઊચ્ચ અધિકારીઓના પણ રહસ્યમ મોત થયા હતા. મોટાભાગના મૃત્યુ પછી તેની પૂરતી તપાસ નથી થઈ. ફાઈલ ગમે ત્યારે બંધ કરી દેવાઈ છે. તેથી હવે ભારત સરકારે આ મુદ્દો ગંભીરતાથી લઈને તેની તપાસ કરવી જોઈએ. તેમાં પરદેશી હાથ હોઈ શકે અને કોઈની દેશી મદદ પણ હોઈ શકે. નેતાઓ માટે ચોવીસેય કલાક સલામતી પૂરી પાડવામાં આવતી હોય તો વિજ્ઞાનીઓને પણ થોડી સુરક્ષા મળવી જોઈએ અને કમસેકમ દુર્ઘટનાની સ્થિતિમાં પૂરેપૂરી તપાસ થવી જોઈએ. ભારતનું વિજ્ઞાનધન આ રીતે ન વેડફાય એ જોવાની સરકારની ફરજ છે. માત્ર દેશભક્તિની વાતો કરવાથી નહીં, પરંતુ ભારતના દરેક ક્ષેત્રના કૌશલની જાળવણી પણ સરકારની પ્રાથમિક અને અનિવાર્ય ફરજ છે. સરકાર આ બાબતને હવે ગંભીરતાથી લે તે જરૂરી છે.

**ક્રોસવર્ડનો ઉકેલ**

**આડી ચાવી :** (૧) વલવલાટ (૪) વસવાસ (૭) સૂત (૮) તારો (૯) ચાર (૧૦) મહાલ (૧૨) ગરલ (૧૩) ફરક (૧૪) ગવારા (૧૬) કસોટી (૧૮) જસતા (૨૦) મરી (૨૧) બીડ (૨૩) રમણ (૨૫) મલ (૨૮) મહેલ (૨૯) સ્તવન (૩૧) જાર (૩૨) જાનવર (૩૩) ગમાર (૩૪) તટ (૩૫) પડોશી **ઊભી ચાવી :** (૧) વહેમ (૨) વસૂલ (૩) લાત (૪) વરોલ (૫) વાચા (૬) સરભરા (૮) તારકસ (૧૧) હાલસો (૧૨) ગરજ (૧૫) વાજબી (૧૬) કતાર (૧૭) ટીમણ (૧૯) તાનો (૨૨) ડઝન (૨૪) મનોરમા (૨૫) મહેનત (૨૬) લલવટ (૨૭) હસ્ત (૨૮) મજા (૩૦) વરંડો (૩૧) જણ

# કાશ્મીર અમારો અભિન્ન હિસ્સો છે, ચીન અમારી આંતરિક બાબતોથી દૂર રહે : ભારત

**• દેશના આંતરિક મામલામાં દરમિયાનગીરી કરવાથી દૂર રહેવા ભારતની સ્પષ્ટ સલાહ અપાઈ : કોંગ્રેસ પણ નારાજ**

નવી દિલ્હી : ઐતિહાસિક મમલ્લાપુરમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ શી ઝિનપિંગની શિખર બેઠક પહેલા ચીનના યુ ટર્નને લઈને લોકોમાં અને જુદા જુદા પક્ષોમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. બેઠક પહેલા કાશ્મીર પર ચીનના વલણના કારણે ભારતે કઠોર પ્રતિક્રિયા આપી છે. ભારતે તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, જમ્મુ કાશ્મીર ભારતના અખંડ ભાગ તરીકે છે અને આંતરિક મામલાથી ચીન દૂર રહે તે જરૂરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશ કુમારે આ અંગે સ્પષ્ટતા કરી દીધી છેકોંગ્રેસ પાર્ટીએ ચીનના વલણ પર નારાજગી વ્યક્ત કરતા કહ્યુ છે કે સરકારે હોંગકોંગમાં દમન અને ઉઈગરો પર થઈ રહેલા અત્યાચારનો મુદ્દો ઉઠાવી શકે ચે. મોદી-શી વચ્ચે બેઠક પહેલા જ ખેંચતાણ વધી ગઈ છે. ચીને ઝિનપિંગ પહોંચે તે પહેલા જ પ્રતિક્રિયા આપી હતી. જેમાં કાશ્મીર મામલાને સંબંધિત યુએન ચાર્ટર મુજબ ઉકેલવાની વાત કરવામાં આવી હતી. ભારતે ત્યારબાદ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તે પોતાના આંતરિક મામલામાં આ પ્રકારની ટિપ્પણીનુ સ્વાગત કરતુ નથી. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીએ પણ ચીનના વલણને લઈને નારાજગી વ્યક્ત કરી છે. જમ્મુ કાશ્મીરના વિવાદને સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવ મુજબ ઉકેલવાની જરૂર છે તેવા ચીનના નિવેદન અંગે પુછવામાં આવતા વિદેશ મંત્રાલયના પ્રવકતા રવીશ કુમારે કહ્યુ છે કે ભારતનુ હમેંશા સ્પષ્ટ વલણ રહ્યુ છે. તે પહેલાથી કહે છે કે કાશ્મીર ભારતના અખંડ ભાગ તરીકે છે અને ચીન પણ અમારા વલણથી વાકેફ છે.

# કોંગ્રેસ નેતાઓએ જેરેમી કોર્બિન સાથે કાશ્મીર મુદ્દો ચર્ચતા વિવાદ

નવી દિલ્હી : કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળ બ્રિટનમાં લેબર પાર્ટીનાં નેતા જેરેમી કોર્બિનને મળ્યા પછી જેરેમી દ્વારા ફરી એકવાર કાશ્મીર મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. આને કારણે કોંગ્રેસ પાર્ટી ફરી એકવાર સંકટમાં ફસાઈ છે.

કોંગ્રેસનાં નેતાઓએ બ્રિટનનાં નેતા સાથેની મુલાકાતમાં કાશ્મીર મુદ્દો ચર્ચ્યો હોવાનું જાણવા મળે છે. જેરેમીએ કોંગ્રેસ પ્રતિનિધિઓ સાથેની મુલાકાતને ફળદાયી ગણાવી હતી. તેમણે ટ્વિટ કર્યું હતું કે, કોંગ્રેસનાં પ્રતિનિધિઓ સાથેની મુલાકાત સારી રહી. અમે મિટિંગમાં કાશ્મીરમાં માનવ અધિકાર મુદ્દે ચર્ચા કરી હતી. કાશ્મીરમાં હિંસા અને ડરનો માહોલ દૂર કરવા ભારત સરકારે પગલાં લેવા જોઈએ. આ પછી ભાજપ ભડક્યું છે અને કોંગ્રેસને ચારેબાજુથી ઘેરી છે.

ભાજપએ કોંગ્રેસ પાસે ખુલાસો માગ્યો છે કે તેના નેતાઓ વિદેશી નેતાઓ સાથે શું વાતચીત કરી રહ્યા છે તેની કોંગ્રેસ સ્પષ્ટતા કરે. કોંગ્રેસનાં નેતા આનંદ શર્માએ બચાવમાં કહ્યું છે કે કાશ્મીર સંપૂર્ણપણે ભારતનો આંતરિક મામલો છે. ભાજપ આ મુદ્દે જુઠ્ઠાણુ ફેલાવવા કોશિષ કરી રહી છે.

# કર્ણાટકના પૂર્વ નાયબ સીએમના આવાસે ૩૦૦થી વધુ અધિકારીઓની રેડ

બેંગ્લોર : સંકલિત દરોડામાં કર્ણાટકના બે અગ્રણી કોંગ્રેસી નેતાઓ સાથે સંબંધિત પ્રાંગણો ઉપર આજે ૩૦૦થી પણ વધુ ઈન્કમ ટેક્સના અધિકારીઓએ એક સાથે દરોડા પાડ્યા હતા. ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી જી પરમેશ્વર અને પૂર્વ સાંસદ ઝાલપ્પાના પુત્ર રાજેન્દ્ર સાથે જોડાયેલા સ્થળો ઉપર દરોડા પડાયા હતા. કરચોરીના મામલામાં ચાલી રહેલી તપાસના મામલામાં આ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પરમેશ્વરાના પરિવારના સભ્યો સિદ્ધાર્થ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન ચલાવે છે જેની સ્થાપના ૫૮ વર્ષ અગાઉ તેમના પિતા દ્વારા કરવામાં આવી હતી. પરમેશ્વરા સાથે જોડાયેલી સંસ્થાઓ, ઓફિસ, આવાસ ઉપરાંત આઈટી અધિકારીઓએ તેમના ભાઈ જી શિવપ્રસાદ અને આસીસ્ટન્ટના આવાસ ઉપર પણ દરોડા પાડ્યા હતા. ચોંકાવનારી વિગતો ખુલે તેવી સંભાવના દેખાઈ રહી છે.

# એક જવાન શહીદ થશે તો ૧૦ દુશ્મનોને મોતને ઘાટ ઉતારાશે

**•મહારાષ્ટ્રની ચૂંટણી સભામાં અમીત શાહનો હુંકાર**

સાંગલી : મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે વોટિંગ ૨૧મી ઓક્ટોબરના દિવસે યોજાનાર છે ત્યારે પ્રદેશમાં રાજકીય ગરમી ચરમસીમા ઉપર પહોંચી ચુકી છે. કોંગ્રેસ અને એનસીપીના નેતાઓના દોર વચ્ચે ભાજપ તરફથી દિગ્ગજોની રેલીઓ શરૂ થઈ ચુકી છે. પ્રદેશમાં રાજકીય ગરમી હવે ચરમસીમા ઉપર પહોંચી છે. ખાસ કરીને કલમ ૩૭૦ના મુદ્દા ઉપર રાજકીય ઘમસાણની સ્થિતિ છે. આ કડીમાં મહારાષ્ટ્રના સાંગલીમાં કેન્દ્રીયમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય મુદ્દા ઉપર કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ઉપર આજે આકરા પ્રહાર કર્યા હતા. શાહે કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીના કાશ્મીરમાં ખૂનની નદીઓ વહેંશે નિવેદન પર પ્રહાર કરતા કહ્યું હતું કે, પાંચમી ઓગસ્ટ બાદથી પાંચમી ઓક્ટોબર સુધીના ગાળામાં એક પણ ગોળી ચાલી નથી. કોંગ્રેસના નેતા અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને એનસીપીના અધ્યક્ષ શરદ પવારથી કલમ ૩૭૦થી પોતાનું વલણ સ્પષ્ટ કરવા અમિત શાહે ખુલ્લો પડકાર ફેંક્યો હતો. શાહે કહ્યું હતું કે, એક પણ જવાન શહીદ થશે તો ૧૦ દુશ્મનોને મોતને ઘાટ ઉતારવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા નક્કી કરી દીધી છે અને સાફ શબ્દોમાં એવો અભિપ્રાય રાખવામાં આવી રહ્યો છે કે જો એક પણ જવાન શહીદ થાય છે તો દુશ્મનના ૧૨ લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવશે.

# ઉત્તરાખંડમાં ભાજપે ચૂંટણી ટાણે જ ૧૦૦ નેતાઓ-કાર્યકતાની હકાલપટ્ટી કરી

નવી દિલ્હી : ઉત્તરાખંડમાં પંચાયતોની ચૂંટણી ટાણે જ શાસક ભાજપે છેલ્લા દસ દિવસમાં પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે બળવો કરીને ચૂંટણી લડી રહેલા ૧૦૦ જેટલા નેતાઓ-કાર્યકરોને પક્ષમાંથી હાંકી કાઢ્યા હતા. ભાજપે પહેલીવાર આટલી મોટી સંખ્યામાં બળવાખોરો સામે શિસ્તભંગનાં પગલાં લીધાં હતા. ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્યામ જાજૂ અને ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન ત્રિવેન્દ્ર સિંઘ રાવત ૧૪મીએ દહૂરાદૂનની મુલાકાતે આવવાના છે અને એ સમયે પંચાયતી ચૂંટણીની ચર્ચા થશે. આ બેઠકમાં પક્ષના ઉત્તરાખંડના તમામ સાંસદો, ધારાસભ્યો અને ચૂંટણીના ઉમેદવારોને હાજર રહેવાની તાકીદ કરાઈ હતી. ભાજપના ઉત્તરાખંડના રાજ્ય કક્ષાના મહામંત્રી રાજેન્દ્ર ભંડારીએ પક્ષના ધારાસભ્ય ઉમેશ શર્માને કામણદર્શક નોટિસ પણ મોકલી હતી અને પક્ષના શિસ્તની વિરુદ્ધ જવાનો ખુલાસો માગ્યો હતો.

# મનુષ્યોના ઉપયોગમાં આવતાં ધરતી પરના પશુપ્રાણીઓ વિષે કુરાન મજીદમાં ઉલ્લેખ

ભાગ-૨

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**



(મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત)

"અને ખચિત તમારા માટે પશુઓમાં પણ એક બોધપાઠ છે. તેમના પેટમાં જે કંઈ છે તેમાંથીજ એક વસ્તુ(દુધ) અમે તમને પીવડાવીએ છીએ. અને તમારા માટે તેમની અંદર બીજા પણ અનેક ફાયદાઓ છે. અને તમે તેમને ખાઓ પણ છો અને તેમની ઉપર અને વહાણની ઉપર સવાર પણ થાવ છો."(પ્રકરણ ૨૩, શ્લોક ૨૧ અને ૨૨)

"અને અલ્લાહે પ્રત્યેક પશુનું એક પ્રકારના પાણી માંથી સર્જન કરેલ છે. કોઈ પશુ પેટ પર ચાલે છે તો કોઈ બે પગથી ચાલે છે તો કોઈ પશુ ચાર પગ પર ચાલે છે. તે અલ્લાહ જે વસ્તુ ચાહે તેનું સર્જન કરે છે. ખચિત અલ્લાહ દરેક વસ્તુ પર સર્વશક્તિમાન છે." (પ્રકરણ ૨૪, શ્લોક ૪૫)

"અને મનુષ્યોમાં તથા પશુઓ અને ઢોરોમાં પણ જુદા જુદા રંગો હોય છે. ખચિત અલ્લાહના ભક્તો (બંદાઓ)માંથી માત્ર જ્ઞાન ધરાવનારા લોકો જ અલ્લાહથી ડરે છે. ખચિત અલ્લાહ મહાન અને ક્ષમા કરનાર છે." (પ્રકરણ ૩, શ્લોક ૨૮)

"અને અલ્લાહે તમારા ઘરોને તમારા રહેઠાણ માટેની જગ્યાઓ બનાવી. અને ચોપગા (પ્રાણીઓ)ના ચામડા માંથી તમારા માટે ઘર (તંબુ) બનાવ્યા કે જેને તમે પોતાની મુસાફરી અને રોકાણની પરિસ્થિતિમાં વજનમાં હળવા જુઓ છો. અને તેમના ઉન માંથી તથા રૂંવાટી માંથી તથા વાળ માંથી તમારા માટે પહેરવાની તથા વપરાશની અસંખ્ય વસ્તુઓ બનાવીને જીવનની એક નિશ્ચિત મુદત સુધી તમારા ઉપયોગમાં લો છો." (પ્રકરણ ૧૬, શ્લોક ૮૦)

પશુ પ્રાણીઓના સર્જન તથા માનવજાત માટે તેઓની રોજીંદા કામો માંની ઉપયોગીતા વિષે ઉપર આપેલા કુરાન મજીદમાંના સર્વે બોધવચનો થકી એ જાણવા મળે છે કે પાલનહાર અલ્લાહે સર્જન કરેલ આ સર્વે પશુ પ્રાણીઓ થકી મનુષ્ય અસંખ્ય કામો લઈ રહ્યો છે. આ ઉપયોગી કામોમાં તેમનો ખેતરમાં ઉપયોગ કરવો, તેમના પર સવારી કરવી, તેમના થકી બોજો (વજન) ઉપાડવો, તેમનું દુધ તથા માંસ ઉપયોગમાં લેવું, તેમના ચામડાઓ થકી પહેરવાની અને વપરાશની વસ્તુઓ બનાવવી વગેરે કામોનો સમાવેશ થાય છે. એકંદરે આ સર્વે પશુ પ્રાણીઓ મનુષ્ય માટે તેમના રોજીંદા કામોમાં ઉપયોગી થતા હોય છે.

નીચે કુરાન મજીદમાંના અમુક એવા બોધવચનો આપવામાં આવે છે. જેમાં આ પશુ પ્રાણીઓ માંથી ખાસ તેમના નામોની સાથે તેમનો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે તેઓ માનવજાત માટે કઈ રીતે ઉપયોગી થાય છે અથવા તો તેમની ખાસ વિશિષ્ટતા શી છે :-

"અને જુઓ તમારા પાલનહારે (રબ્બે) મધમાંખીને દિવ્ય વાણી દ્વારા આદેશ આપેલ કે તેઓ પર્વતોમાં તથા વૃક્ષોમાં તથા ચઢેલા વેલાઓમાં પોતાના મધપુડાઓ બનાવે અને દરેક પ્રકારના ફુલોનો રસ ચુસે અને પોતાના પાલનહાર (રબ)ના સરળ બનાવેલા માર્ગો પર ચાલ્યા કરે. આ મધમાખીની અંદરથી એક રંગબેરંગી પ્રવાહી (મધ) નીકળે છે જેમાં લોકો માટે ઉપચાર (ઈલાજ-શીફા) છે. ખચિત આમાં પણ એક નિશાની છે એ લોકો માટે જેઓ વિચાર ગહન કરે છે." (પ્રકરણ ૧૬, શ્લોક ૬૮ અને ૬૯)

"જે લોકોએ અલ્લાહને છોડીને બીજાઓને મિત્રો બનાવી લીધા છે. તેમનું ઉદાહરણ કરોળિયા જેવું છે, જે પોતાનું એક ઘર બનાવે છે, અને સર્વે ઘરોમાં કમજોર ઘર કરોળિયાનું જ હોય છે. " (પ્રકરણ ૨૯, શ્લોક ૪૧)

"ખચિત અલ્લાહ આ વાતથી મુદલ શરમાતો નથી કે મચ્છર અથવા તો તેનાથી પણ વધુ તુચ્છ કોઈ વસ્તુનુ ઉદાહરણ આપે." (પ્રકરણ ૨, શ્લોક ૨૬)

"અને લોકોની સાથે ઘમંડમાં ગાલ ફુલાવીને વાત ન કર, અને ધરતી પર અકડાઈને ન ચાલ (છાતી કાઢીને ન ચાલ). અલ્લાહ કોઈ ઘમંડી અને શેખી ખોર વ્યક્તિને પસંદ નથી કરતો. અને પોતાનો અવાજ જરા ધીમો રાખ. બધા અવાજોમાં સૌથી ખરાબ અવાજ ગધેડાઓનો અવાજ હોય છે." (પ્રકરણ ૩૧, શ્લોક ૧૮ અને ૧૯)

(ઉપરની શિખામણ અગાઉના સમયના વૈદ્ય હકીમ લુકમાને પોતાના દીકરાને આપેલ હતી.)

"જે લોકોને "તવરાત" (અગાઉનું ધર્મશાસ્ત્ર) પર ચાલવાનો આદેશ થયો હતો તેઓ તે અનુસાર ચાલ્યા નહિ. તેઓનું ઉદાહરણ તે ગધેડાની સ્થિતિ જેવી છે જે ઘણા પુસ્તકોનો બોજો (વજન) ઉપાડી રહ્યો હોય છે." (પ્રકરણ ૬૨, શ્લોક ૫)

"તે ઘોડાઓના સોગંદ જેઓ હાંફતા હાંફતા દોડે છે, ફરી પથ્થર પર ટાપ મારી અગ્નિ ઝારે છે, ફરી પ્રભાતના સમયે છાપો મારે છે, ફરી તે સમયે ધુળ ઉડાવે છે, પછી તે સમયે શત્રુઓની ફોજમાં ઘુસી જાય છે." (પ્રકરણ ૧૦૦, શ્લોક ૧,૨, ૩, ૪ અને ૫)

ઉપસંહારમાં એ કહી શકાય કે પાલનહાર અલ્લાહે સર્જન કરેલી લાખો અને કરોડો વસ્તુઓમાં તેણે સર્જન કરેલ પશુ પ્રાણીઓ વગેરે પણ નિરર્થક સર્જન નથી કરવામાં આવ્યા, પરંતુ માનવજાતના ઉપયોગ માટે જ તેઓનું સર્જન કરવામાં આવેલ છે. તે માટે મનુષ્યે પાલનહાર અલ્લાહનો આભાર વ્યક્ત કરવો જોઈએ કે તેમની સગવડ માટે જ આ પશુ પ્રાણીઓનું સર્જન કરવામાં આવેલ છે. સમાપ્ત

# એ તસવીરને મેં જોઈ અને હું સ્તબ્ધ બની ગઈ

આયના સામે ઊભેલી મૃણાલ એના કાળા ઘૂંઘરાળા વાળ સમારી રહી હતી.

અરે આજે એની સેંથી બરાબર વચ્ચેથી પડવાને બદલે સહેજ બાજુમાં પડી ગઈ. 'ઉફ' મૃણાલ બબડી. એક તો જે લાંબા કાળા કેશની સહુને અદેખાઈ હતી એ જ વાળને ઓળવાનો એને સખત કંટાળો પણ હતો. કદી કદી એના હાથ દુ:ખી જતા ત્યારે ગુસ્સાથી કાંસકી દૂર ફેંકી દેતી.

પણ આજે !

સહેજ બાજુમાં પડી ગયેલી સેંથીને. એ દર્પણમાં બરાબર તાકી રહી. એનું લક્ષ્ય એ સેંથી તરફ વધુ ને વધુ કેન્દ્રિત થયું અને એનાં કાળાં જુલ્ફાંઓમાં પરોવાયેલી વર્ષો જૂની એક નાનીશી વાત યાદ આવી ગઈ.

'ત્યારે તો હું બૅન્કમાં નવીસવી જ ભરતી થઈ હતી. માંડ એકાદ વર્ષની નોકરી બાદ બૅન્કના આખાયે સ્ટાફને હું માંડ ઓળખી શકેલી અને ઘણીવાર તો વરસનાં વહાણાં બાદ પણ એવું બને કે કોઈ મને ઓળખતું હોય પણ હું એમને ભાગ્યે જ ઓળખતી હોઉં. પણ તમે એમ માનશો કે આ મૃણાલ ખૂબ ઘમંડી હશે. પણ ના. હું સાચું કહું છું કે એ તો મારો સ્વભાવ છે. હું જરાક શરમાળ છું. કોઈ પુરુષ મારી જોડે વાત કરે તો એની સાથે શું બોલવું એની જ મને તો સમજ પડતી નથી. એટલે થોડીવાર તો ચલાવે રાખું, પણ વાતનો દોર મારાથી ખેંચી શકાતો નથી. છેવટે આડુંઅવળું ઝીંકાઈ જાય ને લોકો મારા વિશે જુદા જુદા અભિપ્રાય બાંધી લેતા હોય છે. વળી પાછી મૂળ વાત પરથી ગાડી બીજે પાટે ચાલી ગઈ. હું તો એમ કહેતી હતી કે, એ દિવસોમાં એક સાંજે એવું બન્યું કે બૅન્કમાંથી છૂટી હું ઘેર જવા માટે બસની લાઈનમાં ઊભી હતી.

બસ આવી. ઉતારુઓ ટિકિટ લઈને અંદર જવા માંડ્યા. મારો વારો

આવતાં મેં પૈસા કાઢ્યા. ત્યારે મારી આગળ ઊભેલા એક યુવાને મને રોકતાં કહ્યું : 'તમારી ટિકિટ મેં લઈ લીધી છે.' ઘડીભર તો હું શૂન્ય બની ગઈ. મેં એ યુવાનની આંખો સામે જોયું, પણ બીજી જ ક્ષણે એ બસમાં ચડી ગયો. હું કેટલીક ક્ષણો સુધી વિચારમાં ડૂબેલી રહી અને આવા અજાણ્યા માણસે કયા સંબંધે ટિકિટ લીધી હશે વિચારતાં છેવટે એની ટિકિટનો ઈનકાર કરીને મારે ટિકિટ લઈ જ લેવી જોઈએ એ ગણતરી કરી અને મેં ફરીથી મારી ટિકિટ લઈ લીધી.

બસ ભરાઈ ગઈ હતી. 'અહીં બેસો.' કહેતાં એ જ યુવાને પોતાની બેઠક ખાલી કરી આપી.

હું ફરીથી વિચારમાં પડી ગઈ. મેં કહ્યું : 'ના, મારે નજીકમાં જ ઊતરવાનું છે.'

એ યુવાન મને એક જાતનો બોજ લાગ્યો. એની ખાલી કરી આપેલી બેઠક પર ન બેઠી. એટલું જ નહીં પણ મારે નહોતું ઊતરવું તોયે આગલા બસ-સ્ટોપ પર ઊતરી ગઈ.

થોડા દિવસ સુધી એ યુવાન રોજ મને મારી બસની લાઈનમાં દેખાયો.

કદી એ આગળ હોય તો કદી પાછળ. મને થયું આ માણસથી છૂટવા મારે શું કરવું ને શું ન કરવું ? દેખાવમાં તો સીધોસાદો હતો. સરસ કપડાં પહેરતો. ચહેરો રૂપાળો હતો. પણ દાનત ? અને વચ્ચે તો મેં ઉપરાઉપરી એને બૅન્કમાં હરતોફરતો જોયો. મને થયું, આવી બન્યું બાપ ! આ નાલાયક તો ઠેઠ અહીં સુધી આવી પહોંચ્યો છે ને !

પછી તો રોજ સવાર થતી ને મને ફફડાટ વછૂટતો. બૅન્કમાં જવાનો સમય થતો ને હું ગભરાઈ ઊઠતી. એનો ચહેરો મારી સમક્ષ તરવરી ઊઠતો. જાણે કે હું લાખ લાખ સોયોની અણીઓથી ભોંકાઈ મરતી. બળ્યો આ સ્ત્રીનો અવતાર !

પુરુષો કેટલા નફફટ ! સ્ત્રીને જુએ છે ને જાણે કે ગોળનું ઢેફું ભાળ્યું એવી ફાટી ફાટી આંખે ને નફફટાઈથી જુએ છે કે...!

એકવાર હું મારી સખીઓ જોડે ફિલ્મ જોવા ગયેલી, ત્યાં પણ એ ઊભો હતો. આ વખત તો એને સંભળાવી દેવાનું મન થયું કે, નાલાયક ! શીદને મારી પાછળ પડ્યો છે ?

પણ મારી જીભ ન ખૂલી તે ન જ ખૂલી અને મારી એ નબળાઈ છે. એ રાતે હું ખૂબ રડી. મારી તરફ એકધારી નજરે જોઈ રહેવાની એની એ રીત પ્રત્યે થયેલી નફરતનો જવાબ આપવાની મારામાં હામ નથી એટલે જ હું રડી પડી.

પછીના બે-ચાર દિવસ સુધી એ દેખાયો નહીં. ત્યારે મને રાહત થઈ કે 'હાશ' હવે એ કંટાળ્યો લાગે છે.

પણ એક દિવસ બન્યું કે, સવારે અગિયાર વાગ્યે હું બૅન્કમાં પહોંચી.

બૅન્કમાં પેસતાંવેંત ફિક્સ ડિપૉઝિટ વિભાગમાં હું બેસતી. એવામાં મારા એક સંબંધી આવી પહોંચ્યા. તેઓ સેઈફ ડિપૉઝિટ વૉલ્ટમાં નવું લૉકર લેવા આવ્યા હતા. બૅન્કની વિધિથી અપરિચિત હોવાથી મેં એમને બધી વિધિ પતાવી આપી.

છેવટે અમે ભોંયરામાં આવેલા સેઈફ રૂમમાં ગયાં તો સામેના ટેબલ પર એ જ યુવાન બેઠો હતો જે ઘણા સમયથી મારો પીછો કરતો હતો !

'તમે ?' મને આવેલી જોઈ એણે સસ્મિત ચહેરે પૂછ્યું : 'કેમ




આ વાંચીને હું કંઈ સમજી ના સમજી ત્યાં જ બૉસ બોલ્યા : 'આ એ જ યુવાનની બહેન છે જેની પર તમને નફરત છે. એને મેં બોલાવ્યો હતો. ખૂબ ધમકાવ્યો હતો. એ તો કંઈ પણ કહેવા ઈનકાર કરતો હતો. છેવટે મેં એના ઈરાદા ઉપર શંકા મૂકી ત્યારે એના પાકીટમાંથી આ ફોટોગ્રાફ રજૂ કર્યો અને એ આટલું જ બોલ્યો કે, 'મારી એકની એક બહેન ગયા વરસે જ ગુજરી ગઈ છે.

મૃણાલ, કેમ આવ્યાં તમે ?'

મારા માથામાં ઘા થયો : 'આ નાલાયક તો મારું નામ પણ જાણે છે.'

મેં એની સાથે વાત કરવાને બદલે મારા સંબંધીને કહ્યું : 'તમે અહીંથી લૉકર મેળવી ચાવી લઈ લ્યો. મારે જરા કામ છે.'

હું ઝડપથી બહાર ચાલી આવી.

હું તો મારા ટેબલ પર આવીને ફસડાઈ પડી. મારી આંખોમાં પાણી જોઈ કેટલાકે પૂછ્યું પણ ખરું : 'શું થયું તમને ?' હું શું જવાબ આપું ?

તબિયત સારી નથી એમ કહીને હું ઘેર ચાલી ગઈ. એક પળ તો વિચાર આવ્યો કે, બૅન્કની નોકરી જ છોડી દઉં. પણ એ પગલું વ્યવહારુ ન લાગતાં મેં બદલી કરાવવા વિચાર કર્યો. બીજા દિવસે હું સમય કરતાં સહેજ વહેલી બૅન્કમાં ગઈ. ત્યાં જ એનો મનહૂસ ચહેરો મને દેખાયો. હું એનાથી અંતર રાખીને ઝડપથી દોડી અને બેબાકળી હું રઘવાટમાં પગથિયાં પરથી લપસી પડી. મારું

પર્સ છેક નીચેના પગથિયે પહોંચી ગયું. હું ઊભી થાઉં એ પહેલાં તો એ મારું પર્સ ધરીને ઊભો હતો. એણે કહ્યું : 'સાચવીને પગથિયાં ચડતાં હો તો !' પર્સને લેતાં મેં વાતનો જવાબ ન આપ્યો ને પગ ઉપાડ્યો.

'એક મિનિટ !' અને હું થંભી ગઈ.

એણે કહ્યું : 'મૃણાલ ! તમે માથાની સેંથી સહેજ બાજુમાં પાડતાં હો તો !'

ગુસ્સાથી હું લાલચોળ બની ગઈ. 'લુચ્ચા ! આવું કહેવાનો તને શું અધિકાર છે ?' એ શબ્દો હોઠ સુધી આવ્યા પણ હોઠ ન ખૂલ્યા અને હું સીધી બૉસ પાસે ચાલી ગઈ. મારો પીછો કરી રહેલા એ યુવાન અંગેની આખીયે વાત વિગતવાર કહ્યા પછી એમણે મને પૂછ્યું : 'બોલ મૃણાલ ! તું શું ઈચ્છે છે ?'

'સર ! કાં તો એને અહીંથી બદલો અગર તો મને બીજી બ્રાંચમાં મૂકો.'

એક અઠવાડિયાની રજા લઈ હું હતાશ બની ઘેર પહોંચી. સમગ્ર પુરુષજાત માટે મને તિરસ્કાર થઈ આવ્યો. ઘેરથી બહાર નીકળવાનું મેં બંધ કરી દીધું.

ઘરકામમાં મેં મન પરોવ્યું. બદલી માટે આગ્રહ રાખવાનો નિર્ણય મેં મક્કમ કર્યો.

અઠવાડિયા બાદ રજા પૂરી થતાં હું બૅન્કમાં ગઈ. હળવું બનેલું હૈયું ફરીથી ધકધકતું હતું. એટલામાં પટાવાળો મને બોલાવવા આવ્યો. હું બૉસ પાસે ગઈ.

'બેસ મૃણાલ.'

હું બેઠી.

બૉસે ટેબલના ખાનામાંથી એક નાનકડી તસવીર કાઢી મને જોવા આપી.

એ તસવીરને મેં જોઈ અને હું સ્તબ્ધ બની ગઈ. મારી તસવીર એમની પાસે ક્યાંથી ? મેં તો કોઈને આપી નથી. તો શું પેલા બદમાસે કોઈ કાવતરું કર્યું નહીં હોય ? હું બોલી : 'સર ! કંઈ સમજાતું નથી. આ ફોટોગ્રાફ તો મારા જેવો જ લાગે છે.'

'સાચી વાત છે, પણ એ તસવીર તમારી નથી.'

હું ચૂપ રહી.

'જુઓ આ તસવીરવાળી યુવતીના માથાના વાળની સેંથી સહેજ બાજુમાંથી પાડેલી છે. તમે બરાબર વચ્ચેથી પાડો છો એ સિવાય તમારા ને એના ચહેરા વચ્ચે કોઈ ફરક નથી.'

'તો આ કોણ છે ?'

'તસવીરને ઊલટાવો.'

મેં ફોટોગ્રાફને ફેરવ્યો. પાછળ લખેલું હતું : 'સ્વર્ગીય કુમુદ. દેહાન્ત

તા. ૨૦-૯-૧૯૭૩.'

આ વાંચીને હું કંઈ સમજી ના સમજી ત્યાં જ બૉસ બોલ્યા : 'આ એ જ યુવાનની બહેન છે જેની પર તમને નફરત છે. એને મેં બોલાવ્યો હતો. ખૂબ ધમકાવ્યો હતો. એ તો કંઈ પણ કહેવા ઈનકાર કરતો હતો. છેવટે મેં એના ઈરાદા ઉપર શંકા મૂકી ત્યારે એના પાકીટમાંથી આ ફોટોગ્રાફ રજૂ કર્યો અને એ આટલું જ બોલ્યો કે, 'મારી એકની એક બહેન ગયા વરસે જ ગુજરી ગઈ છે.

એથી જ્યારે હું મૃણાલને જોતો ત્યારે મને મારી બહેનની યાદ આવી જતી હતી.'

એટલું બોલતાં એનો સાદ ભીંજાયો હતો.'

હું સ્તબ્ધ થઈ આ વાત સાંભળી રહી.

હર પળ એના પ્રત્યે મનોમન જ મેં વરસાવેલા આકરા તિરસ્કારોના બોજ તળે જાણે હું જ ચગદાઈ રહી. સમગ્ર પુરુષજાત પ્રત્યે મેં દાખવેલા ઝેરથી હું જ બળી રહી. શું બોલવું એ મને સમજાતું નહોતું. તત્ક્ષણ હું ચેમ્બરમાંથી બહાર નીકળી સીધી સેઈફ ડિપૉઝિટ વૉલ્ટ તરફ ભાગી. ભોંયરામાં પહોંચતાં પહેલાં મારા મનમાં અનેક વિચારો વીજપ્રવાહની જેમ વહી ગયા. મને થયું કે હું એની માફી માગી લઉં. મને થયું કે હું એની સામે બેસીને ધ્રુસકે ધ્રુસકે રડી લઉં. મને થયું કે... પણ એ ટેબલ પર કોઈ બીજો જ કર્મચારી બેઠો હતો.

'ક્યાં ગયા પેલા ભાઈ... જે પહેલાં...' મેં ત્રુટક શબ્દોમાં પૂછ્યું.

'એમણે ટ્રાન્સફર માગી લીધી.'

મારા માથામાં વજ્રાઘાત થયો.

'કઈ બ્રાંચમાં ગયા ?' રહીસહી આશાએ મેં પૂછ્યું.

'એ તો કોઈને કહ્યું નથી.'

જાણે કે મારા ગાલ પર તમાચો વાગી ગયો.

વળી એણે પૂછ્યું : 'પણ તમે આ બધું કેમ પૂછો છો ?'

મારા ગળે ડૂમો ભરાયો હતો. આંખો ધૂંધળી બની હતી. હું શું જવાબ

આપું ?

મૃણાલે આંખો લૂછી ફરી દર્પણમાં જોયું. એના કાળા ઘૂંઘરાળા વાળ મહીં શોભતો પોતાનો ચહેરો શરમિંદો હતો. વર્ષો જૂની એની નાનીશી ભૂલ માટે એ આજે પણ પસ્તાતી હતી. એ ઘણીવાર પોતાની સખીઓને કહેતી કે 'બધા પુરુષો 'એવા' નથી હોતા હોં.'

આજે... આજે ફરી સજળ નયને મૃણાલે માથાના વાળની સેંથી સહેજ બાજુમાં પાડી. શું પોતાની ભૂલનું એ તર્પણ હતું ?

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું



### દુનિયાની સૌથી મોટી સૂર્યઘડિયાળ જયપુરનું સમ્રાટ યંત્ર

રાજસ્થાનના જયપુરમાં ૧૮મી સદીમાં મહારાજા સવાઈ જયસિંહે જંતરમંતર બંધાવેલું. જંતરમંતરમાં ૧૪ જેટલા ખગોળીય સાધનો છે.

જમીન ઉપર દીવાલોની વિવિધ ગોઠવણીથી બાંધવામાં આવેલ આ યંત્રો, સૂર્ય, ચંદ્ર અને તારાઓની ગતિવિધિ જાણવા ઉપયોગી થાય છે. તેમાં સમ્રાટ નામનું સૂર્ય ઘડિયાળ વિશ્વ પ્રસિદ્ધ છે. સૂર્ય ઘડિયાળ સારી રચના છે. જમીન પર ખોડવામાં આવેલો સ્તંભનો પડછાયો સમય જાણવા માટે ઉપયોગી થાય છે.

જયપુરનું સમ્રાટ યંત્ર ૨૭ મીટર ઊંચુ છે અને તેનો પડછાયો દર સેકંડે એક મિલિમિટર ખસે છે. પડછાયાની આ ગતિ નરી આંખે પણ જોઈ શકાય છે. સમ્રાટ યંત્ર જયપુરના રેખાંશ ૨૭ ડિગ્રી જેટલું નમેલું છે ઉત્તર દક્ષિણ દિશામાં ગોઠવાયેલું આ યંત્ર ચોકસાઈપૂર્વક સમય દર્શાવે છે. જયપુર ખાતે આવતા પ્રવાસીઓ માટે જંતરમંતર આકર્ષણનું કેન્દ્ર છે.

# વુમન વર્લ્ડ

## વૃક્ષો બચાવવા માટે ૩૪ વર્ષની મહિલાએ કર્યા વૃક્ષ સાથે લગ્ન




લિથરલેન્ડ ટાઉ પાસેના રિમરોઝ વેલી પાર્કમાં વૃક્ષોને મરતા અને કપાતા બચાવવા માટે એક મહિલાએ એની સાથે લગ્ન કરી લીધા છે. કેટ કનિન્ઘમ નામની સોશિયલ વર્કરે પર્યાવરણસંરક્ષણ બાબતે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી આવું કર્યું છે. આ લગ્નનો સમારોહ તેના પપ્પાએ જ આયોજિત કર્યો હતો. નવાઈની વાત છે કે એમાં તેનો બોયફ્રેન્ડ અને તેના સંતાનો પણ હાજર રહ્યા હતા. વાત એમ છે કે લિવરપુલ પોર્ટ પરનો ટ્રાફિક ઘટાડવા માટે સ્થાનિક સરકાર આ વેલીમાંથી બાયપાસ બનાવવા માંગે છે અને એ માટે અહીંના સેંકડો વૃક્ષોની બલિ ચડી જાય એમછે. કેટે એલ્ડર પ્રજાતિના એક વૃક્ષ સાથે લગ્ન કર્યા હતા. અને પોતાના નામની પાછળ અટક પણ લગાવી હતી. તેણે હવે પોતાની નામ કેટ રોઝ એલ્ડર કરી લીધું છે. તેના આ અનોખા લગ્નમાં તેનો પરિવાર અને મિત્રો બધાં જ હાજર રહ્યા હતા.

## ઈન્ડિયન અમેરિકન એટર્ની શિરીન મેથ્યુની સધર્ન ડિસ્ટ્રિ. કેલિફોર્નિયા જજ તરીકે નિમણૂક



યુએસમાં સધર્ન ડિસ્ટ્રિક્ટ ઓફ કેલિફોર્નિયા જજ તરીકે ઈન્ડિયન અમેરિકન મહિલા એટર્ની શિરીન મેથ્યુની નિમણૂક થઈ છે. પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસની જ્યુડીશિયલ કોર્ટમાં આપેલી નિમણૂકોમાં તેમનો સમાવેશ કરાયો છે. તેમણે જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીમાંથી બી.એની ડિગ્રી તથા ડ્યુક યુનિવર્સિટી સ્કૂલ ઓફ લોમાંથી લો ડિગ્રી મેળવેલી છે.

## બે કલાકે બધુ ભુલી જાય છે આ ટીનેજર



અમેરિકાના શિકાગોમાં ૧૬ વર્ષની રિલે હોર્નર ફ્યુચર ફાર્મર્સ ઓફ અમિરકા કન્વેશનમાં એક ડાન્સ પર્ફોર્મન્સ આપી રહી હતી ત્યારે પડી જવાથી તેને માથામાં ઈજા થતાં તેનું મગજ ભુલક્કડ બની ગયું છે હવે તે માત્ર બે કલાક સુધીની વાતો જ યાદ રહે છે એ પહેલાની બધી વાતો યાદ રાખવા માટે તે ગજિનીના આમિર ખાનની જેમ ઘરમાં અને પર્સમાં ચબરખીઓ લખીને રાખે છે. આજની ઘડીએ તે શું કરે છે એ તેને બે કલાક પછી યાદ નતી રહેતું. તેને માત્ર પેલા ડાન્સ પર્ફોર્મન્સ સુધીની જિંદગી જ યાદ છે. એ પછીની દરેક ઘટનાઓ તેણે ચિઠ્ઠીમાં લખીને યાદ રાખવી પડે છે. બે કલાક પહેલા તેણે શું ખાધેલું તે પણ તેને યાદ નથી રહેતું.

## ઈંગ્લિશ ચેનલ ક્રોસ કરનારી સૌથી યુવાન ભારતીય સ્વિમર બની ગૌરવી





ઉદયપુરની ૧૬ વર્ષની ગૌરવી સિંઘવી ઈંગ્લિશ ચેનલ ક્રોસ કરનાર ભારતની સૌથી યુવાન સ્વીમર બની છે. સાઉથઈસ્ટ ઈંગ્લેન્ડમાં આવેલા સેમ્ફાયર હો બીચથી લઈને નોન ફ્રાન્સના કેપ ગ્રિસ નેઝ સુધીનું ૪૦ કિલોમીટરનું અંતર તેણે ૧૩ કલાક અને ૨૮ મિનિટમાં કવર કર્યુ હતું. આ સિદ્ધિ તેણે ૨૩ ઓગસ્ટે મેળવી હતી. તેણે અત્યાર સુધીમાં ૪૩ ગોલ્ડ, ૧૯ સિલ્વર અને પાંચ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ગૌરવીએ ગયા વર્ષે નવ કલાક અને ૨૨ મિનિટમાં જુહુથી લઈને ગેટવે ઓફ ઈન્ડિયા સુધીનું ૪૮ કિલોમીટરનો નવો નેશનલ રેકોર્ડ પણ બનાવ્યો હતો. ગૌરવીએ કહ્યું હતું કે, કોઈ પણ સ્વિમર મારે ઈંગ્લિશ ચેનલને ક્રોસ કરવી ખૂબ જ મુશ્કેલ ટાસ્ક છે. હું છેલ્લા બેવર્ષની પણ વધુ સમયથી આ તૈયાર કરી રહી હતી. મને ખાતરી હતી કે મારી પાસે એટલો સ્ટેમિના છે, પરંતુ મેન્ટલ ચેલેન્જ મારા માટે મોટો પ્રશ્ન હતો.

# કાયમ માટે એડીનો દુખાવો દૂર કરવા અપનાવો આ ટીપ્સ



સ્વાસ્થ્યથી જોડાયેલી નાની-મોટી સમસ્યા થવી સામાન્ય છે. જેમાથી એક છે એડીમાં દુખાવો થવો. પગની એડીમાં દુખાવો થવાથી ચાલવા ફરવામાં ખૂબ જ પરેશાની થાય છે અને શરીરના અન્ય ભાગમાં પણ દુખાવો થવા લાગે છે. સામાન્ય રીતે આ સમસ્યા કેટલાક જૂતા અને સેન્ડલ પહેરવાથી થાય છે. તે સિવાય ઈજા થવાના કારણે, પગ વાળવાથી, ઊંધની ગોળી, વધારે સમય ઉભા રહેવાથી, શરીરમાં પોષક તત્વોની ઉણપ, ડાયાબિટીસ, સ્થૂળતા અને હોર્મોન સંબંધિત દવાઓનું સેવન પણ આ દુખાવાનું કારણ બની શકે છે. આજે અમે તમને કેટલાક એવા નુસખા જણાવીશું જેનાથી એડીમાં થતા દુખાવાથી રાહત મળી શકે છે.

એડીના દુખાવાને દૂર કરવાનો ઉપાય

– એડીના દુખાવાથી છૂટકારો મેળવવા માટે પગને આરામ આપો અને પગ પર વધારે વજન ન પડવા દો.

– આ દુખાવાથી રાહત મેળવવા માટે બરફથી શેક કરવો ખૂબ ફાયદાકારક હોય છે. જેથી ૩-૪ કલાકમાં ૨૦-૩૦ મિનિટ સુધી એડી પર બરફ રગડો. નિયમિત રીતે આ ઉપાય કરવાથી દુખાવાથી રાહત મળી શકે છે.

– જો તમારી એડીમાં ખૂબ દુખાવો રહેતો હોય તો તમે સારી ક્વોલિટીના જૂતા પહેરો. જે તમારા પગ મુજબ કમ્ફર્ટેબલ હોય.

– એક્સસર્સાઈજ કરતા પહેલા સ્ટ્રેચિંગ વ્યાયામ જરૂરથી કરો. તેનાથી ન ફક્ત તમારી એડીનો દુખાવો દૂર થશે સાથે તેનાથી તમારા પગનું સંતુલન પણ યોગ્ય રહેશે.

– જો તમારી એડીમાં મચકોડ આવવાના કારણે દુખાવો રહે છે. તો સ્ટ્રૅંથનિંગ અને બેલેન્સ એક્સરસાઈઝ કરો. જેથી એડીમાં થતા દુખાવાથી રાહત મળી શકે છે.

# ખીચડો



સામગ્રી : ૪૦૦ ગ્રામ – છડેલા ઘઉં,૧૦૦ ગ્રામ – તુવેરની દાળ, ૫૦ ગ્રામ – ખારેકના ટૂકડા, ૩૦ ગ્રામ – શીંગદાણા, ૩૦ ગ્રામ – સૂકુ કોપરું, ૧૦–૨૫ નંગ – કાજૂના ટૂકડા, ૧૦–૨૦ નંગ – કિસમીસ, ૨–૩ નંગ – લવિંગ, ૨ નંગ – લવિંગના ટૂકડા, ૨ ચમચી – ઘી, ૧૦–૧૫ નંગ – બદામ, ૧/૨ ચમચી – જાયફળ પાવડર, ૧ ચમચી – ઇલાયચી પાવડર, ૭–૮ તાંતણા – કેસર

રીત : સૌ પ્રથમ છડેલા ઘઉંને ૧ લીટર હુંફાળા પાણીમાં ૭ થી ૮ કલાલ પલાળી રાખો. તે પછી ૪૦૦ મીલી લીટર પાણીમાં તુવેરની દાળને પણ ૭ થી ૮ કલાક પલાળો. હવે છડેલા ઘંઉ તથા તુવેરદાળ પલળી જાય પછી તેનું પાણી કાઢી નીતારી લેવું. ત્યાર પછી કુકરમાં ચમચી ઘી ગરમ કરો. તેમાં તજના ટુકડા તથા લવિંગ નાખી વઘાર મુકો. વઘાર આવી ગયા બાદ તેમાં પલાળેલા છડેલા ઘઉં તથા તુવેરદાળ શીંગદાણા નાખો. હવે તેમાં ૧૦૦ થી ૧૫૦ મીલી લીટર પાણી કે દુધ નાખી તેને બાફી લો. (બાફતી વખતે કુકરની ૩ થી ૪ સીટી વગાડવી.) છડેલા ઘઉં તથા તુવેરદાળ બફાઇ ગયા બાદ કુકરને ઠંડુ થવા દો. કુકર ઠડું થઇ ગયા બાદ બફાઇ ગયેલા ઘંઉ તથા તુવેરદાળમાં ખાંડ તથા ખારેક, કિસમીસ, બદામ, કાજુ ટુકડા, જાયફળ, એલાઇચી, દુધમાં પલાળેલું કેસર નાખી બધુ જ બરાબર હલાવી લો. ખાંડ ઓગળે ત્યાં સુધી હલાવતા રહેવું. તૈયાર છે ગળ્યો ખીચડો.

# ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ■ | |
| ■ | | ■ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | |
| ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | | ૧૯ | ■ | | ■ |
| | ■ | ૨૦ | | ■ | ■ | | ■ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | ■ | |
| ■ | | ■ | ૨૮ | | | ■ | ૨૯ | ૩૦ | |
| ૩૧ | | ■ | ૩૨ | | | | ■ | | ■ |
| ૩૩ | | | ■ | ૩૪ | | ■ | ૩૫ | | |

**આડી ચાવી :**

(૧) વલોપાત, સળવળાટ (૫)
(૪) ચડસાચડસી (૪)
(૭) સારથિ (૨)
(૮) આંખની કીકી (૨)
(૯) ખેપિયો, જાસૂર (૨)
(૧૦) નાનો તાલુકો (૩)
(૧૨) ઝેર, વિષ (૩)
(૧૩) તફાવત, ફેર (૩)
(૧૪) કબૂલ કરેલું, ફાવતું (૩)
(૧૬) કસ કાઢવાની રીત, પરખ (૩)
(૧૮) ડાઘા (૩)
(૨૦) એક તેજાનો (૨)
(૨૧) ઘાસની જમીન, ચરો (૨)
(૨૩) ક્રીડા, કાંત, પતિ (૩)
(૨૫) પહેલવાન (૨)
(૨૮) રાજાનું નિવાસસ્થાન (૩)
(૨૯) સ્તુતિ (૩)
(૩૧) એક અનાજ, જુવાર (૨)
(૩૨) ઢોર, પશુ (૪)
(૩૩) રોંચું, અણસમજુ (૩)
(૩૪) કાંઠો, કિનારો (૩)
(૩૫) પહેલું સગું .................. (૩)

**ઊભી ચાવી :**

(૧) ભ્રમ, શક, સંદેહ (૩)
(૨) આમદાની, મહેસૂલ (૩)
(૩) પાટુ, લતાડ (૨)
(૪) ભ્રમર, ભમરો (૩)
(૫) બોલી, વાણી (૨)
(૬) આદરસત્કાર, સેવાચાકરી (૪)
(૮) ધાતુના તાર ખેંચનારો (૪)
(૧૧) હરકત, હાનિ (૩)
(૧૨) ખપ, સ્વાર્થ, જરૂર (૩)
(૧૫) ઘટિત, યોગ્ય (૩)
(૧૬) અલગાર, હાર (૩)
(૧૭) ભાથું, નાસ્તો (૩)
(૧૯) ટોણો, મહેણું (૨)
(૨૨) બારનો સમૂહ (૩)
(૨૪) સુંદર સ્ત્રી (૪)
(૨૫) શ્રમ (૪)
(૨૬) કપાળ, ભાલ (૪)
(૨૭) હાથ (૨)
(૨૮) આનંદ, લહેર (૨)
(૩૦) ઓસરી, પડાળી (૩)
(૩૧) જાગવું તે, યજ્ઞ (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૯

# ટ્રાન્સ યુનિયનમાંથી ડેટા હેક થઈ જતાં ૩૭૦૦૦થી વધુ કેનેડીયનોને અસર

**• એક્સેસ કોડનો ઉપયોગ કરી આ વર્ષના જુન ૨૮ અને જુલાઈ ૧૧ વચ્ચેના ડેટા તફડાવાયા**

ટોરન્ટો- એક મોટાં ગજાની ક્રેડીટ રેટિંગ એજન્સી દ્વારા સંચાલિત ડેટાબેઝમાંથી એક હેકરે ગત ઉનાળામાં લાખો કેનેડીયનોના આર્થિક ડેટા હેક કરી લીધાં હતાં. ઉપભોક્તાઓના ક્રેડીટ રિપોર્ટ તૈયાર કરી બીઝનેસ સંબંધી ઓન લાઈન માહિતી પુરી પાડતી તથા કેનેડામાં કામ કરતી ભારે લોકપ્રિય ક્રેડીટ રેટિંગ એજન્સી ટ્રાન્સ યુનિયનમાંથી ટ્રાન્સ યુનિયનના ગ્રાહકોના એકસેસ કોડ તફડાવી લઈ ડેટા હેક કરી લેવાયાં હતાં.

ટ્રાન્સ યુનિયનના એક પ્રવક્તાએ મીડિયાને જણાવ્યું હતું ક, ડેટાની ચોરી થઈ એનો અર્થ એવો નથી કે ટ્રાન્સ યુનિયનને કોઈ ભંગ કર્યો છે, અથવા તો અમારી કે ગ્રાહકોને આપવામાં આવેલી સિસ્ટમ નિષ્ફળ ગઈ છે. ગ્રાહકોની માહિતીનું રક્ષણ કરવું એ અમારી ટોચની અગ્રીમતા છે અને ૩૭,૦૦૦ ગ્રાહકોની માહિતીનું રક્ષણ કરવામાં આવે છે.

પ્રાઈવસિ કમિશનર્સની માહિતી હેક કરવામાં આવી છે જે ગ્રાહકોની માહિતી હેક થઈ છે એ તમામને જાણ કરવામાં આવી છે. આ ક્રેડિટ રેટિંગ એજન્સીની ફાઈલોમાં ગ્રાહકો પર રહેલાં જુદા જુદા લેણા, તેમની આવક, વિવિધ ચૂકવણીની વિગતોની સાત વર્ષની માહિતી રાખવામાં આવી છે. આ માહિતીમાં વ્યક્તિના સોશ્યલ ઈન્શ્યોરન્સ નંબરનો પણ સમાવેશ થાય છે. આઈટી વર્લ્ડ કેનેડાના અહેવાલ અનુસાર હેકરે સીડબ્લ્યુબી નેશનલ કેનેડા પાસે રહેલા એક્સેસ કોડનો ઉપયોગ કરી આ વર્ષના જુન ૨૮ અને જુલાઈ ૧૧ વચ્ચેના ડેટાની ચોરી કરી છે. આ બનાવ ટ્રાન્સ યુનિયનની કટ્ટર હરિફ ઈક્વિફેક્ષના ૨૦૧૭માં બનેલા બનાવની યાદ અપાવે છે.

# હેમિલ્ટન સ્કૂલ નજીક છુરાબાજી ચાર કિશોર પર મુકાયો આરોપ

**• છૂરો ભોંકી એકની હત્યા કરાતા પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ**



હોલ્ટન : હેમિલ્ટન હાઈસ્કુલની બહાર એક ૧૪ વર્ષીય કિશોર પર છુરો ભોંકી દઈ હત્યા કરવાના ગંભીર આરોપોનો ચાર કિશોરો સામનો કરી રહ્યાં છે એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે મૂળતઃ સર વિન્સ્ટન ચર્ચીલ સેકન્ડરી સ્કૂલના એક ૧૪ વર્ષીય કિશોર ડેવન સેલવીના મોત બાદ તુરંત ૧૮ વર્ષીય યુવકની ધરપકડ કરી હતી. બપોરે પત્રકાર પરિષદમાં પોલીસે જણાવ્યું હતું કે, અત્યાર સુધી આ બનાવમાં એક કિશોર અને ૧૬ વર્ષીય છોકરીની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, સ્કુલની બાજુમાંથી એક ચપ્પુ મળી આવ્યું હતું, તેના વડે સેલવીની હત્યા થઈ હતી. તપાસ કરનારાઓએ કહ્યું હતું કે મૃતકની માતાની હાજરીમાં સોમવારે બપોરે ૧.૦૦ કલાકે કિશોરીનું મૃત્યુ થઈ ગયું હતું. પોલીસ માને છે કે, આ હત્યાનું કાવતરું અગાઉ ઘડી કાઢવામાં આવ્યું હતું.

# બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયો દ્વારા દુર્ગાષ્ટમી નિમિત્તે હવનનું આયોજન



ઓન્ટેરિયો : ગત રવિવારે દુર્ગાષ્ટમીના પાવન અવસરે બ્રાહ્મીન સમાજ ઓફ ઓન્ટેરિયો દ્વારા દુર્ગા મંદિર સ્કારબોરો ખાતે અષ્ટમીનો હવન યોજાયો હતો. જેમાં સૌએ આહૂતી આપી હતી. આશરે ૩૦૦થી વધુ લોકોની હાજરીમાં શાસ્ત્રીજી પુરુષોત્તમભાઈ અને તેમના દિકરા દ્વારા ૨૫ યજમાનોના સથવારે મંત્રોચ્ચાર કરાયા હતા. યજ્ઞ પૂર્ણ થયા બાદ શ્રી હરિનું સ્વાદિષ્ટ ફુડ સૌએ માણ્યું હતુ. અંતમાં પ્રસાદ લઈને સૌ છૂટા પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા બીએસઓ કમિટિએ ભારે જહેમત ઉઠાવી હતી.

# અદ્રશ્ય બ્રહ્માંડ, બીજું સૌર મંડળ શોધનારા ત્રણ વિજ્ઞાનીઓને ભૌતિકશાસ્ત્રનું નોબેલ

**• મૂળ કેનેડાના જેમ્સ પેબલ્સ, માઈકલ મેયર, દિદિઅર ક્વેલોઝનું સન્માન : ૯,૧૦,૦૦૦ ડોલરનું ઈનામની જાહેરાત**



સ્ટોકહોમ : સ્વીડનની નોબેલ પ્રાઈઝ સમિતિએ આજે ભૌતિકશાસ્ત્ર (ફિજિક્સ)ના નોબેલ પ્રાઈઝની જાહેરાત કરી હતી. આ પ્રાઈઝ ત્રણ વિજ્ઞાનીઓ જેમ્સ પેબલ્સ, માઈકલ મેયર તથા દિદિઅર ક્વેલોઝને સંયુક્ત રીતે અપાયું છે. જેમ્સ પેબલ્સે બ્રહ્માંડ અંગેની સમજ વિસ્તારી છે, તો મેયર અને ક્વેલોઝે સુર્યમાળાની બહાર પૃથ્વીની માફક પરિક્રમા કરતા ગ્રહ અને સુર્ય જેવા તારાની શોધ કરી છે.

આ ત્રણેય સંશોધકોને એ માટે કુલ ૯,૧૦,૦૦૦ ડૉલરની રકમ મળશે. રમકની વહેંચણી જોકે સરખે ભાગે નહીં થાય. અડધી રકમ પેબલને મળશે, જ્યારે બાકીની અડધી બીજા બે વિજ્ઞાનીઓ વચ્ચે વહેંચાશે. નોબેલ સમિતિએ પોતાની સત્તાવાર નોંધમાં જણાવ્યું હતું કે બ્રહ્માંડને સમજવાના ખ્યાલોને ધરમૂળથી બદલાવું કામ પેબલ્સના સંશોધને કર્યું છે. પેબલે એવુ મોડેલ વિકસાવ્યું છે, જેનાથી અદશ્ય રહેતા ૯૫ ટકા બ્રહ્માંડની હાજરીના પૂરાવા મળી શકે છે.



# કેનેડા અને અમેરિકાના પ્રતિસ્પર્ધાત્મક અર્થતંત્રોના રેન્કિંગ ઘટ્યા

## વર્લ્ડ ઈકોનોમી ફોરમે અહેવાલ પ્રસિદ્ધ કર્યો, હોંગકોંગ, ધ નેધરલેન્ડ્સ અને સ્વિત્ઝર્લેન્ડનો ટોપ ફાઈવમાં સમાવેશ

જીનીવાઃ વર્લ્ડ ઈકોનોમી ફોરમે બુધવારે એના એક અહેવાલમાં જણાવ્યું હતું કે, અમેરિકા અને કેનેડાના અર્થતંત્રો ગયા વર્ષ કરતાં ઓછી સ્પર્ધા ધરાવતા હતા. એક દાયકા સુધી કેન્દ્રિય બેંકો તરફથી સસ્તી મૂડી મળતી હોવા છતાં વિશ્વનું અર્થતંત્ર ઓછી ઉત્પાદક ક્ષમતાને કારણે હચમચી ઉઠ્યું હતું. ઉત્પાદકતા તથા લાંબા અને ટૂંકા ગાળાનાં આર્થિક વિકાસ સંબંધી પરિબળો અને સ્રોતો સંબંધે આ સંસ્થાએ સ્વિત્ઝર્લેન્ડનાં સ્કી રિસોર્ટ ખાતે યોજેલી વાર્ષિક ચર્ચા ભારે જાણીતી બની હતી.

તેની એક નવી સમીક્ષામાં જણાવવામાં આવ્યું હતું કે સિંગાપોર અમેરિકા જેવી સ્પર્ધાત્મકતા મેળવતું જાય છે.

ગ્લોબલ કોમ્પિટિટીવનેસ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, અમેરિકા ધીમે ધીમે તેનું મહત્વ ગુમાવતું જાય છે અને તંદુરસ્ત જીવનની અપેક્ષા તથા ૨૧મી સદીમાં જરૂરી કૌશલ્ય માટેની તૈયારીમાં પણ પાછું પડતું જાય છે.

હોંગકોંગ, ધ નેધરલેન્ડ્સ અને સ્વિત્ઝર્લેન્ડ આ રેંકિંગમાં ટોચના પાંચમાં સ્થાન ધરાવે છે. કેનેડા બે સ્થાન નીચે આવી ગયું છે અને દેશનું અર્થતંત્ર બાહ્ય આંચકાઓથી ધ્રૂજી ઉઠ્યું છે. વિશ્વની તંગદિલીની તેના અર્થતંત્ર પર વિપરિત અસર પડી છે.

વેપાર ઉદ્યોગ માટે અનુકૂળ વાતાવરણમાં ધીમે ધીમે બગાડ પ્રવેશી રહ્યો છે અને વેપાર ક્ષેત્રે નકારાત્મક વિચારોવાળા નેતાઓને કારણે અર્થતંત્રને સહન કરવું પડ્યું છે.

વધુમાં રિપોર્ટ જણાવે છે કે, મોબાઈલ, બ્રોડબેન્ડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તેના ઉપયોગમાં ભારે મોટું મૂડીરોકાણ થઈ રહ્યું છે. સંશોધન અને વિકાસ માટે કંપનીઓ, યુનિવર્સિટીઓ અને સંશોધન કેન્દ્રો વચ્ચે સહકાર અને સંકલન વધી રહ્યાં છે, તે કેનેડાની સ્પર્ધાત્મકતામાં વધારો કરશે.

રિપોર્ટના સૂચકાંકમાં જે ૧૪૧ અર્થતંત્રની સ્પર્ધાત્મકતાની જે રૂપરેખા તૈયાર કરવામાં આવી છે તેમાં ૧૦૦થી વધુ સૂચકાંકો અને એક ડઝન કક્ષાનો સમાવેશ થાય છે. આ કક્ષામાં આરોગ્ય, આર્થિક પ્રણાલિકા, બજારનું કદ, વેપાર ઉદ્યોગની ગતિશીલતા તથા શોધખોળની ક્ષમતાનો સમાવેશ થાય છે.

# સનાતન મંદિરમાં નવરાત્રી મહોત્સવની ધૂમઃ વિજેતા ખેલૈયાઓને ઈનામ અપાયા

ઓન્ટેરિયો : સનાતન મંદિરમાં નવરાત્રી દરમ્યાન માતાજીની પૂજા, માં-ચંડીના પાઠ,નવ-ચંડી હવન શાસ્ત્રીજી રશ્મીભાઈ અને અક્ષયભાઈના માર્ગદર્શન હેઠળ થયા હતા. નવલી-નવરાત્રીનું સમગ્ર આયોજન ધાર્મિક-સમિતિના વી.પી. ગોકુળભાઈ ખત્રી તથા શર્મિષ્ઠા બેન જોષી દ્વારા થયું હતુ. ગુરુવારે સવારે તા.૨૬મીએ ચીમનભાઈ, કંચનભાઈ, મનહરભાઈ જશભાઈ અને ગોકુલભાઈએ માતાજીની ગરબી મંદિર મધ્યે ગોઠવી હતી. રવિવારે તા. ૨૯ સપ્ટેમ્બરે સવારે માતાજીના સ્થાપન-પૂજન માટે મુર્તિ-ડોનર ઉર્મિલાબેન કાન્તીભાઈ, પ્રાણ-પ્રતિષ્ઠાના ડોનર મિલ્પ્લેક્ષના નટુભાઈ, પ્રવીણભાઈ, પ્રફુલાબેન, પરીન્દાબેન, ભારતીબેન સુરેશભાઈ, સુમનબેન કાન્તીભાઈ રાજાને આમંત્રિત કરાયા હતા.

પૂજા બાદ વાજતે-ગાજતે ઢોલ-નગારા સહિત માતાજીની છબીને મધ્યે ગરબીમાં પધરાવાઈ હતી. કુમ-કુમના પગલા સાથે માં-અંબાના ગરબાની શરૂઆત થઈ હતી. રાસ-ગરબા માટે ટોરન્ટોના પ્રખ્યાત કલાકારો સચિન જોષી, પુરુષોત્તમભાઈ પંડ્યા ગ્રુપ, પ્રોફ.ડો.જયેન્દ્રભાઈ, હિતેશભાઈ પેશાવરીયાનું નવરંગ ગ્રુપ, સ્વર-કોકિલા વૈશાલીબેન, ચંદાબેન, અમીતાબેન, પ્રીતીબેન, ભારતીબેન સહભાગી બન્યા હતા.



શુક્રવારે અજબની રાસ-ગરબા હરીફાઈ સીમાબેન દ્વારા યોજાઈ હતી. જેમાં ભારતીબેન મિસ્ત્રી,ડો.સોનલબેન ભટ્ટ અને ચન્દ્રકલાબેન જોષીએ અમેરિકાથી આવી જજ તરીકે સેવા આપી હતી. મંદિરના પ્રમુખ પંકજભાઈના હસ્તે ઈનામનું વિતરણ થયું હતુ.

# કેનેડામાં સંપત્તિનું મૂલ્ય શહેરો અને સબર્બન પર આધારિત

- સરવેમાં શહેરની મિલકતોનું મૂલ્ય પરાની મિલકતોની સરખામણમાં તદ્દન ઓછું

ટોરન્ટો : કેનેડિયન પરિવારોની સંપત્તિનું મૂલ્ય આજકાલ જે શહેરોમાં છે કે પરાઓમાં છે તેના પર આધાર રાખે છે. વેલ્થ કેપ્સ સર્વે એંવારોનીક્સ એનાલિટિક્સ તરફથી હાથ ધરવામાં આવ્યો હતો અને તેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે, શહેરની મિલ્કતો કરતા પરાની મિલકતોનું મૂલ્ય જોઈએ તેવું જણાયું નહોતું. ૨૦૧૮માં પરાઓના પરિવારોની મિલકતોનું મૂલ્ય સંતોષકારક નહોતું. પણ તેનો અર્થ તેવો નથી કે, શહેરોનું અર્થતંત્ર વધુ મજબૂત હતું કે, અહીંના રિયલ એસ્ટેટ માર્કેટમાં નોકરીઓની સારી તક હતી. શહેરોમાં પરાઓના મકાનો કરતા ઉંચી કિંમતો હતી અને તે છતાં છેલ્લા કેટલાક વર્ષથી કેનેડિયન પરિવારોની સંપત્તિમાં વધારો થઈ રહ્યો છે. ટોરન્ટો ખાતે શહેરી મકાનોના ભાવમાં ૦.૬%નો વધારો થતા ૨૦૧૮માં એક મકાનની કિંમત ૯,૫૯,૯૪૬ ડોલર હતી. જયારે ૯૦૫ જેટલા પરાઓમાં મિલકતોની કિંમતોમાં ૦.૬%ના ઘટાડા સાથે એક મકાનની કિંમત ૯,૯૭,૦૦૦ ડોલર હતી. મોન્ટ્રિયલમાં શહેરી અને પરાઓના મકાનોની કિંમતમાં ઘટાડો થયો હતો. તે છતાં શહેરોના મકાનોના ભાવ સારી રીતે સ્થિર રહ્યા હતા. શહેરમાં ૦.૩% તેની સરખામણીમાં પરાઓમાં -૧.૧% નો ઘટાડો થયો હતો. વેનકુંવરમાં અપવાદ રહ્યો હતો અને અહીં પરાઓ કરતા શહેરની મિલકતોમાં બહુ ઝડપી ઘટાડો થયો હતો.







# ઈરાકમાં સતત ચોથા દિવસે પણ હિંસક અથડામણ : મૃત્યાંક વધીને ૧૦૦ને પાર

• બગદાદમાંથી કર્ફ્યુ હટાવાયો , સ્થિતિ હજુ ગંભીર, ભ્રષ્ટાચાર અને બેરોજગારી સામે આંદોલન



બગદાદ : ઈરાકના પાટનગર બગદાદ સહિત આખા દેશમાં સતત ચોથા દિવસે પણ  ભ્રષ્ટાચાર અને બેરાજગારી સામેના આંદોલનમાં પોલીસ સાથેની અથડામણમાં એક સો કરતાં વધુ લોકો માર્યા જતાં ફાયરબ્રાન્ડ મૌલ્વી મોકતદા સદરે સરકારને રાજીનામું આપવાની હાકલ કરી હતી. આખા ઈરાકમાં ચાલી રહેલા આંદોલનમાં માત્ર ચાર જ દિવસમાં એક સો ઉપરાંત લોકોના મોત થયા હતા, એમ માનવ અધિકાર પંચે કહ્યું હતું. જો કે માર્યા ગયેલાઓમાં કેટલાક નાગરિક અને કેટલા સૈનિકો હતા તેનો કોઈ જ ખુલાસો કર્યો નહતો. છેલ્લા આંકડા મુજબ, પાટનગરની એક જ હોસ્પિટલમાં ૧૮ જણા માર્યા ગયા હોવાની નોંધ કરાઈ હતી. ઉપરાંત ૧૮૦૦ કરતાં વધુ લોકો ઘાયલ થયા હતા. જો કે આ આંકડો વધે તેવી શક્યતા હોવાનું તેમણે કહ્યું હતું. સંસદમાં સૌથી મોટી સંખ્યા ધરાવતા શિયા મૌલ્વીએ એક નિવેદનમાં કહ્યું હતું કે  વધુ લોકોને મરતા બચાવવા માટે સરકારે રાજીનામું આપી દેવું જોઈએ અને સંયુક્ત રાષ્ટ્રસંઘના નેજા હેઠળ ફરીથી ચૂંટણી યોજવી જોઈએ.

# તુર્કી હદ પાર કરશે તો અર્થતંત્ર તોડી નાંખીશું : ટ્રમ્પ દ્વારા ધમકી

વોશિંગ્ટન : જગત જમાદાર અને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ફરી વાર દાદાગીરી કરતાં તુર્કીને ધમકી આપી હતી કે તે સિરીયાની બાબતમાં હદમાં રહે નહીંતર એની આૃર્થ વ્યવસૃથાને બરબાદ કરી નાંખશે.

અગાઉ અમેરિકાએ તુર્કીની સરહદેથી અમેરિકી સેનાને ખસેડી લેવાની પણ જાહેરાત કરી હતી. એ નિર્ણયને યોગ્ય ઠેરવતા ટ્રમ્પે કહ્યું હતું કે  તુર્કીમાં હાલમાં જે  સિૃથતિ ઊભી થઈ છે તે માટે તે પોતે જ જવાબદાર છે અને તેણે પોતે જ એનો સામનો પણ કરવો પડશે. ટ્વિટ કરીને ટ્રમ્પે કહ્યું હતું કે ’ મેં અગાઉ પણ કહ્યું હતું અને ફરીવાર કહું છું કે જો તુર્કી એવું કંઈ કરશે જે મારી નજરમાં હદ બહાર હશે તો હું તુર્કીની આખા અર્થ વ્યવસ્થાને ખલાસ કરી દઈશ’. અગાઉ ટ્રમ્પે કુર્દોની સમસ્યા તુર્કી પોતે જ ઉકેલે એવી સલાહ તૈયબ અર્દગાનને આપી હતી. આ વખતે તેમણે ટ્વિટ કરી લખ્યું હતું કે ’તુર્કી, યુરોપ,સીરિયા, ઈરાન, ઈરાક, રશિયા અને કુર્દને તેમની સમસ્યાઓને પોતે જ ઉકેલવી પડશે. પોતપોતાના દેશમાંથી પકડાયેલા આઈએસના જેહાદીઓનો ન્યાય પણ પોતે જ કરે. મોટા ભાગે લડાઈ તો કબાઈલી-આદિવાસી પરિવારો વચ્ચે જ થઈ રહી છે.પરંતુ હવે  અંતહિન યુધૃધમાંથી નીકળી જવાનો સમય આવી ગયો છે.

# ફોનમાં વપરાતી લિથિયમ બેટરીના ડેવલપરોને કેમેસ્ટ્રીનું નોબેલ મળ્યું

• પ્રોફેસર જોન ગૂડનાવ ૯૭ વર્ષની વયે નોબેલ મેળવનારા સૌથી મોટા સંશોધક બન્યા

સ્ટોકહોમ : સ્વીડનની રોયલ એકેડમી ઓફ સાયન્સે આજે કેમેસ્ટ્રી (રસાયણશાસ્ત્ર)નું નોબેલ પ્રાઈઝ જાહેર કર્યું હતું. આ વખતનું નોબેલ પોર્ટેબલ લિથિયમ-આયન બેટરીના ડેવલપમેન્ટ માટે ત્રણ સંશોધકોને સંયુક્ત રીતે આપવામાં આવ્યું છે. આ ત્રણ સંશોધકોમાં અમેરિકાની યુનિવર્સિટી ઓફ ટેક્સાસના પ્રોફેસર જોન બી ગૂડનાવ, ન્યુયોર્ક સ્ટેટ યુનિવર્સિટીના પ્રોફેસર સ્ટેનલી વિટિંગહામ અને જાપાનના મેઈજો યુનિવર્સિટીના સંશોધક અકિરા યોશિનોનો સમાવેશ થાય છે. એમાંય પ્રોફેસર ગૂડવાન અત્યારે ૯૭ વર્ષના છે. તેઓ નોબેલ મેળવનારા અત્યાર સુધીના સૌથી મોટી ઊંમરના સંશોધક બન્યાં છે. નોબેલ સમિતિએ પોતાની સત્તાવાર જાહેરાતમાં કહ્યું છે કે આ ત્રણેય સંશોધકોએ પોર્ટેબલ લિથિયમ આયન બેટરી તૈયાર કરી છે, માટે તેમને નોબેલ મળી રહ્યું છે. લિથિયમ-આયન બેટરી એ આખા જગતમાં સૌથી વધુ વપરાતી પોર્ટેબલ બેટરી છે.

# અફઘાનિસ્તાનમાં તાલિબાનોના સફાયા માટે ઓપરેશન ‘ઓલઆઉટ’ : ૮૯ આતંકી ઠાર



કાબુલ : તાલિબાન અને અમેરિકા વચ્ચે વાતચીત પડી ભાંગવા છતાં અફઘાનિસ્તાનમાં આતંકીઓ વિરૂદ્ધ એક વ્યાપક અભિયાન ચલાવાઈ રહ્યું છે. તેમાં અત્યાર સુધીમાં ૮૯ આતંકીઓ માર્યા ગયા છે જ્યારે અન્ય ૬૭ ઈજાગ્રસ્ત થયા છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા રોહુલ્લાહ અહમદજઈએ જણાવ્યું કે આખા અફઘાનિસ્તાનમાં તાલિબાન વિરૂદ્ધ ઓપરેશન ચાલી રહ્યા છે. અનેક ક્ષેત્રોમાં તાલિબાને પીછેહઠ કરવી પડી છે.

રોહુલ્લાહ અહેમદજઈએ જણાવ્યું કે સલામતી દળોએ તાહર પ્રાંતના બહાર્ક જિલ્લાને ફરીથી તેના નિયંત્રણમાં લઈ લીધું છે. અફઘાનિસ્તાનમાં લાંબા સમયથી તાલિબાનના આતંકીઓ અને સલામતી દળો વચ્ચે આંતરિક લડાઈ ચાલી રહી છે. અનેક જગ્યાએ તાલિબાનોએ પીછેહઠ કરવાની ફરજ પડી છે.  છેલ્લા ૨૪ કલાકમાં તાહર પ્રાંતમાં જ ૮૯ તાલિબાનોને ઠાર મરાયા છે એન અન્ય ૬૭ને ઈજા પહોંચી છે. અફઘાનિસ્તાનની સરકાર લગભગ બે દાયકાથી આંતરિક આતંકી જૂથોનો સફાયો કરી રહી છે.




# સાઉથ આફ્રિકા સામે મયંકની સતત બીજી સદી: ભારત મજબૂત સ્થિતિમાં

## પૂજારા-કોહલીની અડધી સદી : સુકાની તરીકે કોહલીની ૫૦ ટેસ્ટ પૂરી



પુણે : ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે અહીં રમાતી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં પ્રારંભિક દિવસની રમતના અંતે યજમાન ટીમે રમત ઉપર પોતાનું પ્રભુત્વ મેળવી લીધું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ભારતે ઓપનર મયંક અગ્રવાલની શાનદાર સદી (૧૦૮) તથા ચેતેશ્વર પૂજારા (૫૮) અને સુકાની વિરાટ કોહલીના અણનમ ૬૩ રનની મદદથી પ્રથમ દિવસના સ્ટમ્પના સમયે ત્રણ વિકેટે ૨૭૩ રન નોંધાવી લીધા હતા. સાઉથ આફ્રિકા માટે કાગિસો રબાડા સૌથી સફળ બોલર રહ્યો હતો અને તેણે ૩૮ રનમાં ત્રણ વિકેટ ખેરવી હતી. રમતના અંતે કોહલીની સાથે ઉપસુકાની અજિંક્ય રહાણે ૧૮ રન બનાવીને રમી રહ્યો હતો. ખરાબ પ્રકાશના કારણે પ્રથમ દિવસની રમતને ૪.૫ ઓવર વહેલી બંધ કરવામાં આવી હતી.

બેટિંગ માટે આસાન જણાતી પિચ ઉપર મયંક અને રોહિત શર્માએ ભારત માટે ઈનિંગ્સનો પ્રારંભ કર્યો હતો. વિશાખાપટ્ટનમ ટેસ્ટના બંને દાવમાં સદી ફટકારનાર રોહિત માત્ર ૧૪ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. રબાડાએ પેસ તથા એક્સ્ટ્રા બાઉન્સ દ્વારા રોહિતને વિકેટકીપર ડી કોકના હાથે કેચઆઉટ કરાવ્યો હતો.

ભારતીય ક્રિકેટ સુકાની વિરાટ કોહલીએ ટોસ માટે પૂણેના ગ્રાઉન્ડ ઉપર પગ મૂક્યો કે તેણે વધુ એક સિદ્ધિ પોતાના નામે કરી લીધી હતી. ભારત તરફથી ૫૦ ટેસ્ટમાં કેપ્ટનશિપ કરવાના મામલે કોહલી બીજા ક્રમે પહોંચી ગયો છે. કોહલી પહેલાં મહેન્દ્રસિંહ ધોની એક માત્ર એવો સુકાની છે જેણે ૫૦ કરતાં વધારે ટેસ્ટમાં ભારતીય ટીમની કેપ્ટનશિપ કરી છે.

### કાગિસો રબાડાએ રોહિત શર્માને ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ૮મી વખત આઉટ કર્યો

બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ઓપનર રોહિત શર્મા ૧૪ રન બનાવીને સાઉથ આફ્રિકન બોલર કાગિસો રબાડાની બોલિંગમાં આઉટ થયો હતો. રોહિતને આઉટ કરવાની સાથે રબાડાએ એક અનોખો વિક્રમ તોડયો હતો. રોહિતને ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધારે વખત આઉટ કરનાર બીજો બોલ બની ગયો છે. રબાડાએ ઓવરઓલ રોહિતને આઠ વખત આઉટ કર્યો છે. આ સાથે તે ન્યૂઝીલેન્ડના ટ્રેન્ટ બાઉલ્ટ તથા ટિમ સાઉથીની હરોળમાં આવી ગયો છે. આ બંને કિવિ બોલર્સે રોહિતને ૮-૮ વખત પેવેલિયન પરત મોકલ્યો હતો. રબાડાએ સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ પેસ બોલર મોર્ને મોર્કેલના રેકોર્ડને પણ તોડી નાખ્યો હતો. મોર્કેલે રોહિતને સાત વખત આઉટ કર્યો હતો. રોહિતને ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સર્વાધિક વખત આઉટ કરવાના મામલે શ્રીલંકાનો એન્જેલો મેથ્યુઝ ટોચના ક્રમે છે. મેથ્યૂઝે અત્યાર સુધી રોહિતને સૌથી વધારે ૧૦ વખત આઉટ કર્યો છે.

### બે દશકા કરતા વધારે ઈન્ટરનેશનલ ક્રિકેટ રમનાર મિતાલી પ્રથમ મહિલા ક્રિકેટર



વડોદરા : ભારતની પૂર્વ સુકાની મિતાલી રાજ ૨૦ વર્ષ કરતાં વધારે ઈન્ટરનેશનલ ક્રિકેટ રમનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઈ છે. સાઉથ આફ્રિકા સામેની પ્રતમ વન ડે મેચમાં આઠ વિકેટે મલેલા વિજયની સાથે મિતાલીએ આ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. મિતાલીએ ૧૯૯૯ની ૨૬મી જૂને આયરલેન્ડ સામે પોતાની પ્રથમ વન ડે રમી હતી. તેણે ૫૦ ઓવર્સની ફોર્મેટમાં ૨૦ વર્ષ ૧૦૫ દિવસ પૂરા કરી લીધા છે. તે ૨૦ વર્ષ સુધી વન ડે ક્રિકેટ રમનાર એકમાત્ર મહિલા ક્રિકેટર છે. મેન્સ ક્રિકેટમાં ૨૦ વર્ષ કરતા વધારે ક્રિકેટ રમનાર ખેલાડીઓમાં માત્ર સચિન તેંડુલકર (૨૨ વર્ષ ૯૧ દિવસ), શ્રીલંકાના સનત જયસૂર્યા (૨૧ વર્ષ ૧૮૪ દિવસ) અને જાવેદ મિયાદાદ (૨૦ વર્ષ ૨૭૨ દિવસ)નો સમાવેશ થાય છે.

# વિમેન્સ બોક્સિંગ ચેમ્પિયનશીપ: કોલમ્બિયાની વેલેન્સિયાને હરાવી મેરી કોમ સેમી ફાઈનલમાં



ઉલાન-ઉદે (રશિયા) : છ વખતની ચેમ્પિયન એમસી મેરીકોમે (૫૧ કિલોગ્રામ) વર્લ્ડ વિમેન્સ બોક્સિંગ ચેમ્પિયનશિપની સેમિફાઈનલમાં પહોંચીને પોતાનો આઠમો મેડલ નિશ્ચિત કરી લીધો હતો. આ ચેમ્પિયન બોક્સરે ક્વાર્ટર ફાઈનલમાં રિયો ઓલિમ્પિક્સની બ્રોન્ઝ મેડાલિસ્ટ કોલમ્બિયાની ઈર્નાગ્રેટ વેલેન્સિયાને ૫-૦ના સ્કોરથી હરાવી હતી. મેરીકોમ ૫૧ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં પોતાનો પ્રથમ વર્લ્ડ મેડલ જીતવાનો પ્રયાસ કરી રહી છે. ૪૮ કિલોગ્રામ કેટેગરીમાં છ વખત વર્લ્ડ ચેમ્પિયન બની ચૂકેલી મેરીકોમ માટે ૫૧ કિલોગ્રામ કેટેગરીમાં પ્રથમ મેડલ રહેશે. જોકે તે આ વેઈટ કેટેગરીમાં ૨૦૧૪ એશિયન ગેમ્સમાં ગોલ્ડ તથા ૨૦૧૮ની એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ પણ જીતી ચૂકી છે. તેણે આ જ કેટેગરીમાં લંડન ઓલિમ્પિકનો બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.

મુકાબલાની મેરીકોમે સારી શરૂઆત કરી હતી અને હરીફ બોક્સર સાથે થોડુંક અંતર રાખીને તેણે ડાબા તથા જમણા જેબ પંચનો ઉપયોગ કર્યો હતો.

### જમુના અને લવલિના પણ ક્વાર્ટર ફાઈનલમાં

ઉલાન-ઉદે (રશિયા) : ભારતીય બોક્સર જમુના બોરો અને લવલીના બોર્ગોહાઈને શાનદાર દેખાવ જારી રાખતાં વર્લ્ડ ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. જમુના બોરોએ ૫૪ કિગ્રા વજન વર્ગની ઈવેન્ટમાં અલ્જેરિયાની ઔડાડ સ્ફોહેને ૫-૦થી પરાસ્ત કરી હતી. જ્યારે લવલીનાએ ૬૯ કિગ્રા વજન વર્ગની ઈવેન્ટમાં મોરક્કોની ઓમાયમા બેલ અહબીબને ૫-૦થી પછડાટ આપતાં અંતિમ આઠમાં સ્થાન હાંસલ કર્યું હતુ. આ સાથે ભારતની પાંચ બોક્સરોએ અંતિમ આઠમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતુ. જમુના અને લવલીના અગાઉ છ વખતની વર્લ્ડ ચેમ્પિયન મેરી કોમે ૫૧ કિગ્રા વજન વર્ગમાં, મંજુ રાનીએ ૪૮ કિગ્રા વજન વર્ગમાં અને કવિતા ચહલે ૮૧થી વધુના વજન વર્ગમાં અંતિમ આઠમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# ૩ ટી-૨૦: શ્રીલંકાનો પાક. સામે વિજય, ૩-૦થી ક્લિન સ્વિપ કરી



લાહોર : પોતાની પદાર્પણ મેચ રમી રહેલા ઓસાદા ફર્નાન્ડોના અણનમ ૭૮ રન બાદ મેન ઓફ ધ સિરીઝ તથા મેન ઓફ ધ મેચ બનેલી વાનિન્દુ હસરંગાની ત્રણ વિકેટની મદદથી શ્રીલંકાએ અહીંના ગદાફી સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી ટ્વેન્ટી૨૦ મેચમાં વિશ્વની પ્રથમ ક્રમાંકિત પાકિસ્તાનની ટીમને ૧૩ રનથી પરાજીત કરી ત્રણ મેચની શ્રેણીમાં યજમાન ટીમને ૩-૦થી ક્લીન સ્વિપ કરી હતી. શ્રીલંકાએ પ્રથમ ટી૨૦ ૬૪ રનથી તથા બીજી ૩૫ રનથી જીતી હતી. શ્રીલંકાયએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કરીને સાત વિકેટ ૧૪૭ રન બનાવ્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ છ વિકેટે ૧૩૪ હરન બનાવી શકી હતી. પાકિસ્તાનને વિજય માટે છેલ્લા ૩૦ બોલમાં ૫૪ રનની જરૂર હતી. સુકાની સરફરાઝ, ઈફ્તિખાર એહમદ તથા વહાબ રિયાઝે ૧૭-૧૭ રન બનાવ્યા હતા. શ્રીલંકા માટે હસરંગાએ ત્રણ, લાહિરુ કુમારાએ બે તથા રંજિતાએ એક વિકેટ હાંસલ કરી હતી. આ અગાઉ શ્રીલંકા માટે ફર્નાન્ડોએ ૪૮ બોલમાં આઠ બાઉન્ડ્રી તથા ત્રણ સિક્સરની મદદથી અણનમ ૭૬ રનની ઈનિંગ્સ રમી હતી.

# તમિલનાડુ, હરિયાણા અને મહારાષ્ટ્ર BCCIની ચૂંટણીમાં ભાગ નહીં લઈ શકે

નવી દિલ્હી : કમિટિ ઓફ એડમિનિસ્ટ્રેટર્સે તમિલનાડુ, હરિયાણા અને મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનોને બીસીસીઆઈની આગામી ચૂંટણી અને વાર્ષિક સાધારણ સભામાં ભાગ નહીં લેવા દેવાનો નિર્ણય લીધો છે. ત્રણેય સ્ટેટ એસોસિએશનોને સીઓએ (કમિટિ ઓફ એડમિનિસ્ટ્રેટર્સે)એ જણાવ્યું છે કે, તેમના બંધારણ સુપ્રીમ કોર્ટે મંજૂર કરેલા બીસીસીઆઈના બંધારણ અનુસારના ન હોવાથી તેમણે આ નિર્ણય લીધો છે. નોંધપાત્ર છે કે, બીસીસીઆઈના નવા હોદ્દેદારો માટેની ચૂંટણી તારીખ ૨૩મી ઓક્ટોબરે મુંબઈમાં યોજાનારી એજીએમ (વાર્ષિક સાધારણ સભા)માં યોજાવાની છે. વિનોદ



રાયની આગેવાની હેઠળના સીઓએ દ્વારા ત્રણેય સ્ટેટ એસોસિએશનોને તેમના બંધારણમાં રહેલી ખામીઓ મુદ્દા સર જણાવવામાં આવી હતી. તેમણે આ ખામીઓ દૂર કરવા માટે પણ જણાવ્યું હતુ. જોકે તેમ કરવામાં ન આવતા આ નિર્ણય લેવાયો હતો.દરમિયાનમાં તમિલનાડુ ક્રિકેટ એસોસિએશને આ અંગે તીખી પ્રતિક્રિયા વ્યક્ત કરતાં કહ્યું હતુ કે, સુપ્રીમ કોર્ટે સીઓએને એવો કોઈ અધિકાર આપ્યો નથી કે, જેનાથી તેઓ માત્ર સુપ્રીમના ચૂકાદા અનુસારનું બંધારણ ન હોવાના કારણે બીસીસીઆઈના સભ્યોને ગેરલાયક ઠેરવી શકે. હવે આ મામલો સુપ્રીમમાં જાય તેવી શક્યતા છે.

### વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ: અમેરિકાનો ૧૪ ગોલ્ડ મેડલ સાથે દબદબો

દોહા : કતારના દોહા ખાતે યોજાયેલી આઈએએએફ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની અમેરિકાના પ્રભુત્વ સાથે સમાપ્તિ થઈ છે. અમેરિકાએ સૌથી વધુ ૧૪ ગોલ્ડ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા હતા. ભાગ લઈ રહેલા અન્ય ૨૦૮ દેશ અમેરિકા કરતા અડધો-અડધ ગોલ્ડ મેડલ પણ જીતી શક્યા નહોતા. મેડલ ટેબલમાં પાંચ ગોલ્ડ સાથે કેન્યા બીજા, જમૈકા ૩ ગોલ્ડ સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું. અત્યારસુધી ૧૭ વખત યોજાયેલી આ ચેમ્પિયનશિપમાં ૧૩ વખત અમેરિકા જ મેડલ ટેબલમાં મોખરે રહ્યું છે. દર બે વર્ષે યોજાતી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં છેલ્લા ૨૦ વર્ષમાં અમેરિકા મેડલ ટેબલમાં મોખરે ના રહ્યું હોય તેવું માત્ર બે વખત બન્યું છે.

# પરંપરાનો અંત: ઈરાનમાં ૩૫૦૦ મહિલાઓએ સ્ટેડિયમમાં મેચ જોઈ

તેહરાન : ઈરાનમાં લગભગ છેલ્લા ૪૦ વર્ષથી ફૂટબોલ સહિત કોઈ પણ રમતમાં મહિલાઓને સ્ટેડિયમમાં જવાની કે બેસવાની પરવાનગી આપવામાં આવતી નહોતી, પરંતુ ઈરાનની સરકારે હવે આ પરંપરા ઉપર પૂર્ણવિરામ મૂકી દીધું છે. ફેડરેશન ઈન્ટરનેશનલ ફૂટબોલ એસોસિયેશનના (ફિફા) આદેશ બાદ તથા ગયા મહિને 'બ્લૂ ગર્લ'ના મોત બાદ ઈરાનની સરકારે મહિલાઓને સ્ટેડિયમમાં પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે. ઈરાન અને કોલંબિયાની ફૂટબોલ ટીમો વચ્ચે ગુરુવારે ફિફા વર્લ્ડ કપ ૨૦૨૨નો ક્વોલિફાયર મુકાબલો રમાશે. આ માટે સ્ટેડિયમમાં પ્રેક્ષકોની ક્ષમતા એક લાખની છે, પરંતુ સરકારે ૩૫૦૦ ટિકિટો મહિલાઓ માટે રાખી હતી જે ગણતરીના સમયમાં વેચાઈ ગઈ હતી. ૩૫૦૦ મહિલાઓમાં ઈરાનની એક મહિલા પત્રકારે પણ ટિકિટ લીધી છે. તેણે જણાવ્યું હતું કે ઈરાનમાં હવે મહિલાઓ ફૂટબોલ




જોઈ શકશે તે બાબત ઉપર હજુ પણ મને વિશ્વાસ થતો નથી. હવે હું આ મેચ જોવાની આઝાદીનો આનંદ માણીશ. ફિફાએ ગયા મહિને ઈરાન સરકારને મહિલાઓ ઉપર લાદવામાં આવેલા પ્રતિબંધને હટાવી લેવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ ઈરાન ફૂટબોલ એસોસિયેશને મહિલાઓ માટે ૩૫૦૦ ટિકિટો વેચાણમાં મૂકવા ઉપરાંત તેમના બેસવા માટે વિશેષ ત્રણ લાઈનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.


INDIA TOWN SUPERMARKET
FRESH FRUITS & VEGETABLES
Mukesh Patel
Bina Patel
60 Dundas Street(E), Unit 6
Mississauga, ON L6A 1W4
Phone : 905-273-4600
Indiatown_Mississauga@hotmail.com
Cereals - Spices Vegetables Dry Fruits Sweets Farshan
Saffron (Superior) $16.99/12pk $1.49/1gm
Toordal Madhi Malavi Dry & Wit $7.99/10lb
Wagh Bakari Tea $6.99/2lb
JIVRAJ TEA $6.99/2lb
INDIA GATE HARROOZ $5.99/8lb
INDIA GATE FEAST ROZZANA $7.99/8lb
CARDOMON SEED $12.99/400 GM
ANGUR TOORDAL $10.99/10lb
ANGUR TOORDAL (MALAVI) $8.99/7lb
MASOOR DAL $1.99/4lb
CHANA DAL & CHICKPEAS $2.99/4lb
MOONG DAL WHOLE MOONG URAD DAL $3.99/4lb
GIT'S SELECTED $0.99/PK
BLACK PAPPER $2.99/400gm
ALMOND $4.99/lb (BIG SIZE)
CASHEW FROM AFRICA $5.99/lb
TOORDAL DRY $3.99/4lb
PAPAD LIJJAT 3 for $1.00
CANOLO OIL NIRAV $19.99/16lt
KHAKHRA MANIYR'S $0.79/PK
THAKKAR PARATHA $0.99/EACH
ELITE SONA MASSORI $9.99/20lb
KASTURI SONA MASOORI $9.99/20lb
BESAN $2.99/4lb
LAXMI $8.99/20lb
DEEP WHOLE WHEAT ATTA $7.99/20lb
ROYAL CHAKKI AATA $7.99/20lb
MATHIA FAFADA SURATI $0.89/pk
PATRA FROZEN DEEP, SURATI $1.99/pk
MANGO PULP ALPHANSO (ASHOKA) $1.99/Tin
RED LABLE TEA $5.99/400gm
RED LABLE TEA BAG $4.99/216 bags
LAXMI CRYSTAL SONA MASOORI RICE $13.99/20lb
SPICES GLOBAL CHOICE CAMNIN CHILLI POWDER HALDI MUSTERD $1.99/400 gm
INDIAN SUGAR PURE CANE $5.99/10lb
POHA $3.99/4lb
SONA BASMATI RICE $3.49/Bag
BIGEN HAIR COLOR Reg. $3.99 $1.99/each
BALAJI WAFERS $0.99/170 gm REG $1.99
PARLE-G $0.69/300 gm
SWARNA ATTA $7.99/20lb
CINNAMON $2.99/400 GM BLAK

# યુનાઈટેડ નેશન્સમાં આર્થિક સંકટ, ફંડની અછત સર્જાશે

**•૧૯૩ સભ્ય દેશોએ આર્થિક મંદીનું કારણ ધરીને આ માગણીને ફગાવી દીધી હતી**

ન્યૂયોર્ક : વિશ્વભરમાં મંદીનો માહોલ છવાયો છે ત્યારે દુનિયાભરના દેશો જેના સભ્ય છે એવા સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ નાણાકીય સંકટ ઊભું થયું છે અને આ મહિનાના અંત સુધીમાં તેનો ખજાનો ખાલી થઈ જાય એવી આશંકા છે. યુનાઈટેડ નેશન્સના મહાસચિવ એન્ટોનિયો ગુતારેસે કહ્યું છે કે યુનાઈટેડ નેશન્સ પાસે ૨૩ કરોડ ડોલર (આશરે ૧,૬૦૦ કરોડ રૂપિયા)ના ફંડની અછત છે અને ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં રિઝર્વ કેશ ફન્ડ પણ ખાલી થઈ જશે. યુનાઈટેડ નેશન્સની કામગીરીને પાર પાડવા માટે તમામ સભ્ય દેશો દર વર્ષે એક ચોક્કસ રકમ ફાળવે છે. ૨૦૧૮-૧૯નું બજેટ ૫.૪ અબજ ડોલર છે. એમાં શાંતિ સ્થાપના સાથે સંકળાયેલાં કામ માટે થતો ખર્ચ સામેલ નથી. યુએનના બજેટમાં એકલા અમેરિકાનું યોગદાન ૨૨ ટકા છે. નાણાકીય સંકટને દૂર કરવા માટે મહાસચિવે સભ્ય દેશોને આ વર્ષની શરૂઆતમાં યોગદાનની રકમમાં વધારો કરવાનું સૂચન કર્યું હતું પણ ૧૯૩ સભ્ય દેશોએ આર્થિક મંદીનું કારણ ધરીને આ માગણીને ફગાવી દીધી હતી.

### સપ્ટેમ્બર મહિનામાં ૨૩ કરોડ ડોલરનું ભંડોળ ઓછું છે

મહાસચિવ એન્ટોનિયો ગુતારેસે તમામ સ્ટાફને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, સભ્ય દેશોએ ૨૦૧૮-૧૯ માટે અમારા નિયમિત બજેટ પૈકી માત્ર ૭૦ ટકા રકમ ચૂકવી છે. આના કારણે સપ્ટેમ્બર મહિનામાં યુનાઇટેડ નેશન્સ પાસે ૨૩ કરોડ ડોલરનું ભંડોળ ઓછું છે અને તેથી ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં અમારું રિઝર્વ ભંડોળ ખતમ થઈ જશે અને તેથી ખર્ચાઓ પર કાપ મૂકવાની જરૂર છે. ગુતારેસે ખર્ચમાં કાપ મૂકવા માટે સંમેલનો અને બેઠકોમાં કાપ મૂકવાનું સૂચન કર્યું છે. વીજળીમાં પણ બચત કરવા માટે સ્ટાફને કહી દેવામાં આવ્યું છે. જરૂર ન હોય ત્યાં યાત્રા ટાળવાની તાકીદ કરવામાં આવી છે. યુનાઇટેડ નેશન્સમાં ૩૭,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે અને હવે તેમને ખર્ચામાં કાપ મૂકવા જણાવાયું છે.

### શું કામ કરે છે યુએન?

યુદ્ધ રોકવા, માનવ અધિકારોની રક્ષા કરવા, સામાજિક અને આર્થિક વિકાસ સાથે જીવનનો સ્તર સુધારવા અને બીમારીઓ સામે લડવા માટે યુનાઇટેડ નેશન્સ કામ કરે છે પણ એના ૨૦૧૮-૧૯ના બજેટ માટે સભ્ય દેશોએ તેમના ફાળે આપવામાં આવતી રકમ આપી નહીં હોવાથી નાણાકીય મુશ્કેલી ઉભી થઈ છે.

### શા માટે આમ થયું?

૪ ઓક્ટોબરે ગુતારેસે તમામ મેમ્બર દેશોને પત્ર લખ્યો હતો અને એમાં જણાવ્યું હતું કે યુનાઇટેડ નેશન્સનું બજેટ ખોરવાઈ ગયું છે અને તેથી એના દ્વારા પૂરી પાડવામાં આવતી સર્વિસમાં પણ કાપ મૂકવી પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. જે સભ્ય દેશોએ તેમનું કોન્ટ્રિબ્યૂશન ચૂકવ્યું નથી એમના લીધે આ હાલત ઊભી થઈ છે.

## ફોર્ચ્યૂન મેગેઝીનની '૪૦ અંડર ૪૦' યાદી જાહેર કરી : બે ભારતીયોનો સમાવેશ થયો

**•ઈન્ટેલના વાઈસ પ્રેસિડેન્ટ અર્જુન બંસલ અને જિલિંગો ફેશન પ્લેટફોર્મના સીઈઓ અંકિતી બોઝનો સમાવેશ**





ન્યૂયોર્ક : દર વર્ષની માફક આ વર્ષે પણ પ્રખ્યાત અમેરિકી મેગેઝીન ફોર્ચ્યૂને '૪૦ અંડર ૪૦' યાદી જાહેર કરી છે. '૪૦ અંડર ૪૦' એટલે ઉદ્યોગ જગતમાં ૪૦ વર્ષની નીચેના ૪૦ પ્રભાવશાળી અને પ્રેરણાદાયી લોકોની યાદી. આ વર્ષની યાદીમાં બે ભારતીયોને પણ સ્થાન મળ્યું છે. ઈન્ટેલ(એઆઈ સોફ્ટવેર અને એઆઈ લેબ)ના વાઈસ પ્રેસિડેંટ અર્જુન બંસલ અને જિલિંગો ફેશન પ્લેટફોર્મના સીઈઓ અને સહ સ્થાપક અંકિતી બોઝે આ યાદીમાં સ્થાન મેળવ્યું છે. ગયા વર્ષે આ યાદીમાં કુલ ચાર ભારતીય સામેલ હતાં, જેમાંથી ત્રણ તો મહિલાઓ હતી.

મેગેઝીનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ૩૫ વર્ષિય અર્જુન બંસલની ટિમમાં અંદાજે ૧૦૦ જેટલા કર્મચારીઓ છે, જે અમેરિકા, ઈઝરાયેલ અને પોલેન્ડમાં ફેલાયેલા છે. જ્યાં રહીને તેઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીને વધારે સારી રીતે વિકસાવાના પ્રયત્નો કરે છે. બંસલની આ ટિમ ઈન્ટેલની સિલિકોન ચિપ આધુનિક આર્ટિફિશિય ઈન્ટલિજેંસના સોફ્ટવેર સાથે કામ કરી શકે તે માટે સતત પ્રયાસ કરે છે. ઉલ્લેખનીય છે કે નિર્વાણા એ ઈન્ટેલ સાથે જોડાયેલો એક મહત્વપૂર્ણ એઆઈ પ્રોજેક્ટ છે. અર્જુન બંસલ નિર્વાણાના સહ સ્થાપક પણ છે.

## અમેરિકન ઈતિહાસનો સૌથી મોટો કિલર : ૯૩ હત્યાની કબૂલાત કરી

વોશિંગ્ટન : અમેરિકાના ૭૯ વર્ષીય સીરિયલ કિલરે ૫૦થી પણ વધારે લોકોની હત્યા કરી છે. સૈમ્યુલ લિટિલ નામના આ આરોપીએ ૯૩ હત્યા કરી હોવાનું કબૂલ્યું છે અને મૃતકોમાં મોટા ભાગની મહિલાઓ હતી. તેણે આ તમામ હત્યાઓ ૧૯૭૦થી ૨૦૦૫ દરમિયાન ઔકરી હતી. અમેરિકાની તપાસ એજન્સીએ ૭૯ વર્ષના સીરિયલ કિલરે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૫૦ લોકોની હત્યા કરી હોવાનો ખુલાસો કર્યો છે. સૈમ્યુલ લિટિલ નામનો આ આરોપી અમેરિકન ઈતિહાસના સૌથી મોટા સીરિયલ કિલર તરીકે ઉભરી આવ્યો છે અને સંઘીય તપાસ બ્યુરો(એફબીઆઈ)ના કહેવા પ્રમાણે તેણે ૯૩ લોકોની હત્યા કરી હોવાનું કબૂલ્યું છે. ૧૯૭૦થી ૨૦૦૫ દરમિયાન તેણે આ તમામ હત્યાઓ કરી હતી અને મૃતકોમાં મોટા ભાગની મહિલાઓ સામેલ હતી. હાલમાં તપાસ કરનારાઓ હત્યા સાથે સંકળાયેલા પુરાવાઓના આધારે માત્ર ૫૦ હત્યાની પુષ્ટિ કરી શક્યા છે પરંતુ તેમણે લિટિલે જેટલી હત્યાની કબૂલાત કરી તે આંકડા અંગે વિશ્વાસ દર્શાવ્યો હતો. એફબીઆઈ દ્વારા એક વેબસાઈટ પણ બનાવવામાં આવી છે. તેમાં અજ્ઞાત હત્યાઓના વીડિયોટેપેડ બતાવતા સ્કેચિસ દર્શાવાયા છે અને તે સ્કેચિસ લિટિલ દ્વારા જ બનાવવામાં આવ્યા છે.

## અમેરિકામાં પ્રવેશ જોઈતો હોય તો 'હેલ્થકેર કવર' ફરજિયાત : ટ્રમ્પ

**•ઈમીગ્રેશનના નવા નિયમોથી ૨૩૦૦૦ ભારતીયો મુશ્કેલીમાં વધારો થયો**

વોશિંગ્ટન : અમેરિકામાં હવે એવા ઈમિગ્રન્ટ્સને પ્રવેશ નહીં મળે જે સ્વાસ્થ્ય વીમો ધરાવતા ન હોય આથવા પોતાના મેડિકલ ખર્ચનો બોજ પોતે જ વહન કરી શકતા ન હોય. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રન્ટ્સ (વસાહતીઓ) અંગેના આ નવા નિયમ પર શુક્રવારે હસ્તાક્ષર કરી દીધા છે. આ નવા નિયમનો અમલ ૩જી નવેમ્બરથી થઈ જશે તેમ અમેરિકન તંત્ર દ્વારા જણાવાયું છે. જોકે, નવો નિયમ અમેરિકામાં રહેતા 'શરણાર્થીઓ' અને અમેરિકન એમ્પ્લોયર દ્વારા સ્પોન્સર્ડ એચ-૧બી વીસા ધારકોની ગ્રીન કાર્ડ અરજીઓ પર નહીં પડે. નવા નિયમની અસર પરિવારની વ્યક્તિને સ્પોન્સર કરવા માગતા અમેરિકન ઈમિગ્રન્ટ્સની અરજી પર પડી શકે છે. એક અંદાજ મુજબ ટ્રમ્પ સરકારના નવા નિયમની અસર અંદાજે ૨૩,૦૦૦થી વધુ ભારતીયો પર પડવાની શક્યતા છે.

અમેરિકામાં પ્રવેશ કર્યાના ૩૦ દિવસની અંદર ઈમિગ્રન્ટ્સ પાસે સ્વાસ્થ્ય વીમો હોવો આથવા પોતાના મેડિકલ ખર્ચનું કવચ હોવું અનિવાર્ય છે.

## અમેરિકાએ સેના હટાવતા તુર્કીના સિરિયા પર હવાઈ હુમલા શરૂ, ભારતે નિંદા કરી

અંકારા : અમેરિકાની સેનાને ખસેડવામાં આવ્યા બાદ તરત જ તુર્કીએ પોતાના પડોશી દેશ સિરિયામાં હવાઈ હુમલા શરૂ કર્યા હતા. આમા સામાન્ય લોકોના મોત થયા હોવાના અહેવાલ પણ મળ્યા છે. જો કે, તુર્કીએ દાવો કર્યો છે કે, તેના દ્વારા કુર્દ બળો અને ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્રાસવાદીઓ પર હવાઈ હુમલા કરવામાં આવ્યા છે. તુર્કી કુર્દ લડવૈયાઓને ત્રાસવાદી તરીકે ગણે છે. બીજી બાજુ તુર્કીના એકતરફી નિર્ણયના કારણે ભારતે પણ ચિંતા વ્યક્ત કરી છે. સાથે સાથે એવી અપીલ પણ કરી છે કે, તે સિરિયાની ક્ષેત્રિય અખંડતાનું સન્માન કરે તે ખુબ જરૂરી છે. ભારતનું કહેવું છે કે, તુર્કીના આ પગલાથી ક્ષેત્રિય સ્થિરતાને નુકસાન થશે. ભારતે કહ્યું છે કે, આ અભિયાનથી આતંકવાદ સામેની લડાઈ નબળી પડશે. કાશ્મીર પર તુર્કીની ભાષા બોલી રહેલા પાકિસ્તાન અને તુર્કીની હવે ભારતે જોરદાર ઝાટકણી કાઢી છે. કાશ્મીર પર તુર્કી પાકિસ્તાનની ભાષામાં વાત કરી રહ્યું હતું ત્યારે હવે ભારતે પણ તુર્કીની જોરદાર ઝાટકણી કાઢીને તેને યોગ્ય જવાબ આપી દીધો છે. સિરિયામાં તુર્કીના હવાઈ હુમલાને લઈને અમેરિકાએ પણ ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલય દ્વારા નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું છે કે, અમે પૂર્વોત્તર સિરિયામાં તુર્કીના એકતરફી હવાઈ હુમલાની નિંદા કરીએ છીએ. તુર્કીના આ પગલાથી સ્થિરતા અને આતંકવાદની સામે લડાઈ નબળી પડશે. આ પગલાથી માનવીય સંકટ પણ સર્જાવવાના સંકટ દેખાઈ રહ્યા છે. સિરિયાની ક્ષેત્રિય અખંડતાને જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. વાતચીત અને ચર્ચાના માધ્યમથી મુદ્દાને શાંતિપૂર્ણરીતે ઉકેલવાની જરૂર દેખાઈ રહી છે.

## હોંગકોંગમાં માસ્કના પ્રતિબંધ સામે હજારો લોકો રસ્તા પર ઉતર્યાં, હિંસા ફાટી નીકળી

**•માસ્ક પ્રતિબંધને પડકારતી અરજીને કોર્ટે ફગાવી દીધી હતી, લોકો પર પોલીસે ટીયરગેસ છોડયા : ટોળાંએ આગ લગાડી**



હોંગકોંગ : હોંગકોંગમાં દેખાવકારો પર માસ્ક પહેરવા પર લગાડવામાં આવેલા પ્રતિબંધની સામે આજે પણ હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા, પરિણામે પોલીસને ટીયરગેસ છોડવાની ફરજ પડી હતી અને દેખાવકારોએ આખા શહેરમાં અનેક જગ્યાએ તોડફોડ કરી હતી. વિકટોરિયા હાર્બરની બંને બાજુ મંજૂરી વગરનો પરંતુ શાંત દેખાવ કરવા જંગી સંખ્યામાં લોકો વરસતા વરસાદમાં પણ કુચ કરી ગયા હતા અને જાહેર જગ્યાએ તેમજ દેખાવ વખતે સરકારે લાદેલા માસ્ક પ્રતિબંધને વખોડી કાઢ્યો હતો. પોલીસે ટીયરગેસ છોડી દેખાવકારોને વિખેરવાનો પ્રયાસ કરતાં હિંસા ફાટી નીકળી હતી. ત્યાર પછી અનેક જગ્યાએ દેખાવકારો અને પોલીસ વચ્ચે અથડામણો સર્જાઈ હતી જેના કારણે ફાઈનાન્શીયલ હબ મનાતા વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો.

## હીરાની અંદર બીજો હીરો મળી આવ્યો, કુદરતની અનોખી રચના



સાઈબેરિયા : રશિયાના સાઈબેરિયા પ્રાંતની એક ખાણમાંથી અમૂલ્ય ગણાતા અને ૮૦ કરોડ વર્ષ કરતા વધારે જૂના ગણાતા હીરામાંથી હીરો મળ્યો છે. રશિયન ખાણ કંપની અલરોસા પીજેએસસીના ખોદકામ દરમિયાન આ અમૂલ્ય ગણાતો હીરો મળી આવ્યો હતો. આ હીરોને રશિયાની પરંપરાગત બેબી ડોલી મૈટ્રિઓશકા જેવો છે, મૈટ્રિઓશકાની અંદર મોટી ઢીંગલીની અંદર નાની ઢીંગલી હોય છે. મૈટ્રિઓશકા હીરાનું વજન ૦.૬૨ કેરેટ છે અને તેની અંદરના હીરાનું વજન ૦.૦૨ કેરેટ છે. અલરોસાના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ જિયોલોજિકલ એન્ટપ્રાઈસના ડિરેક્ટર ઓલેગ કોવલચુકે જણાવ્યું કે જ્યાં સુધી અમને ખબર છે ત્યાં સુધી વિશ્વના હીરા ઈતિહાસમાં અત્યાર સુધી આવો હીરો મળ્યો નથી. આ હીરોની શોધ કુદરતની એક અનોખી રચના છે.

# PANCHVATI SUPERMARKET

www.panchvatisupermarket.ca

## Ajax

18, Harwood Ave.
South, Ajax, ON






**FRESH ROTIS**
Available Everyday

દિવાળી સેલ

Diwali Sale Started in all Locations, visit Store for Flyer



***Call us today for all your Real Estate Needs***
***With Honest Reliable and Courteous Service***

**3642 Kingston Rd**




**$549,900**
**TYPE: Condo Townhouse**
**BDRM: 4 BATH: 2**
**INFO :** A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers

**1177 Pure Spring Blvd**




**$549,999**
**TYPE: Other**
**BDRM: 2 BATH: 3**
**INFO :** Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen

**25 Heron Park Pl**




**$561,000**
**TYPE: Condo Townhouse**
**BDRM: 3 BATH: 3**
**INFO :** Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School .

**12 Silverwood Circ**




**$599,900**
**TYPE: Att/Row/Twnhouse**
**BDRM: 3 BATH: 3**
**INFO :** Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms

**19 Rosebank Dr**




**$629,900**
**TYPE: Condo Townhouse**
**BDRM: 4 BATH: 3**
**INFO :** Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted

**192B Magnolia Ave**




**$899,000**
**TYPE: Detached**
**BDRM: 3 BATH: 4**
**INFO :** Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)



**PIYUSH JARIWALA**
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com



**MAYUR MISTRY**
Sales Representative
647.829.4965
www.mayurmistry.com



**JAINIK JARIWALA**
Sales Representative
416.206.6115

Designed by Swadesh- Gujarati News Paper

Residential Commercial Financing
416-289-2155

2100 Ellesmere Rd, Unit 116,
Toronto, ON. M1H 3B7

Century 21 Titans Realty Inc. Brokerage

**Our Listing Commission As Low As 1%***

Not Intended to Solicit those, currently under agency contract



# Continental MOTORS

O: 647-351-7692
C: 416-575-1277

## LASER ALIGNMENT




THIS MONTH ONLY
**Synthetic Oil Change $49.99** Most Cars

THIS MONTH ONLY
**Oil Change $24.99** Most Cars

- Computer Diagnosis
- Wheel Balancing
- Alternater & Starter
- Steering & Suspension
- Oil Changes
- Brakes & Tires
- Safety
- Tune Up
- Muffler



We do Body Work, Painting & Insurance Jobs

**650 Markham Road, Scarborough**
(NW Corner, Markham Rd & Lawrence, Beside SHELL Gas Station)
Working Hours: Mon.-Fri. 9:00 am to 6:00 pm, Sat. 9:00 am to 4:00 pm

# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dr. Salim Kapadia DDS

Dental Centre

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.

FREE LASER WHITENING

- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request

# CLUB CERAMIC


Lapoto Finish


Glossy Finish


Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3501-03 Rue Griffith, Saint Laurent, QC H4T 1W5
Phone: +1-514-813-3850 / +1-514-261-7794

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com